અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ જુલાઈ ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ વદ ૭ | અંક : ૧૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સરકારે ગ્રીન એનર્જીમાં રોકાણ માટે ૭૦૦૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા

## પીએમ ધન-ધાન્ય કૃષિ યોજના માટે ૨૪ હજાર કરોડની મંજૂરી

### આ યોજના તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવશે : આ યોજના હેઠળ, પાક વૈવિધ્યકરણ, ટકાઉ, આબોહવા-સ્થિતિસ્થાપક ખેતી પર ધ્યાન કેન્દ્રિત કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

આજે બુધવારે મોદી સરકારની કેબિનેટ બેઠકમાં ત્રણ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાંથી એક ખેડૂતોના હિતમાં નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં આજે કેબિનેટ બેઠકમાં ૨૪,૦૦૦ કરોડ રૂપિયાના વાર્ષિક ખર્ચ સાથે પીએમ ધન-ધાન્ય કૃષિ યોજનાને મંજૂરી આપી છે. જેમાં ૩૬ યોજનાઓનો સમાવેશ કરવામાં આવશે. તેમજ સરકારે ગ્રીન એનર્જીમાં રોકાણ માટે NLCIL(NLC India Limited) ને ૭,૦૦૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ ઉપરાંત શુભાંશુ શુક્લાના અંતરિક્ષ મિશન બાદ ભારતે પોતાનું અંતરિક્ષ મથક બનાવવા તરફ વધુ એક પગલું આગળ વધાર્યું છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૫-૨૬ માં, નાણામંત્રી નિર્મલા સીતારમણે કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે પીએમ ધન-ધાન્ય કૃષિ યોજનાની જાહેરાત કરી હતી, જેને હવે મંત્રીમંડળની મંજૂરી મળી ગઈ છે. આ યોજના હેઠળ, કૃષિ જિલ્લાઓનો વિકાસ કરવામાં આવશે. આ યોજના ઓછી ઉત્પાદકતા, પાકનું ઓછું વાવેતર અને સરેરાશથી ઓછી લોન ઉપલબ્ધતા ધરાવતા ૧૦૦ જિલ્લાઓને લક્ષ્ય બનાવશે.ભારતીય કૃષિને આધુનિક બનાવવા માટે બહુપક્ષીય અભિગમ સાથે આ યોજના તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવશે. આ યોજના હેઠળ, પાક વૈવિધ્યકરણ, ટકાઉ અને આબોહવા-સ્થિતિસ્થાપક ખેતી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ ઉપરાંત, લણણી પછીની સંગ્રહ ક્ષમતા વધારવા અને ટેકનોલોજી સુધારવા પર પણ ભાર મૂકવામાં આવશે. કેબિનેટે સૌર, પવન અને ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ્સમાં રોકાણ વધારવા માટે NTPC ની પેટાકંપની NTPC ગ્રીન એનર્જી લિમિટેડમાં રૂ. ૨૦,૦૦૦ કરોડના ઈક્વિટી રોકાણને મંજૂરી આપી છે. અત્યાર સુધીમાં, NTPC એ NGEL માં રૂ. ૭,૫૦૦ કરોડનું રોકાણ કર્યું છે. ગ્રીન એનર્જી પોર્ટફોલિયોમાં હાલમાં 6 GW કાર્યકારી ક્ષમતા અને ૨૬ GW બાંધકામ હેઠળની ક્ષમતાનો સમાવેશ થાય છે. ૨૦૩૨ સુધીમાં તેને 60 GW સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે. આ અંગે અશ્વિની વૈષ્ણવેએ પણ સ્પષ્ટ કર્યું કે, કેબિનેટે NTPC અને NLC ને આ ભંડોળ એકત્ર કરવા માટે મંજૂરી આપી છે. સરકારે તેના ઉર્જા ક્ષેત્રને વિસ્તૃત કરવા માટે રૂ. ૭,૦૦૦ કરોડના પેકેજને મંજૂરી આપી છે. આ રોકાણ NLC ઈન્ડિયા રિન્યુએબલ્સ લિમિટેડ (NIRL) ને ટેકો પૂરો પાડશે, જે નેવેલી લિગ્નાઈટ કોર્પોરેશન (NLC) ની સંપૂર્ણ માલિકીની શાખા છે. આ યોજના હેઠળ, રૂ. ૬,૨૬૩ કરોડની નવીનીકરણીય ઉર્જા સંપત્તિ NLC માંથી NIRL માં ટ્રાન્સફર કરવામાં આવશે. મંત્રીમંડળની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આજે કેન્દ્રીય મંત્રીમંડળે ISS (આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ મથક) માંથી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાના પરત ફરવા અંગે ઠરાવ પસાર કર્યો છે.

### રશિયા સાથે વેપાર મોંઘો પડશે

## ભારત, ચીન સહિત ૩ દેશોને NATO ચીફે ધમકાવ્યાં

### રુટે કહ્યું કે જો તમે બેઈજિંગ, દિલ્હી કે બ્રાઝિલમાં રહો છો કે પછી ત્યાંના રાષ્ટ્રપ્રમુખ છો તો સાવચેત થઇ જાઓ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।



નાટોના મહાસચિવ માર્ક રુટે બુધવારે કડક શબ્દોમાં ચેતવણી ઉચ્ચારતાં કહ્યું કે બ્રાઝિલ, ચીન અને ભારત જેવા દેશ રશિયા સાથે વેપાર કરવાનું ચાલુ રાખશે તો તેમના પર ભારે ભરખમ સેકન્ડરી સેક્શન લગાવવામાં આવશે. આ નિવેદન તેમણે અમેરિકન કોંગ્રેસના સાંસદ સાથેની મુલાકાત દરમિયાન આપ્યું હતું. એ જ સમયે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાની નિકાસને ખરીદનારા દેશો સામે ૧૦૦% ટેરિફની ધમકી ઉચ્ચારી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે જો ૫૦ દિવસોમાં પુતિન શાંતિ સમજૂતી નહીં કરે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. રુટે કહ્યું કે જો તમે બેઈજિંગ, દિલ્હી કે બ્રાઝિલમાં રહો છો કે પછી ત્યાંના રાષ્ટ્રપ્રમુખ છો તો સાવચેત થઈ જાઓ. આ પ્રતિબંધ તમને મોટું નુકસાન પહોંચાડી શકે છે. તેમણે ભારતના પીએમ મોદી સહિત ચીન અને બ્રાઝિલના પ્રમુખને પણ ધમકાવતા કહ્યું કે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનને ફોન કોલ કરો અને શાંતિ મંત્રણા માટે ગંભીર થવા કહો, નહીંતર તેના કારણે તમારે પણ ભોગવવાનો વારો આવશે. રુટે કહ્યું કે યુરોપ યુક્રેનને શાંતિ મંત્રણામાં મજબૂત સ્થિતિમાં લાવવા માટે ફન્ડિંગ કરશે. ટ્રમ્પ સાથે સમજૂતી હેઠળ અમેરિકા હવે યુક્રેનને મોટાપાયે હથિયાર આપશે જેમાં એર ડિફેન્સ, મિસાઈલ અને ગોળા બારુદ સામેલ છે જેનો ખર્ચ યુરોપ ભોગવશે.

## ન્યૂઝ બ્રિફ

### હિમાચલ પ્રદેશમાં વરસાદે કહેર વર્તાવ્યો, ૧૦૦૦ કરોડનું નુકસાન

। (એજન્સી) શિમલા, તા.૧૬ ।

હિમાચલ પ્રદેશમાં મંગળવારે શિમલા, બિલાસપુર અને સોલનમાં અનેક જગ્યાએ ભારે વરસાદ જોવા મળ્યો હતો. હવમાન વિભાગે ચંબા, કાંગડા, મંડી અને સિરમૌર જિલ્લામાં અમુક સ્થાન પર વાવાઝોડા સાથે ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું હતું. હવામાન વિભાગ અનુસાર, ૨૧ જુલાઈ સુધી વરસાદથી રાહત મળવાની આશા નથી. રાજ્યમાં વિવિધ સ્થળોએ ભારે વરસાદનો ક્રમ ચાલુ રહેશે. વરસાદને કારણે રાજ્યમાં મહત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસમાં ઘટાડો નોંધાયો છે. રાજ્યમાં સૌથી વધુ તાપમાન ઉના અને ધૌલાકુઆંમાં ૩૨.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ(SDMA)ના જણાવ્યા અનુસાર, ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદને કારણે જાન-માલને ભારે નુકસાન થયું હતું.

### ભૂતકાળના હથિયારોની મદદથી વર્તમાનના યુદ્ધ જીતવા મુશ્કેલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે ભારતની સંરક્ષણ ક્ષમતાઓનું આધુનિકીકરણ કરવાની જરૂરિયાત દર્શાવી છે. તેમણે કહ્યું કે, આજના યુદ્ધ આવતીકાલની ટેક્નોલોજીની મદદથી લડી શકાય, પરંતુ ભૂતકાળના સાધનો વડે નહીં. યુએવી એન્ડ કાઉન્ટર-અનમેન્ડ એરિયલ સિસ્ટમ્સ (C-UAS)ના સ્વદેશીકરણ પર આયોજિત વર્કશોપમાં સીડીએસે વર્તમાન યુદ્ધમાં અદ્યતન ટેક્નોલોજીના વધતાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે, જૂના-ભૂતકાળના શસ્ત્રોની મદદથી આજનું યુદ્ધ લડી શકાય નહીં. ભારતે તેના વ્યૂહાત્મક મિશનો માટે વિદેશી ટેક્નોલોજી પરની નિર્ભરતા ઘટાડવાની જરૂર છે. કારણકે, આયાતિત ટેક્નોલોજી તમારી યુદ્ધ રણનીતિને નબળી બનાવે છે.

### આ સત્ર ૨૧ જુલાઈથી શરૂ થશે

## ચોમાસુ સત્રમાં કુલ ૮ નવા બિલ રજૂ કરવા અને પસાર કરવાની તૈયારી

### કર, શિક્ષણ, રમતગમત અને ખનીજ નીતિ જેવા ક્ષેત્રોને લગતા બિલનો આ ચોમાસુ સત્રમાં સમાવેશ થાય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

કેન્દ્ર સરકાર આગામી ચોમાસુ સત્રમાં કુલ ૮ નવા બિલ રજૂ કરવા અને પસાર કરવાની તૈયારી કરી રહી છે. આ સત્ર ૨૧ જુલાઈથી શરુ થશે અને હવે ૧૯ ઑગસ્ટ સુધી ચાલશે. અગાઉ ચોમાસું સત્ર ૧૨ ઑગસ્ટ સુધી ચાલવાનું હતું, જેને બાદમાં એક અઠવાડિયા માટે લંબાવવામાં આવ્યું છે. લોકસભા સચિવાલયે જે મુખ્ય બિલો વિશે માહિતી આપી છે તેમાં કર, શિક્ષણ, રમતગમત અને ખનીજ નીતિ જેવા ક્ષેત્રોને લગતા બિલનો સમાવેશ થાય છે.

મોનસૂન સત્રમાં કેન્દ્ર સરકાર લોકસભામાં આ બિલો રજૂ કરે અને પસાર કરે તેવી અપેક્ષા છે

● મણિપુર GST (સુધારા) બિલ, ૨૦૨૫ ● જાહેર ટ્રસ્ટ (જોગવાઈઓમાં સુધારો) બિલ, ૨૦૨૫ ● ભારતીય વ્યવસ્થાપન સંસ્થા (સુધારા) બિલ, ૨૦૨૫ ● કરવેરા કાયદા (સુધારા) બિલ, ૨૦૨૫ ● ભૌગોલિક વારસા સ્થળો અને ભૂ-અવશેષો (સંરક્ષણ અને જાળવણી) બિલ, ૨૦૨૫ ● ખાણ (વિકાસ અને નિયમન) સુધારા બિલ, ૨૦૨૫ ● રાષ્ટ્રીય રમતગમત વહીવટ બિલ, ૨૦૨૫ ● રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી (સુધારા) બિલ, ૨૦૨૫



આ બિલ લોકસભામાં પસાર થવાની અપેક્ષા છે

● ગોવા રાજ્યના વિધાનસભા મતવિસ્તારોમાં અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિત્વનું પુનર્ગઠન બિલ, ૨૦૨૪ ● વેપારી શિપિંગ બિલ, ૨૦૨૪ ● ભારતીય બંદરો બિલ, ૨૦૨૫ ● આવક વેરા બિલ, ૨૦૨૫

કેન્દ્રીય સંસદીય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈ, ૨૦૨૫ના રોજ શરુ થશે અને ૧૨ ઑગસ્ટના રોજ સમાપ્ત થશે. જોકે, અગાઉ ૧૨ ઑગસ્ટે સત્ર પૂરું થવાનું હતું, પરંતુ હવે તેને એક અઠવાડિયા માટે લંબાવવામાં આવ્યું છે. ત્રણ મહિનાથી વધુના વિરામ બાદ રાજ્યસભા અને લોકસભા બંનેની બેઠક ૨૧ જુલાઈના રોજ સવારે ૧૧ વાગ્યે મળશે. આ પહેલાં, ૨૦૨૫નું પહેલું સંસદ સત્ર, એટલે કે બજેટ સત્ર ૩૧ જાન્યુઆરીએ શરુ થયું હતું અને ૪ એપ્રિલે સમાપ્ત થયું હતું, જ્યારે બંને ગૃહોને અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યા હતા.

ધારાસભ્યોને સંસદના આગામી ચોમાસુ સત્રના કાર્યક્રમ અને કામકાજના દિવસો વિશે ખાસ કરીને મેમ્બર્સ પોર્ટલ દ્વારા સમન્સ મોકલીને જાણ કરવામાં આવી હતી.

### હવે સ્કૂલોમાં ભણાવવામાં આવશે રામાયણ અને ગીતા

। દહેરાદુન, તા.૧૬ ।

ઉત્તરાખંડની શાળાઓમાં બાળકોના અભ્યાસક્રમમાં કેટલાક ફેરફારો કરવામાં આવશે. આ માટે એક સૂચના જારી કરવામાં આવી છે. એવું કહેવામાં આવ્યું હતું કે હવેથી શાળાઓમાં ભગવદ ગીતા અને રામાયણ પણ ભણાવવામાં આવશે. આ માહિતી ઉત્તરાખંડના શિક્ષણ મંત્રી ધન સિંહ રાવતે આપી છે. તેમણે જણાવ્યું હતું કે આ સૂચના લગભગ ૧૭,૦૦૦ સરકારી શાળાઓ માટે જારી કરવામાં આવી છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ સવારની પ્રાર્થના દરમિયાન શ્લોકોનું પાઠ કરશે. ઉત્તરાખંડની શાળાઓના અભ્યાસક્રમમાં ફેરફારનું કામ NCERT ને સોંપવામાં આવ્યું છે. આ માટે, શિક્ષણ વિભાગે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી સાથે પણ બેઠક યોજી છે.

### પટના એરપોર્ટ પર એક મોટી દુર્ઘટના ટળી ગઈ

## ઈન્ડિગોની ફ્લાઈટ લેન્ડિંગ બાદ ફરી ઉડી, ૧૭૪ મુસાફરો બચ્યાં!

**પાયલોટે સતર્કતા દાખવી અને વિમાનને તાત્કાલિક ઉડાન ભરાવી દીધું, જેનાથી વિમાનમાં સવાર મુસાફરો બચ્યા**

। (એજન્સી) પટના, તા.૧૬ ।




પટના એરપોર્ટ પર દિલ્હીથી પટના આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ લેન્ડ થઈ. લેન્ડિંગ દરમિયાન તે રન-વેને સ્પર્શી ગઈ. પછી અચાનક વિમાન ફરી ઉડાન ભરી ગયું. પટના એરપોર્ટ પર અમદાવાદ વિમાન દુર્ઘટના જેવી મોટી દુર્ઘટના ટળી ગઈ. દિલ્હીથી પટના આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ એરપોર્ટ પર લેન્ડિંગ કર્યા પછી અચાનક રન-વેને સ્પર્શી ગઈ અને પછી ફરીથી ઉડાન ભરી. આ સમય દરમિયાન લગભગ ૧૭૪ મુસાફરોના શ્વાસ થોડા સમય માટે અટકી ગયા. આ પછી ૩-૪ રાઉન્ડ કર્યા પછી વિમાન સુરક્ષિત રીતે ઉતર્યું, પછી લોકોએ રાહતનો શ્વાસ લીધો. પાયલોટે જાહેરાત કરી કે કોઈ કટોકટી નથી અને અમે ઉતરાણ પછી ઉડાન ભરી છે. અમે ૫ મિનિટ પછી ફરીથી ઉતરાણ કરવાનો પ્રયાસ કરીશું. લગભગ ૧૦ મિનિટ પછી પાયલોટે વિમાનને એરપોર્ટ પર ઉતાર્યું. ત્યારબાદ મુસાફરોએ રાહત અનુભવી. આ સમગ્ર ઘટના પાછળનું કારણ પટના એરપોર્ટનો ટૂંકો રન-વે હોવાનું કહેવાય છે. પાયલોટે એરપોર્ટ પર રનવે પર ફ્લાઈટ લેન્ડ કરાવી હતી. જેમાં પાઈલટને ખબર પડી કે ફ્લાઈટ થોડી વધુ દૂર લેન્ડ થઈ ગઈ છે. તે એરપોર્ટના રનવેથી આગળ જઈ શકે છે અને તેનાથી તેને ભયનો અહેસાસ થયો હતો. ત્યારબાદ પાયલોટે તરત જ ફ્લાઈટ ઉપાડી લીધી.

## પાકિસ્તાની સરકારે ફરી ફોડ્યો મોંઘવારીનો બોમ્બ

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૬ ।

લાંબા સમયથી આર્થિક સંકટ સાથે ઝઝૂમી રહેલા પાકિસ્તાનને આઈએમએફથી માંડી વર્લ્ડ બેન્ક પાસેથી મોટાપાયે ફંડ મળી રહ્યું હોવા છતાં મોંઘવારી પર કાબૂ મેળવાયો નથી. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ફરી એકવાર મોંઘવારીનો બોમ્બ ફોડતાં પ્રજા ત્રાહિમામ બની છે. ત્યાં પેટ્રોલ અને હાઈ સ્પીડ ડિઝલના ભાવોમાં વધારો કરવામાં આવ્યો છે. આ વધારો બુધવારથી લાગુ થયો છે. પાકિસ્તાનના નાણા વિભાગે મંગળવારે મોડી રાત્રે નોટિફિકેશન જાહેર કરી પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો લાગુ કતર્યો છે. જેમાં પેટ્રોલના ભાવમાં લીટરદીઠ રૂ. ૫.૩૬ (PKR)નો વધારો કર્યો છે. જ્યારે હાઈ સ્પીડ ડીઝલના ભાવમાં રૂ. ૧૧.૩૭ પ્રતિ લીટર વધારો લાગુ કર્યો છે. આ વધારા બાદ દેશમાં પેટ્રોલનો ભાવ રૂ. ૨૬૬.૭૯થી વધી ૨૭૨.૧૫ પ્રતિ લીટર થયો છે. જ્યારે હાઈ-સ્પીડ ડીઝલનો ભાવ રૂ. ૨૭૨.૯૮થી વધી ૨૮૪.૩૫ પ્રતિ લીટર થયો છે. પાકિસ્તાનની સરકારે પેટ્રોલ-ડીઝલના ભાવમાં સંશોધન કર્યા બાદ નવા સુધારાઓ ૧૬ જુલાઈથી આગામી ૧૫ દિવસ સુધી તાત્કાલિક ધોરણે લાગુ કર્યા છે.

## આજથી તત્કાલ ટિકિટ બુકિંગનો નવો નિયમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

IRCTC એ Tatkal ટિકિટ બુકિંગમાં મોટો ફેરફાર કર્યો છે, જે આજથી લાગુ થઈ રહ્યો છે. હવે તત્કાલ ટિકિટ બુક કરવા માટે આધાર સાથે લિંક કરેલ મોબાઈલ નંબર ફરજિયાત રહેશે, જેના પર OTP આવશે. જો તમે IRCTC એકાઉન્ટને તમારા આધાર સાથે લિંક નહીં કરાવ્યું હોય તો, તમે આજથી તત્કાલ ટિકિટ બુક કરી શકશો નહીં. ભારતીય રેલવે વિભાગે મુસાફરો માટે નવા નિયમો પણ લાગુ કર્યા છે. હવે તત્કાલ ટિકિટ બુક કરવા માટે આધાર વેરિફિકેશન જરૂરી રહેશે. ઉપરાંત ૧૫મી જુલાઈથી, ટિકિટ બુકિંગ (ઓનલાઈન અથવા ઓફલાઈન) માટે ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન લાગુ થશે, જેમાં તમારા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર OTP આવશે. જે બાદ તમે તત્કાલ ટિકિટ બુક કરાવી શકશો. IRCTCના આ નવા નિયમથી તત્કાલ ટિકિટ બુકિંગ પ્રક્રિયામાં પારદર્શિતા આવશે. તેમજ એજન્ટો દ્વારા થતો દુરુપયોગ રોકાશે અને મુસાફરોની ઓળખની પુષ્ટિ થશે. પેહલા મોટાભાગે એજન્ટો Bulkમાં ટિકિટ બુક કરી લેતા હતા, જેથી સામાન્ય નાગરિકોને ટિકિટ નહોતી મળતી.

### વિરાટને ટેસ્ટમાંથી નિવૃત્તિ પાછી ખેંચવા મદનલાલની અપીલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ભારત લોર્ડ્સમાં હારી ગયું અને તે પણ ફક્ત ૨૨ રનથી. આ હારથી ભારતીય ચાહકોની સાથે સાથે દિગ્ગજો પણ નિરાશ થયા છે. એવામાં ૧૯૮૩ના વર્લ્ડ કપ વિજેતા અને ઓલરાઉન્ડર મદન લાલે ભૂતપૂર્વ ભારતીય ટેસ્ટ ક્રિકેટર વિરાટ કોહલીને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ પાછી ખેંચવા અપીલ કરી છે. મદનલાલ માને છે કે કોહલીનો જુસ્સો, ફિટનેસ અને નેતૃત્વ ક્ષમતા હજુ પણ ટીમ ઈન્ડિયા માટે અમૂલ્ય છે. એક ઈન્ટરવ્યૂમાં વિરાટ કોહલી વિશે વાત કરતાં પૂર્વ દિગ્ગજ ખેલાડી મદનલાલ ભાવુક થઈ ગયા હતા.

### ગુફામાં જ આપ્યો બે બાળકીને જન્મ

## ગોકર્ણના જંગલમાં ૮ વર્ષથી સાપો વચ્ચે રહેતી હતી રશિયન મહિલા

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૬ ।



પોલીસે કર્ણાટકમાં આવેલા ગોકર્ણના પહાડોમાં સ્થિત એક રહસ્યમય ગુફામાંથી તાજેતરમાં જ એક વિદેશી મહિલાને શોધી છે. જાણીને નવાઈ લાગશે કે છેલ્લા ઘણા વર્ષો તેણે જંગલમાં વિતાવ્યા છે, તે પણ તેની બે નાની પુત્રીઓ સાથે. રશિયન મૂળની આ મહિલા માત્ર ગુફામાં જ રહેતી નહોતી, પરંતુ તેણીએ ત્યાં પુત્રીઓને જન્મ પણ આપ્યો, તેમને યોગ, ધ્યાન અને આધ્યાત્મિક જીવન શીખવ્યું. જંગલ તેનું ઘર હતું, સાપ તેના મિત્રો હતા અને સાધના તેનું જીવન હતું. ગુફામાંથી આ 'જંગલની સાધ્વી' રુદ્ર મૂર્તિ, રશિયન ધાર્મિક પુસ્તકો અને બાળકોની વસ્તુઓ સાથે મળી આવતા પોલીસ પણ ચોંકી ગઈ. આ મહિલા કોણ છે? તેણે દુનિયાથી દૂર રહેવા માટે જંગલ કેમ પસંદ કર્યું? અને ગોકર્ણની આ ગુફામાં એવું શું છે કે તેણે વર્ષોથી તેને પોતાનું છુપાવાનું સ્થાન બનાવ્યું? ચાલો જાણીએ આ રહસ્યમય વાર્તા. ઉત્તર કન્નડ જિલ્લાના શાંત, લીલાછમ જંગલોમાં છુપાયેલી ગુફા. સમુદ્ર સપાટીથી ૫૦૦ મીટર ઉપર રામતીર્થ ટેકરીની તળેટીમાં આવેલી આ ગુફા એક અનોખી અને રહસ્યમય વાર્તાનું કેન્દ્ર બની ગઈ છે. અહીં તાજેતરમાં પોલીસને એક રશિયન મહિલા અને તેની બે નાની પુત્રીઓ મળી. ૪૦ વર્ષીય નીના કુટીના ઉર્ફે મોહી ૨૦૧૬ માં બિઝનેસ વિઝા પર ભારત આવી હતી. તેના વિઝા ૨૦૧૭ માં સમાપ્ત થઈ ગયા હતા.

### ઈંગ્લેન્ડે સાત વર્ષ બાદ સ્પિનર લિયમ ડાઉસનને ટીમમાં સમાવ્યો

। (એજન્સી) લંડન, તા.૧૬ ।

પ્રવાસી ભારત સામે સોમવારે લોર્ડ્ઝ ખાતે ત્રીજી ક્રિકેટ ટેસ્ટ જીતનારી ઈંગ્લેન્ડની ટીમમાં મંગળવારે એક ફેરફાર કરવામાં આવ્યો હતો. ટીમમાં સ્પિનર શોએબ બશીર ઘાયલ થતાં તેને સ્થાને લેફ્ટ આર્મ સ્પિનર લિયમ ડાઉસનને સામેલ કરવામાં આવ્યો હતો. આમ લિયમ ડાઉસન સાત વર્ષના લાંબા ગાળા બાદ ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમમાં પુનરાગમન કરશે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે હાલમાં રમાઈ રહેલી પાંચ ટેસ્ટની સિરીઝની ચોથી ટેસ્ટ ૨૩મી જુલાઈથી માન્ચેસ્ટર ખાતે શરૂ થશે. ઈંગ્લેન્ડ હાલમાં ૨-૧ની સરસાઈ ભોગવી રહ્યું છે.

### રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદીને લખ્યો પત્ર

## જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા કાયદો બનાવો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

લોકસભામાં વિપક્ષના નેતા, કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને રાજ્યસભામાં વિપક્ષના નેતા, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જમ્મુ અને કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની માંગ કરી છે. રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેએ આ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે પીએમ મોદીએ સંસદના ચોમાસુ સત્રમાં કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટે બિલ લાવવું જોઈએ. રાહુલ ગાંધી પત્રમાં લખ્યું છે કે, માનનીય વડાપ્રધાન, છેલ્લા પાંચ વર્ષથી જમ્મુ અને કાશ્મીરના લોકો પૂર્ણ રાજ્યનો દરજ્જો મેળવવાની માંગ કરી રહ્યા છે. આ માંગ માત્ર કાયદેસર જ નથી પરંતુ તેમનો બંધારણીય અને લોકશાહી અધિકાર પણ છે. એ સમજવું મહત્ત્વપૂર્ણ છે કે ભૂતકાળમાં કેન્દ્રશાસિત પ્રદેશોને રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો હોવાના ઉદાહરણો જોવા મળ્યા છે, પરંતુ સ્વતંત્ર ભારતમાં જમ્મુ અને કાશ્મીરનો મામલો કંઈક અલગ રહ્યો છે. આ પહેલી વાર છે જ્યારે કોઈ પૂર્ણ રાજ્યને તેના વિભાજન પછી કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો છે. પત્રમાં આગળ લખ્યું છે કે, તમે પોતે અનેક વખત પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની વાત કરી છે.

## ન્યૂઝ બ્રિફ

### નર્મદા જિલ્લાના માંડણ ગામેએક થાર કાર પાણીમાં ગરકાવ થઇ ગઈ

। (એજન્સી) નર્મદા, તા.૧૬ ।

નર્મદા જિલ્લાના માંડણ ગમે એક ચોંકાવનારી ઘટના બની છે, જ્યાં એક થાર કાર પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. સદનસીબે, કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો અને સમગ્ર ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. મળતી જાણકારી અનુસાર, થાર કારના ચાલકે પોતાની ગાડીને એક ટેકરા પર પાર્ક કરી હતી. જોકે, તેણે કારને સુરક્ષિત રીતે પાર્ક ન કરતા, તે પાણીની નજીક પહોંચી ગઈ હતી. ચાલક કારમાંથી બહાર નીકળ્યો કે તરત જ અચાનક થાર કાર ધીમે ધીમે પાણીમાં ગરકાવ થવા લાગી જાણે જળ સમાધિ લેવાની હોય. આ દ્રશ્ય જોઈને આસપાસના લોકો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. કાર પાણીમાં ગરકાવ થતી હોવા છતાં, સદનસીબે ચાલક સમયસર બહાર નીકળી ગયો હોવાથી તેનો આબાદ બચાવ થયો હતો. ત્યારબાદ, સ્થાનિક લોકોની મદદથી અને એક ટેમ્પોના સહારે આ થાર કારને પાણીમાંથી બહાર કાઢવામાં આવી હતી.

### ચાર કૃષિ યુનિવર્સિટીમાં વર્ગ-૩ ક્લાર્કની ભરતી જાહેર કરાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

ગુજરાતમા ફરીવાર સરકારી ભરતીની જાહેરાત કરવામાં આવી છે. ચાર કૃષિ યુનિવર્સિટીમાં વર્ગ-૩ ક્લાર્કની ભરતી જાહેર કરાઈ છે. ૫ વર્ષ ફિક્સ પગાર માટે ક્લાર્કની જગ્યાઓ ભરાશે.કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ પર ૧૫ જુલાઈથી ફોર્મ ભરાશે. આણંદ કૃષિ યુનિ.માં ૭૩, જૂનાગઢ યુનિ.માં ૪૪, નવસારી કૃષિ યુનિ.માં ૩૨ અને દાંતીવાડા યુનિ વર્સિટીમાં ૭૮ જગ્યાઓ ભરવામાં આવશે. ગુજરાતની ચાર કૃષિ યુનિવર્સિટીઓમાં વર્ગ-૩ ક્લાર્કની જગ્યાઓ ભરવા માટે જાહેરાત કરવામાં આવી છે. ચારેય યુનિવર્સિટીઓમાં પાંચ વર્ષ ફિક્સ પગાર માટે જગ્યાઓ ભરવા જાહેરાત બહાર પાડવામાં આવી છે. આણંદ કૃષિ યુનિવર્સિટી ની ૭૩ જગ્યા,જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ની ૪૪ અને નવસારી કૃષિ યુનિવર્સિટીની ૩૨ જગ્યાઓ , દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ની ૭૮ જગ્યાઓ ભરાશે.

### સાયલામાં કોલસાના ૯ કૂવા ખોદી ચાલતો કાળો કારોબાર

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૬ ।

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં ગેરકાયદે ખનીજ ચોરીનો વધુ એક મોટો પર્દાફાશ થયો છે. ચોરવીરા ગામની ખનીજ વિભાગે દરોડા પાડીને કાર્બોસેલ (કોલસા)ના ૯ કૂવા ખોદીને ચાલતો કાળો કારોબાર ઝડપી પાડ્યો છે. આ દરોડામાં કુલ ૬ ટ્રેક્ટર, ૧ ડમ્પર, ચરખીઓ અને અન્ય મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ગેરકાયદે ખનન લાંબા સમયથી ચાલી રહ્યું હતું અને સ્થાનિક તંત્રની રહેમનજર હેઠળ આ પ્રવૃત્તિ ધમધમી રહી હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. આ વિસ્તારમાંથી અગાઉ પણ ખનીજ ચોરીના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવી ચૂક્યા છે, જે દર્શાવે છે કે આ એક સુઆયોજિત રેકેટ છે. સાથે જ, એ પણ સામે આવ્યું છે કે, માત્ર સાયલા જ નહીં, પરંતુ મુળી અને થાન જેવા આસપાસના વિસ્તારોમાં પણ ગેરકાયદે ખનનનો કારોબાર બેફામ ચાલી રહ્યો છે. આ ગેરકાયદે પ્રવૃત્તિઓથી સરકારને કરોડો રૂપિયાની રોયલ્ટીનું નુકસાન થાય છે અને પર્યાવરણને પણ ગંભીર નુકસાન પહોંચે છે. ખનીજ વિભાગ દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહી પ્રશંસનીય છે, પરંતુ સવાલ એ થાય છે કે, સ્થાનિક પોલીસ અને મહેસૂલ તંત્રની નાક નીચે આટલો મોટો કાળો કારોબાર કેવી રીતે ચાલી શકે? શું આમાં સ્થાનિક અધિકારીઓની મિલીભગત છે કે કેમ તે અંગે ઊંડાણપૂર્વક તપાસ થવી અનિવાર્ય છે.

---

### ગુજરાત સરકારનો નિર્ણય

# વન વિભાગના અધિકારીઓને સોંપાયો વધારાનો ચાર્જ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

ગુજરાત રાજયના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા મંગળવારે (૧૫મી જુલાઈ) નવા આદેશ બહાર પાડવામાં આવ્યા છે. જેમાં વિવિધ અધિકારીઓને તત્કાલ અસરથી વધારાના ચાર્જ સોંપવામાં આવ્યા છે. કુલ નવ અધિકારીઓને વધારાના ચાર્જ સોંપવામાં આવ્યા છે, જે આગામી આદેશ સુધી સોંપાયેલા જે-તે ચાર્જ સંભાળશે.

**કોને કઈ જવાબદારીઓ સોંપવામાં આવી?**

૧. જી. રમના મૂર્તિ, IFS (GJ-RR-1997), અધિક મુખ્ય વન સંરક્ષક, નાણાકીય વ્યવસ્થાપન અને આયોજન, ગાંધીનગર. આગામી આદેશ સુધી SSNL, ગાંધીનગરના અધિક મુખ્ય વન સંરક્ષક પદનો વધારાનો હવાલો સંભાળશે. ૨. ડૉ. કે. શશિકુમાર, આઈએફએસ (જીજે-આરઆર-૨૦૦૫) - પ્રોજેક્ટ ડિરેક્ટર, PMU-PERG, ગાંધીનગર. તેમને હવે વાયલ્ડ લાઈફના મુખ્ય વન સંરક્ષક, ગાંધીનગર તરીકે વધારાનો ચાર્જ મળ્યો છે. ૩. ડૉ. અંશુમન શર્મા, આઈએફએસ (જીજે-આરઆર-૨૦૦૮) - વડોદરા સર્કલના વન સંરક્ષક. તેમને હવે કેવડિયા વન્યજીવન સર્કલના વન સંરક્ષક તરીકે વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે. ૪. ડૉ. ટી. કરુપ્પસામી, આઈએફએસ (જીજે-આરઆર-૨૦૦૯) - સોશિયલ ફોરેસ્ટ્રી, ગાંધીનગરના વન સંરક્ષક. તેમને હવે ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ, ગાંધીનગરના સભ્ય સચિવ તરીકે વધારાનો ચાર્જ સોંપાયો છે. ૫.વિકાસ યાદવ, આઈએફએસ (જીજે-આરઆર-૨૦૨૧) - ડેપ્યુટી વન સંરક્ષક, ગીર (ઈસ્ટ) વિભાગ, ધારી. તેમને હવે ટાસ્ક ફોર્સ, જૂનાગઢના ડેપ્યુટી વન સંરક્ષક તરીકે વધારાનો ચાર્જ આપાયો છે. ૬. શ્રેયસ કુમાર ડી. પટેલ, જીએફએસ - ડેપ્યુટી વન સંરક્ષક, જમીન, ગાંધીનગર. તેમને હવે ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડના ડેપ્યુટી વન સંરક્ષક તરીકે વધારાનો ચાર્જ મળ્યો છે. ૭. રવિરાજ સિંહ વી. રાઠોડ, જીએફએસ - ડેપ્યુટી વન સંરક્ષક, ગાંધીનગર વિભાગ. તેમને હવે એસએસએનએલના ડેપ્યુટી વન સંરક્ષક, ગાંધીનગર તરીકે વધારાનો ચાર્જ મળ્યો છે. ૮. નમ્રતા ડી. ઈટાલિયન, જીએફએસ - ડેપ્યુટી વન સંરક્ષક, પ્રોજેક્ટ, પ્લાનિંગ, મોનિટરિંગ એન્ડ ઈવાલ્યુએશન (PPME), ગાંધીનગર. તેમને હવે (૧) મોનિટરિંગ, ગાંધીનગર અને (૨) મોનિટરિંગ એન્ડ ઈવાલ્યુએશન, ગાંધીનગરના ડેપ્યુટી વન સંરક્ષક તરીકે વધારાનો ચાર્જ મળ્યો છે.

૯.વિષ્ણુકુમાર એમ. દેસાઈ, જીએફએસ - ડેપ્યુટી વન સંરક્ષક, વિજિલન્સ, ગાંધીનગર. તેમને હવે જીઈઆર ફાઉન્ડેશન, ગાંધીનગરના ડેપ્યુટી ડિરેક્ટર (એન્વાયરનમેન્ટ એજ્યુકેશન) તરીકે વધારાનો ચાર્જ મળ્યો છે.

આ તમામ નિયુક્તિઓ તત્કાલ અસરથી અમલમાં આવી છે અને આગળના આદેશ સુધી યથાવત્ રહેશે. આ આદેશ રાજ્યપાલના નામે અને આદેશથી બહાર પાડવામાં આવ્યો છે.

# પાટીદાર યુવતી આપઘાત કેસમાં પુત્ર-પિતા સામે નોંધાઈ ફરિયાદ

**પોલીસે આ કેસની વધુ તપાસ શરૂ કરી ત્યારે પિતાએ કહ્યું કે તેમણે તે યુવકના પિતાને પણ જાણ કરી હતી જે ૬ મહિનાથી તેમની દીકરીને હેરાન કરી રહ્યો હતો**

। (એજન્સી) સુરત, તા.૧૬ ।

સુરતમાં ૧૩ જુલાઈના રોજ એક ૧૯ વર્ષીય પાટીદાર યુવતીએ ઘરે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. વાવડિયા પરિવારની એક દીકરીએ અચાનક પોતાનું જીવન ટૂંકાવી દેતાં પરિવાર શોકમાં ડૂબી ગયો હતો. જ્યારે સિંગણપોર પોલીસે આ કેસની વધુ તપાસ શરૂ કરી ત્યારે પિતાએ કહ્યું કે તેમણે તે યુવકના પિતાને પણ જાણ કરી હતી જે ૬ મહિનાથી તેમની દીકરીને હેરાન કરી રહ્યો હતો. તે બે દિવસથી ખૂબ જ હતાશ હતી. સિંગણપોર પોલીસે આ કેસમાં આરોપી પિતા-પુત્ર વિરુદ્ધ કેસ નોંધ્યો છે. નીલ દેસાઈ અને તેના પિતા વિષ્ણુ દેસાઈ વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે ફરાર આરોપીની શોધ શરૂ કરી છે. નોંધનીય છે કે ગઈકાલે એક પાટીદાર સામાજિક નેતા દ્વારા મુખ્યમંત્રીને લખાયેલો પત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જેમાં છોકરીને બ્લેકમેલ કરવામાં આવી રહી હોવાથી કડક કાર્યવાહી કરવાની રજૂઆત કરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, ૧૯ વર્ષીય નેનુ રણજીતભાઈ વાવડિયા તેના પરિવાર સાથે કતારગામ વિસ્તારના નાની વેડ ખાતે આવેલા વિધિ પેલેસમાં રહેતી હતી. પરિવારમાં પિતા, માતા અને ભાઈનો સમાવેશ થાય છે. પિતા રણજીતભાઈ હીરાના કારખાનામાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. જ્યારે તેમની પુત્રી નેનુ ખાનગી ટ્યુશન ક્લાસમાં કામ કરતી હતી અને પરિવારને આર્થિક મદદ કરતી હતી. રવિવાર, ૧૩ જુલાઈના રોજ સાંજે નેનુ વાવડિયાએ ઘરે પંખા સાથે લટકીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. પરિવારને ઘટનાની જાણ થતાં તેઓ તાત્કાલિક દોડી આવ્યા હતા અને તેમની પુત્રીને લટકતી સ્થિતિમાંથી નીચે ઉતારી હતી અને સારવાર માટે સ્મીમર હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેની તપાસ કરી અને તેને મૃત જાહેર કરી હતી. પુત્રીના મૃત્યુ બાદ પરિવાર આઘાતમાં મુકાઈ ગયો હતો.યુવતીના મૃત્યુની જાણ સિંગણપુર પોલીસને કરવામાં આવી હતી અને લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાંમોકલીઆપવામાંઆવીહતી. સિંગણપુર પોલીસે પીએમ સહિત અન્ય કાર્યવાહી કરી હતી. સિંગણપુર પોલીસે મૃતકનો મોબાઈલ ફોન કબજે કર્યો છે અને વિવિધ દિશામાં તપાસ કરી રહી છે. ઉપરાંત, પરિવારે આરોપ લગાવ્યો છે કે એક યુવાન તેને હેરાન કરી રહ્યો હતો અને માનસિક ત્રાસ આપી રહ્યો હતો.

પોલીસ આ મામલે વધુ તપાસ પણ કરી રહી છે. પિતાએ કહ્યું કે મારી પુત્રીએ મને છ મહિના પહેલા તે યુવાન વિશે જણાવ્યું હતું જે તેને હેરાન કરતો હતો.

### ૪ ઉમેદવારોએ સ્થળ પસંદ ન કર્યું

# આયુષ મેડિકલ ઓફિસરની ૧૬ જગ્યા પૈકી ૮ ભરાઈ

। (એજન્સી) કચ્છ, તા.૧૬ ।

કચ્છમાં આરોગ્યની સેવા વધુ સુદ્રઢ થાય તે માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં ૧૬ જેટલી આયુષ મેડિકલ ઓફિસરની ખાલી જગ્યા ભરવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવતાં કચ્છ સહિત સમગ્ર રાજ્યમાંથી કુલ ૬૦૦ જેટલા ઉમેદવારોએ અરજી કરી હતી. આ ઉમેદવારોના મેરિટના આધારે પ્રથમ ૪૩ ઉમેદવારોને મંગળવારે જીલ્લા પંચાયત કચેરી ખાતે સ્થળ પસંદગી માટે બોલાવવામાં આવ્યા હતાં, પરંતુ માત્ર ૧૨ ઉમેદવારો જ હાજર રહ્યા હતા. જેમાંથી ૮ ઉમેદવારોની આયુષ મેડિકલ ઓફિસર તરીકે નિમણૂંક કરવામાં આવી છે, જ્યારે બાકીની ૮ જગ્યા ભરવા માટે મેરિટના આધારે બાકીના ઉમેદવારોને પણ આ જ રીતે સ્થળ પસંદગી માટે બોલાવવામાં આવશે. જીલ્લા આરોગ્ય અધિકારી મિતેષ ભંડેરીએ જણાવ્યું હતું કે, જિલ્લામાં આરોગ્ય વિભાગ હસ્તકની વિવિધ પીએચસી અને આરબીએસકેમાં ખાલી પડેલી ૧૬ જેટલી આયુષ મેડિકલ ઓફિસરની જગ્યા ભરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આયુષ મેડિકલ ઓફિસર માટે કચ્છ તેમજ ગુજરાતભરમાંથી ૬૦૦ જેટલા ઉમેદવારોએ રસ દાખવ્યો હતો. આ ઉમેદવારોના મેરિટના આધારે પ્રથમ ૪૩ ઉમેદવારોને મંગળવારે ભુજમાં જીલ્લા પંચાયત કચેરીમાં સ્થળ પસંદગી માટે બોલાવવામાં આવ્યા હતા. જેમાંથી માત્ર ૧૨ ઉમેદવારો જ હાજર રહ્યા હતા. જેમાંથી ૮ ઉમેદવારોએ સ્થળ પસંદગી કરી હતી, જ્યારે બાકીનાં ૪ ઉમેદવારોએ સ્થળ પસંદ કર્યું ન હતું. આગામી દિવસોમાં ખાલી રહેલી ૮ જગ્યાને ભરવા માટે આ જ રીતે બાકીના ઉમેદવારોને મેરિટ મુજબ બોલાવવામાં આવશે અને તેઓને સ્થળ પસંદગીની તક આપવામાં આવશે તેમ તેમણે અંતમાં જણાવી ઉમેર્યું હતું કે, નવ નિયુક્ત આયુષ મેડિકલ ઓફિસરને હાલ માસિક રૂ. ૩૦ હજારનો પગાર ચુકવવામાં આવશે. કચ્છમાં એકતરફ સ્થાનિક ઉમેદવારોને સરકારી નોકરીમાં પ્રાધાન્ય આપવાની માગણી થાય છે, બીજી તરફ આજે કચ્છના બે ઉમેદવારને મેરીટના આધારે સ્થળ પસંદગીની તક મળી હતી, પરંતુ તેમને પોતાના તાલુકા બહારનું સ્થળ મળતાં તેમણે નોકરીની તક જતી કરી હતી.

### ૪૬ ગામોને કરાયા એલર્ટ, ખેડૂતોમાં આનંદનો માહોલ

# નવસારીના જૂજ અને કેલીયા ડેમ ૧૦૦% ભરાયા

। (એજન્સી) નવસારી, તા.૧૬ ।

નવસારી જિલ્લાના જૂજ અને કેલીયા ડેમ ચોમાસાના ભારે વરસાદને કારણે ૧૦૦% ભરાઈ ગયા છે, જેના કારણે બંને ડેમ ઓવરફ્લો થયા છે. જૂજ ડેમની પાણીની સપાટી ૧૬૭.૫૫ મીટર સુધી પહોંચી છે, જ્યારે ૮૪,૬૫૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. કેલીયા ડેમની સપાટી ૧૧૩.૪૦ મીટરે પહોંચી છે અને ૧,૧૭૭.૧૬ ક્યુસેક પાણીનો પ્રવાહ નોંધાયો છે. આ સ્થિતિને ધ્યાને રાખીને વહીવટી તંત્રે વાંસદા, ચીખલી, ગણદેવી અને ખેરગામ તાલુકાના કુલ ૪૬ ગામોને એલર્ટ જારી કર્યું છે અને દરિયાકાંઠે ન જવાની સૂચના આપી છે.જૂજ અને કેલીયા ડેમ વાંસદા તાલુકાના મહત્વના જળાશયો છે, જે આખું વર્ષ ખેડૂતોને સિંચાઈ અને ગ્રામજનોને પીવાનું પાણી પૂરું પાડે છે. ચોમાસામાં ડેમ ઓવરફ્લો થવું ખેડૂતો માટે આનંદનો પ્રસંગ છે, કારણ કે આગામી ખરીફ અને રવિ સિઝન માટે નહેર દ્વારા સિંચાઈનું પાણી ઉપલબ્ધ થશે. સ્થાનિક લોકો આ પ્રસંગે ડેમ પર જઈને પૂજા-અર્ચના પણ કરે છે, જે આનંદની ઉજવણીનો એક ભાગ છે. જૂજ ડેમની પાણીની સપાટી આજે સવારે ૧૦:૦૦ વાગ્યે ૧૬૭.૮૦ મીટરે પહોંચી હતી. ડેમના ઓવરફ્લોને કારણે વાંસદા તાલુકાના ૧૩ ગામો (ખડકીયા, નવા નગર, વાસિયા તળાવ, રાણી ફળિયા, નાની વાવઝર, મોટી વા ?ઝર, સીંગાળ, રૂપવેલ, ચાપલધરા, રાજપુર, પ્રતાપનગર, દોન્ઝા, હરણગામ), ચીખલી તાલુકાના ૬ ગામો (ખુંધ, વાંકલ, ઘેટકી) અને ગણદેવી તાલુકાના ૬ ગામો (ઉંડાચ લુહાર ફળિયા, વાણીયા ફળિયા, ગોયંદી, ખાપરવાળા, દેસર)ને એલર્ટ જારી કરવામાં આવ્યું છે. વહીવટી તંત્રે આ વિસ્તારોમાં જાહેરાતો દ્વારા નાગરિકોને સાવચેત રહેવા સૂચના આપી છે.ખરેર નદી પર સ્થિત કેલીયા ડેમ પણ આજે સવારે ૧૦:૦૦ વાગ્યે સંપૂર્ણ ભરાઈ ગયો હતો, જેની સપાટી ૧૧૩.૪૦ મીટરે પહોંચી છે. ડેમમાંથી ૧,૧૭૭.૧૬ ક્યુસેક પાણીનો પ્રવાહ નોંધાયો છે. આ ઓવરફ્લોને કારણે વાંસદા તાલુકાના ૧ ગામ (કેડિયા), ચીખલી તાલુકાના ૧૪ ગામો (કાકરવેલ, માંડવખડક, વેલનપુર, ગોડથલ, કણભઈ, સિયાદા, મોગરવાળી, આમધરા, ધેજ, સોલધરા, પીપલ ગભાણ, ધોલાર, ક્લીયાર, તેજલાવ), ખેરગામ તાલુકાના ૧ ગામ (વાડ) અને ગણદેવી તાલુકાના ૫ ગામો (ઉંડાચ, ગોયડી, ખરવાળા, દેસર)ને એલર્ટ કરવામાં આવ્યા છે.

### ઉપરવાસમાં ભારે વરસાદને કારણે આજવા સરોવરના ૬૨ દરવાજા ખોલાયા

। (એજન્સી) વડોદરા, તા.૧૬ ।

આજવા સરોવરના ૬૨ દરવાજા ખોલાયા છે. સિઝનમાં પહેલી વખત દરવાજા ખોલાયા છે. આજવા સરોવરની સપાટી ૨૧૧.૪૯એ પહોચતા નિર્ણય લેવાયો છે. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે આજવા સરોવરના ૬૨ દરવાજા ખોલાયા છે. ૨૦૮ ફૂટ લઈ જવા ૧૪ પંપ ચાલુ કર્યા હતા. હાલ સતત પાણીની આવક ચાલુ હોવાથી પંપ બંધ કરાયા છે. પંપ બંધ કરી તમામ ૬૨ દરવાજા ખોલવા નિર્ણય લેવાયો છે. આજવા સરોવરના ૬૨ દરવાજા ખોલાતા વિશ્વામિત્રી નદીની સપાટીમાં વધારો થશે. વિશ્વામિત્રી નદીની સપાટીમાં સામાન્ય વધારો નોંધાશે. હાલ નાગરિકોએ ડરવાની જરૂરી નથી.ગત વર્ષે વિશ્વામિત્રી નદીમાં પૂર આવતાં નદીને ઊંડી કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જ્યારે તાજેતરમાં જ શહેરના કેટલાક નાગરિકો નદીની કામગીરીની પુષ્ટી કરવા માટે શહેરના મેયર પાસે પહોંચ્યા હતા. તેમણે મેયરને પૂછ્યું હતું કે, નદીને ઊંડી અને પહોળી કરવા પાછળ કરોડોનો ખર્ચ કરાયો છે તો શું આ વર્ષે ખરેખર પૂર નહીં આવે? જેના જવાબમાં મેયરે મૌન સેવી લીધું હતું. નોંધનીય છે કે, ગત વર્ષો ઓગસ્ટ મહિનામાં વિશ્વામિત્રી નદીમાં પૂર આવ્યું હતું. શહેરમાં વિશ્વામિત્રી નદીનું પાણી ફરી વળ્યું હતું. ઈએમઈ સર્કલથી અમિત નગર રોડ પર પાણી જ પાણી હતું. સમા-લિંક રોડ પાણીમાં ગરકાવ થયો હતો. આજવા સરોવરમાંથી પાણી છોડાતા વિશ્વામિત્રી નદીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું હતું. ૨૬ ફૂટે વિશ્વામિત્રી નદી ભયજનક સ્થિતિએ આવે છે, ત્યારે હાલમાં લગભગ ૩૫ ફૂટે નદી વહી રહી હતી

### ફરિયાદી સંજય વસાવા શરતી સમાધાન માટે તૈયાર

। (એજન્સી) ડેડીયાપાડા, તા.૧૬ ।

ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સાથે સંકળાયેલા લાફકાંડ કેસમાં સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. આ કેસના મુખ્ય ફરિયાદી સંજય વસાવાએ ચોંકાવનારું નિવેદન આપ્યું છે કે, જો ચૈતર વસાવા જાહેરમાં માફી માંગે તો તેઓ કેસ પરત ખેંચવા તૈયાર છે. હાલમાં ચૈતર વસાવા આ કેસમાં વડોદરાની જેલમાં બંધ છે. સંજય વસાવાએ જણાવ્યું કે, જો ચૈતર વસાવા ડેડીયાપાડાના બિરસા મુંડા ચોકમાં આવીને જાહેરમાં માફી માંગે, તો હું તેમને માફ કરવા તૈયાર છું અને કેસ પાછો ખેંચી લઈશ. તેમણે વધુમાં ઉમેર્યું કે, ચૈતર વસાવાએ સમાજના આગેવાનો અને મહિલાઓની હાજરીમાં માફી માંગવી પડશે. આ નિવેદન રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બન્યું છે. તમને જણાવી દઈએ કે, એક તરફ ચૈતર વસાવા જેલમાં છે, ત્યારે ફરિયાદી દ્વારા મૂકવામાં આવેલી આ શરત શું કેસના સમાધાનનો માર્ગ મોકળો કરશે કે કેમ તે જોવું રહ્યું. ચૈતર વસાવા આ શરત સ્વીકારશે કે કેમ તે પણ એક મોટો પ્રશ્ન છે. આ ઘટના બાદ હવે સમગ્ર કેસ એક નવા વળાંક પર આવી હયો છે. શું સમાજના દબાણ હેઠળ કે અન્ય કોઈ કારણોસર આ સમાધાનની શક્યતા ઉભી થઈ છે તે આગામી સમયમાં સ્પષ્ટ થશે.

### ધારપુર મેડિકલ કોલેજની છત લીક, દર્દીઓના જીવ મુકાયા જોખમમાં

। (એજન્સી) પાટણ,તા.૧૬ ।

પાટણની ધારપુર મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ સારવાર લેતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મેડિકલ કોલેજમાં સારવાર અર્થે આવનાર લોકોને મુશ્કેલી થતાનો વીડિયો વાયરલ થયો છે. વીડિયો વાયરલ થતા નબળી કામગીરીની પોલ છતી થઈ છે. કરોડોના ખર્ચે બનાવવામાં આવેલી આ કોલેજની છતમાંથી પાણી ટપકતું હોવવાનો વીડિયો વાયરલ થતા તંત્ર દોડતું થયું છે. આવી નબળી કામગીરીના કારણે માત્ર ત્યાંના વિદ્યાર્થીઓજ નહિં પરંતુ સારવાર લેતા દર્દીઓને પણ ભારે મુશ્કેલી ભોગવવાનો વારો આવયો છે. પાટણની ધારપુર જીએમઈઆરએસ મેડિકલ કોલેજની દયનીય સ્થિતિ સામે આવી છે. ધારપુરની મેડિકલ કોલેજની છત લીક થતા ત્યાંના જાગૃત નાગરિકે વિડિઓ બનાવીને વાયરલ કર્યો છે. છતમાંથી પાણી ટપકતું હોવાથી અનેક દર્દીઓના જીવ જોખમમાં મુકાયા હોવાનો વિડિઓ સામે આવ્યો છે. આ ઉપરાંત ત્યાં સારવાર લેતા અને અવર-જવર કરતા દર્દીઓ તેમજ તેમના સગા-સંબંધીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવા પડી રહ્યો છે. કરોડોના ખર્ચે બનેલી આ અદ્યતન બિલ્ડિંગની છતમાંથી પાણી ટપકતા હલકી ગુણવત્તા છતી થઈ છે. છતમાંથી પાણી ટપકતા પાણીની ડોલ મૂકીને પાણીથી બચવાના પ્રયોસ કરતા હવાનો વીડિયો એક જાગૃત નાગરિકે વાયરલ કર્યો છે.હોસ્પિટલમાં સારવારની સાથે જ્યારે તંત્રની બેદરકારીના કારણે હેરાનગતિ પણ આપવામાં આવતી હોય ત્યારે આપણે દોષ કોનો સમજવો તે મોટો પ્રશ્ન સામે આવ્યો છે.કરોડો રૂપિયા ખર્ચ્યા હોવા છતાય આવી બેદરકારી કેમ? હોસ્પિટલની અદ્યતન બિલ્ડિંગમાં હલકી ગુણવત્તા અને નબળી કામગીરીનો વીડિયો વાયરલ થયો છે. જેની જાણ એક જાગૃત નાગરિક દ્વારા થતા ખળભળાટ મચવા પામ્યો છે.

---

## વિશેષ

### ૩૦ જૂનથી આજ સુધી ૮૦૯૨ મેટ્રિક ટન ઉત્પાદન- પ્રતિદિન ૬૦૦ મેટ્રિક ટન ઉત્પાદન સાથે AMCનો હોટમિક્સ પ્લાન્ટ 24/7 કાર્યરત

# ચોમાસામાં પણ રસ્તાની ગુણવત્તા જાળવવા AMC સજ્જ : પીપળજ ખાતે 180 TPHનો અત્યાધુનિક હોટમિક્સ પ્લાન્ટ કાર્યરત

। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ શહેર સહિત સમગ્ર રાજ્યમાં અતિ વરસાદને પગલે રસ્તાઓને નુકસાન થયું છે, ત્યારે અમદાવાદ શહેરના રસ્તાઓનું સત્વરે સમારકામ કરવા અમદાવાદ મહાનગર પાલિકા સતત કાર્યશીલ રહી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પીપળજ ખાતે સંચાલિત અદ્યતન હોટમિક્સ પ્લાન્ટ એક એવી જગ્યા છે, જ્યાં શહેરના દરેક રસ્તાની તૈયારીની પાછળની મહેનત છુપાયેલી છે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું છે કે, રાજ્યના મુખ્યમંત્રીશ્રીના દિશા નિર્દેશનમાં શહેરના રસ્તાઓના સતત નિરીક્ષણ અને ત્વરિત સમારકામને એક ચોક્કસ દિશા આપવામાં આવી છે. શહેરી જનોની સમસ્યાઓ ઓછી થાય અને જન સુખાકારી વધે તે દિશામાં અમદાવાદ મહાન નગરપાલિકા કટિબધ છે. અમદાવાદ મહાનગરપાલિકાનો હોટ મિક્સ પ્લાન રસ્તાઓના ત્વરિત સમારકામ માટે ગેમ ચેન્જર પુરવાર થયો છે. આ પ્લાન્ટમાં અદ્યતન બેચ મિક્સ ટેક્નોલોજીનો ઉપયોગ થતો હોવાથી તેનું ઉત્પાદન ખૂબ જ પ્રમાણભૂત અને ટકાઉ હોય છે. આ પ્લાન્ટ થકી દરરોજ હજારો ટન મિશ્રણ તૈયાર થાય છે, જે શહેરના વિવિધ વિસ્તારોના માર્ગ મરામત અને નવીન નિર્માણ કાર્ય માટે મોકલવામાં આવે છે, એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્લાન્ટની ટેકનિકલ વિગતો આપતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી સિટી એન્જિનિયર શ્રી મૌલિક વ્યાસે કહ્યું કે, ચોમાસાની ઋતુ દરમ્યાન પ્રાઈવેટ એજન્સીઓ દ્વારા તેઓનાં હોટમિક્સ પ્લાન્ટ કાર્યાન્વીત ન હોવાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રોડનાં પેચવર્કની કામગીરી થઈ શકતી ન હોવાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પીપળજ ખાતે **180 TPH**નો ગેસ સંચાલિત બેચ મીક્ષ ટાઈપ અદ્યતન હોટમિક્સ પ્લાન્ટ કાર્યરત કર્યો છે. આ પ્લાન્ટ ઈન્ડસ્ટિયલ પી.એન.જી.ગેસ આધારિત કાર્યાન્વીત છે, જેના કારણે વાતાવરણમાં પ્રદુષણ ઓછુ થાય છે. શ્રી મૌલિક વ્યાસે વધુમાં ઉમેર્યું કે, આ પ્લાન્ટમાં જુદા-જુદા મટિરિયલ જેમ કે, એગ્રીગેટ અને ડામરની ગુણવતા સહિતના અલગ-અલગ ટેસ્ટ કરવામાં આવે છે.

આ પ્લાન્ટમાં ચોમાસાની ઋતુ દરમ્યાન હોટમિક્સ મટિરિયલનું સારી રીતે પ્રોડકશન થઈ શકે તે માટે ૧૦,૦૦૦ મે.ટન ડાય મટિરિયલની સગ્રહ ક્ષમતા વાળો શેડ બનાવવામાં આવ્યો છે. હાલમાં હોટમિક્સ મટિરિયલ સપ્લાય કરવા માટે પ્લાન્ટમાં આશરે ૫૨,૦૦૦ મે.ટન જેટલો રો- મટિરિયલનો જથ્થો ઉપલબ્ધ છે. ડામરનાં સ્ટોરેજ માટે ૧૦૦ ટન ક્ષમતાની ત્રણ ટેંક ઉપલબ્ધ છે અને તૈયાર હોટમિક્સ પ્લાન્ટ મટિરિયલનાં સ્ટોરેજ માટે ૧૦૦ ટન કેપેસીટીનો સાઈલો ઉપલબ્ધ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૩૦ જૂન ૨૦૨૫ થી આજદીન સુધીમાં કુલ ૮૦૯૨.૯૦૦ મે.ટન હોટમિક્સ પ્લાન્ટ મટિરિયલનું પ્રોડકશન કરવામાં આવ્યું છે,જેમાં પ્રતિદીન ૬૦૦ મે.ટન જેટલુ હોટમિક્સ પ્લાન્ટ મટિરિયલનો અ.મ્યુ.કો.નાં જુદા-જુદા સાત ઝોનમાં સપ્લાય કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં થતા ઈજનેરી કામમાં ગુણવત્તાની ચકાસણી માટે આ પ્લાન્ટમાં ૨.૭૪ કરોડના ખર્ચે અદ્યતન લેબોરેટરી પણ ટૂંક સમયમાં કાર્યાન્વીત થશે. આ સિવાય વાતારણમાં થતા પ્રદુષણને અટકાવવા માટે અ.મ્યુ.કો.નાં મિશન મિલિયન ટ્રી કેમ્પેઈન અંતર્ગત પ્લાન્ટ એરીયામાં આશરે ૮૦૦ જેટલા ઝાડ ઉગાડવામાં આવ્યા છે. આમ, આ પ્લાન્ટના થકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઝડપથી શહેરી રસ્તાઓની મરામત કરી શકે છે, ખાસ કરીને વરસાદી મોસમમાં જ્યારે ખાડા સામાન્ય થઈ જાય છે. અહીંથી તૈયાર થતું હોટ મિક્સ માત્ર મટિરિયલ નથી એ **AMC**ની પ્રમાણભૂત કામગીરી, યોજનાત્મક વ્યવસ્થાપન અને શહેરી વિકાસ માટેની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨






નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) ના ૯૭મા સ્થાપના દિવસના ઉદ્ઘાટન દરમિયાન કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે મુલાકાત કરી.

## ન્યૂઝ બ્રિફ

### ઉદયપુર ફાઈલ્સની રિલીઝ પર સુપ્રીમ કોર્ટે આદેશ આપવાનો ઈનકાર કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

કનૈયાલાલ હત્યાકાંડ પર આધારિત ફિલ્મ ઉદયપુર ફાઈલ્સની રિલીઝ પર સુપ્રીમ કોર્ટે તુરંત કોઈ આદેશ આપવાનો ઈનકાર કરી દીધો છે. કોર્ટે કહ્યું કે, તમામ પક્ષ પહેલાંથી જ કેન્દ્રીય સૂચના-પ્રસારણ મંત્રાલય તરફથી બનાવવામાં આવેલી કમિટી સામે પોતાની વાત મૂકે. સુપ્રીમ કોર્ટ સોમવારે (૨૧ જુલાઈ) આ મામલે આગળની સુનાવણી હાથ ધરશે. જૂન ૨૦૨૨માં ઉદયપુરમાં દરજીનું કામ કરનાર કનૈયાલાલનું ગળું કાપીને હત્યા કરી દેવામાં આવી હતી. એ સમયે પૈગમ્બર મોહમ્મદ વિશે ભાજપ નેતા નૂપુર શર્માના એક નિવેદનને લઈને ઘણો વિવાદ ચાલી રહ્યો હતો. કનૈયાલાલે નૂપુરનું સમર્થન કરતું પોસ્ટ સોશિયલ મીડિયા પર શેર કર્યું હતું. તેથી મોહમ્મદ રિયાઝ અને મોહમ્મદ ગૌસે તેની હત્યા કરી દીધી હતી. આરોપ છે કે, આ હત્યામાં અન્ય લોકોનો પણ સહયોગ હતો. ૧૦ જુલાઈએ દિલ્હી હાઈકોર્ટે જમિયત ઉલેમા-એ-હિન્દની અરજી પર સુનાવણી કરતા ફિલ્મ રિલીઝ પર રોક લગાવી દીધી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર સિનેમેટોગ્રાફી એક્ટની કલમ ૬ હેઠળ આ મામવિ વિચાર કરીને નિર્ણય લે. હાઈકોર્ટના આદેશની સામે મેકર્સ સુપ્રીમ કોર્ટ પહોંચ્યા છે. આ સિવાય કનૈયાલાલ હત્યાકાંડના આરોપી જાવેદે પણ અરજી દાખલ કરી ફિલ્મની રીલિઝ રોકવાની માંગ કરી છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સૂર્યકાંત અને જોયમાલ્યા બાગચીની ખંડપીઠ સામે ફિલ્મ મેકર્સ તરફથી વરિષ્ઠ વકીલ ગૌરવ ભાટિયા અને વકીલ સૈયદ રિઝવાન અહેવદે દલીલ કરી હતી.

### અધિકારીએ હાથ પકડી અટકાવતા નારાજ ધારાસભ્યે હોબાળો કર્યો

। (એજન્સી) હરદા, તા.૧૬ ।

મધ્યપ્રદેશના હરદામાં પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ સાથે કલેક્ટર કાર્યાલયમાં જઈ રહેલા ટિમરનીના કોંગ્રેસ ધારાસભ્ય અભિજીત શાહને દરવાજા પર જ અટકાવતા ગુસ્સે થયા હતા. પોલીસે અધિકારીએ તેમનો હાથ પકડી અટકાવ્યા હતા. જેથી નારાજ ધારાસભ્યે હોબાળો કર્યો હતો. હોબાળો સાંભળી દિગ્વિજય સિંહે પોતાના ધારાસભ્ય પુત્ર જયવર્ધનસિંહને મોકલ્યા હતા. તેમણે મામલો થાળે પાડ્યો હતો. હરદામાં કોંગ્રેસ ધારાસભ્યનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો ૧૪ જુલાઈની સાંજનો છે. ટિમરનીના ધારાસભ્ય અભિજીત શાહ પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજયસિંહ સાથે કલેક્ટર ઑફિસ જઈ રહ્યા હતા. મોડું થતાં તેઓ પાછળ રહી ગયા હતા. અંદર પ્રવેશતી વખતે એક પોલીસ અધિકારીએ તેમને અટકાવ્યા હતા, અને હાથ પકડી લીધો હતો. જેથી ધારાસભ્ય ભડકી ઉઠ્યા હતા. તેમણે અધિકારીને કહ્યું કે, હું ધારાસભ્ય છું, તે મારો હાથ પકડ્યો જ કેમ... ધારાસભ્ય આકરા અંદાજમાં પોલીસ અધિકારી સાથે તુતુ-મેંમેં કરી રહ્યા હતા. પોલીસ અધિકારીએ બાદમાં માફી માગી હતી. જેથી દિગ્વિજય સિંહે તુરંત પોતાના MLA પુત્ર જયવર્ધનસિંહને મોકલ્યા હતા. જયવર્ધનસિંહે અભિજીત શાહને શાંત પાડ્યા હતા.

### લેન્ડિંગ ગાઝિયાબાદના હિંડન એરફોર્સ સ્ટેશન પર થશે

# અમેરિકા ભારતને ઘાતક અપાચે હેલિકોપ્ટર આપવા માટે તૈયાર

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।

પાકિસ્તાન સાથેના તણાવ વચ્ચે ભારતની તાકાતમાં વધુ એક વધારો થવા જઈ રહ્યો છે. લાંબા સમયની રાહ જોયા બાદ ભારતીય સેનાને અપાચે લડાકુ હેલિકોપ્ટરનો પ્રથમ કન્સાઈનમેન્ટ મળવા જઈ રહી છે. અમેરિકાથી અપાચે હેલિકોપ્ટરની ડિલિવરી આ જ અઠવાડિયે થવા જઈ રહી છે. પ્રથમ કન્સાઈનમેન્ટ હેઠળ કુલ ત્રણ અપાચે હેલિકોપ્ટર મળશે, જે રાત્રિના અંધારામાં પણ ટાર્ગેટને શોધીને તેને મારવામાં સક્ષમ છે. અમેરિકન સેનામાં લાંબા સમયથી તહેનાત આ હેલિકોપ્ટરની ખૂબ માગ રહી છે.



અત્યાર સુધીમાં લગભગ ૨૦ દેશોમાં અમેરિકા દ્વારા આ હેલિકોપ્ટરની ડિલિવરી કરવામાં આવી ચૂકી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે ભારત પાકિસ્તાન સરહદ પર આ હેલિકોપ્ટર તહેનાત કરવાની તૈયારી કરી રહ્યું છે. ૨ જુલાઈના રોજ જ સમાચાર આવ્યા હતા કે આ હેલિકોપ્ટરની ડિલિવરીની રાહ સમાપ્ત થશે અને તે આ જ મહિને ભારત આવી શકે છે. આ હેલિકોપ્ટરને હવાઈ ટેન્ક પણ કહેવામાં આવે છે. અમેરિકાથી આવનારા AH-64Es અપાચે હેલિકોપ્ટરોનું લેન્ડિંગ ગાઝિયાબાદના હિંડન એરફોર્સ સ્ટેશન પર થશે. ભારતીય સેનાએ આ હેલિકોપ્ટર માટે એક અલગ કાફલો તૈયાર કરી લીધો છે. જોધપુરમાં ૧૫ મહિના પહેલા જ તેની શરૂઆત થઈ ચૂકી છે. પરંતુ હેલિકોપ્ટરની ડિલિવરી અટકી ગઈ હતી. તેનું કારણ એ હતું કે, વિશ્વના ભૂ-રાજકીય સમીકરણો બદલાઈ ગયા હતા અને ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર પણ ટ્રેડ ટેરિફ વગેરેમાં વ્યસ્ત હતું. તમને જણાવી દઈએ કે, ઈન્ડિયન એરફોર્સ પાસે પહેલાથી જ પઠાણકોટ અને જોરહાટમાં બે સ્ક્વોડ્રન એક્ટિવ છે. તમને જણાવી દઈએ કે, ૨૦૧૫માં પણ ભારત સરકારે અમેરિકા સાથે ૨૨ અપાચે હેલિકોપ્ટરની ડીલ કરી હતી. તે ઓર્ડરની સંપૂર્ણ ડિલિવરી અમેરિકા દ્વારા જુલાઈ ૨૦૨૦માં કરી દેવામાં આવી હતી. ત્યારબાદ ૨૦૨૦માં ભારતે વધુ ૬ હેલિકોપ્ટર ખરીદવાની ડીલ કરી હતી. આ ડીલ હેઠળ પ્રથમ કન્સાઈનમેન્ટની ડિલિવરી મે થી જૂન ૨૦૨૪ દરમિયાન થવાની હતી. પરંતુ તેમાં વિલંબ થતો રહ્યો. તમને જણાવી દઈએ કે, અમેરિકન કંપની બોઈંગ અને ટાટા દ્વારા હૈદરાબાદમાં પણ એક જોઈન્ટ વેન્ટર ચાલી રહ્યું છે. અહીં તૈયાર કરવામાં આવેલ એક અપાચે હેલિકોપ્ટર ૨૦૨૩માં ભારતીય સેનાને મળ્યું હતું. આ હેલિકોપ્ટરની ખાસિયત એ છે કે, તે અંધારામાં પણ હુમલો કરી શકે છે. આ ઉપરાંત તે કોઈપણ હવામાનમાં સચોટ ડેટા હાંસલ કરી શકે છે.

# ફૌજા સિંહ હિટ એન્ડ રન કેસમાં NRIની ધરપકડ

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૬ ।

૧૧૪ વર્ષીય મેરેથોન રનર ફૌજા સિંહ સાથે જોડાયેલો હિટ એન્ડ રનનો મામલો દેહાત પોલીસે માત્ર ૩૦ કલાકની અંદર ઉકેલ્યો છે. મંગળવારે મોડી રાત્રે પોલીસે ૩૦ વર્ષીય એનઆરઆઈ અમૃતપાલ સિંહ ઢિલ્લોનની ધરપકડ કરી છે. તેમજ તેની ફોર્ચ્યુનર કાર (PB20C7100) પણ જપ્ત કરી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, અમૃતપાલની પોલીસ સ્ટેશનમાં પૂછપરછ કરવામાં આવી હતી. તેણે પોતાનો ગુનો કબૂલી લીધો છે. આરોપીએ જણાવ્યું કે, તે ફોન વેચી મુકેરિયાથી પરત ફરી રહ્યો હતો, ત્યારે વ્યાસ પિંડ નજીક એક વરિષ્ઠને ગાડીની અડફેટે લીધો હતો. તેને જાણ ન હતી કે, વરિષ્ઠ વ્યક્તિ ફૌજા સિંહ છે. મોડી રાત્રે મીડિયામાં સમાચારમાં તેને જાણ થી હતી. આરોપી અમૃતપાલ સિંહ ઢિલ્લોન જલંધરના કરતારપુરના દાસુપુર ગામનો રહેવાસી છે. અકસ્માત બાદ તે જલંધર ગયો ન હતો. પરંતુ ગામડાંઓમાંથી થઈ સીધો કરતારપુર પહોંચ્યો હતો. પોલીસે તેની કરતારપુર સ્થિત ઘરમાંથી ધરપકડ કરી હતી. એસએસપી હરવિન્દરસિંહ વિર્કના નિર્દેશ પર બનાવવામાં આવેલી પોલીસ ટીમે સંદિગ્ધ વાહનોની યાદી તૈયાર કરી હતી.

### જાડેજા-કેએલને થયો ફાયદો

# ICC ટેસ્ટ રેન્કિંગમાં જો રૂટે ફરી અવ્વલ સ્થાન હાસલ કર્યું

### ન્યૂઝીલેન્ડનો કેપ્ટન કેન વિલિયમસન ૮૬૭ રેટિંગ સાથે એક નંબર પાછળ ખસી બીજા ક્રમે પહોંચ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ આજે ટેસ્ટ બેટિંગ રેક્િંગ જાહેર કર્યું છે. જેમાં ઈંગ્લેન્ડના સ્ટાર બેટર જો રૂટે આઈસીસી મેન્સ ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં ફરી પાછું નંબર વનનું સ્થાન હાંસલ કર્યું છે.

રૂટે ભારત સામેની લોર્ડ્સ ટેસ્ટની ત્રીજી મેચમાં આકર્ષક પર્ફોર્મન્સ આપી માત્ર એક સપ્તાહમાં જ ફરી પાછું અવ્વલ સ્થાન હાંસલ કર્યું છે. આ મેચમાં તેણે ૧૦૪ અને ૪૦ રન બનાવવાની સાથે ઈંગ્લેન્ડને ૨૨ રનથી જીતાડવામાં મદદ કરી હતી. ૩૪ વર્ષીય જો રૂટ ૮૮૮ રેટિંગ સાથે વિશ્વનો નંબર વન ટેસ્ટ બેટર બન્યો છે. જ્યારે ન્યૂઝીલેન્ડનો કેપ્ટન કેન વિલિયમસન ૮૬૭ રેટિંગ સાથે એક નંબર પાછળ ખસી બીજા ક્રમે પહોંચ્યો છે. કુમાર સંગાકારાએ ૨૦૧૪માં ટોપ ટેસ્ટ બેટર તરીકે ૩૯ વર્ષે આ સિદ્ધિ હાંસલ કરી હતી. ત્યારબાદ સૌથી મોટી વયે આ સિદ્ધિ હાંસલ કરનારો જો રૂટ પહેલો ટોપ ટેસ્ટ બેટર બન્યો છે. આઈસીસીની આ યાદીમાં ત્રીજા ક્રમે ઈંગ્લેન્ડનો હેરી બ્રુક છે. ચોથા ક્રમે ઓસ્ટ્રેલિયાના સ્ટિવ સ્મિથ અને પાંચમા સ્થાને ભારતના યુવા ખેલાડી યશસ્વી જયસ્વાલ છે. તેણે ઈંગ્લેન્ડ સામેની એજબેસ્ટન ટેસ્ટમાં ઉમદા બેટિંગ કરી ૮૦૧નું રેટિંગ હાંસલ કર્યું છે. જો કે, યશસ્વી અગાઉ ચોથા ક્રમે છે. જ્યારે ઋષભ પંતે પણ રેન્કિંગ ગુમાવ્યું છે. તે હવે આ યાદીમાં આટમા ક્રમે છે. ઓલ રાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ બેસ્ટ ટેસ્ટ બેટરની યાદીમાં નોંધનીય કૂદકો લગાવ્યો છે. તે લોર્ડ્સ ટેસ્ટની ત્રીજી મેચમાં ૭૨ અને બાદમાં ૬૧ રને અણનમ રહ્યો હતો. જેથી આ રેન્કિંગમાં તે પાંચ ક્રમ આગળ વધી ૩૪માં ક્રમે આવ્યો છે.

### જીત બાદ ઇંગ્લેન્ડને ICCએ ડબલ ઝટકો આપ્યો

# ઇંગ્લેન્ડને ધીમા ઓવર રેટ બદલ કિંમત ચૂકવવી પડી

### WTC પોઈન્ટ ટેબલમાંથી ઇંગ્લેન્ડના બે પોઈન્ટ કપાયા ટીમને મેચ ફીના ૧૦ ટકા દંડ પણ ફટકારવામાં આવ્યો

। (એજન્સી) લોર્ડ્સ, તા.૧૬ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચાલી રહેલી ટેસ્ટ સિરીઝમાં ત્રણ મેચ રમાઈ છે. લોર્ડ્સમાં રમાયેલી ત્રીજી મેચ જીતીને ઈંગ્લેન્ડે ૨-૧ની લીડ જાળવી રાખી છે. લોર્ડ્સ ટેસ્ટમાં ભારત સામે ૨૨ રનની રોમાંચક જીત દરમિયાન ઈંગ્લેન્ડને ધીમા ઓવર રેટ બદલ કિંમત ચૂકવવી પડી હતી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ ઈંગ્લેન્ડને બેવડો ઝટકો આપ્યો છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) પોઈન્ટ ટેબલમાંથી ઈંગ્લેન્ડના બે પોઈન્ટ કાપવામાં આવ્યા છે. એટલું જ નહીં, ટીમને મેચ ફીના ૧૦ ટકા દંડ પણ ફટકારવામાં આવ્યો છે. ICCએ જણાવ્યું હતું કે ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ માટેની આચારસંહિતાની કલમ ૨.૨૨ મુજબ ઈંગ્લેન્ડને મેચ ફીના ૧૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે, જે ન્યૂનતમ ઓવર-રેટ ગુનાઓ સાથે સંબંધિત છે. આ મુજબ, નિર્ધારિત સમયમાં ન ફેંકાયેલી દરેક ઓવર માટે ખેલાડીઓની મેચ ફીના પાંચ ટકા દંડ લાદવામાં આવ્યો છે. WTCની રમતની શરતોની કલમ ૧૬.૧૧.૨ અનુસાર, જો કોઈ ટીમ નિર્ધારિત સમયમાં ઓવર પૂર્ણ ન કરે, તો દરેક ઓછી ઓવર માટે એક પોઈન્ટ કાપવામાં આવે છે, આ કપાત સમય મુક્તિને ધ્યાનમાં લીધા પછી કરવામાં આવે છે. ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ગુનો સ્વીકાર્યો છે. આ સાથે તેમણે રિચી રિચાર્ડસન દ્વારા લાદવામાં આવેલા પ્રસ્તાવિત દંડનો પણ સ્વીકાર કર્યો. ICC એ કહ્યું કે આવી સ્થિતિમાં ઔપચારિક સુનાવણીની કોઈ જરૂર નથી. આ આરોપ ફિલ્ડ અમ્પાયર પોલ રીફેલ અને શરાફુદૌલાને શાહિદ, થર્ડ અમ્પાયર અહસાન રઝા અને ફોર્થ અમ્પાયર ગ્રેહામ લોયડ દ્વારા લગાવવામાં આવ્યો હતો.

### મુંબઈના એંટોપ હિલ વિસ્તારમાંથીનો કિસ્સો

# પિતાએ પોતાની ૪ વર્ષની સાવકી દીકરીની નિર્દત્યાપૂર્વક હત્યા કરી

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

મુંબઈના એંટોપ હિલ વિસ્તારમાંથી એક એવો કિસ્સો સામે આવ્યો છે, જેણે પિતા અને દીકરી જેવા પવિત્ર સંબંધોને લાંછન લગાડ્યું છે. અહીં એક પિતાએ પોતાની ૪ વર્ષની સાવકી દીકરીની નિર્દત્યાપૂર્વક હત્યા કરી નાખી. તે ખાલી એટલા માટે કેમ કે તે પત્ની સાથે સમય વિતાવી શકતો નહોતો. કેમ કે બાળકી તેમાં અડચણરુપ હતી. આ કહાની ખાલી એક હત્યા નથી, આ એ સંબંધો તૂટવાની કહાની છે, જે સમાજમાં સૌથી મજબૂત અને સુરક્ષિત માનવામાં આવે છે. એટલે કે બાપ-દીકરીનો સંબંધ. મુંબઈના કોલાબા વિસ્તારમાં સવાર સવારમાં ત્યારે હડકંચ મચી ગયો, જ્યારે સસૂન ડોક નજીક દરમ્યાનમાંથી ૪ વર્ષની બાળકીની લાશ મળી. શરુઆતી તપાસમાં જાણવા મળ્યું કે, બાળકીનું ગળું દબાવીને હત્યા કરી અને પછી તેની લાશને દરિયામાં ફેંકી દીધી. પોલીસ માટે સૌથી મોટો સવાલ એ છે કે આખરે કોઈ આટલી માસૂમ બાળકીને કેવી રીતે મારી શકે. પોલીસે બાળકીની ઓળખ થતાં પરિવારનો સંપર્ક કર્યો, પણ ચોંકાવનારી વાત એ છે કે, બાળકીનો સાવકો પિતા ઈમરાન શેખ (૪૦) તે સમયે ગુમ હતો, જ્યારથી બાળકી ગુમ હતી. પહેલા પતિ-પત્નીએ બાળકી ગુમ થવાનો રિપોર્ટ લખાવ્યો અને ત્યાર બાદથી ઈમરાન ગુમ થઈ ગયો. આ વાત પર પોલીસને શંકા જવા લાગી અને તપાસ વધારી દીધી. આખરે એંટોપ હિલ પોલીસે ઈમરાન શેખની વર્લી વિસ્તારમાંથી ધરપકડ કરી. પૂછપરછમાં ઈમરાને જે જણાવ્યું તે સાંભળી આપના પણ રુંવાડા ઊભા થઈ જશે. તેણે જણાવ્યું કે, કેવી રીતે બાળકીને ઉછેરવી તેના માટે મુશ્કેલ થઈ ગયું.

### દવા HIV નિવારણની દિશામાં અકસીર સાબિત થઈ શકે

# HIVની નવી દવાને WHOની મંજૂરી, વર્ષમાં બે વખત ડોઝ લેવાના

### લોનાકાપાવિરને મંજૂરી મળ્યાની જાહેરાત ૧૩માં આંતરરાષ્ટ્રીય એઇડ્સ સોસાયટી સંમેલનમાં કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને (WHO) હ્યુમન ઈમ્યુનો ડેફિશિયન્સી સિન્ડ્રોમ (HIV)ના નિવારણ માટે લેનાકાપાવિરના ઉપયોગને મંજૂરી આપી છે. આ દવા HIV નિવારણની દિશામાં અકસીર સાબિત થઈ શકે છે. આ દવા એવા લોકો માટે જીવનરક્ષક સાબિત થઈ શકે છે, જેને HIV એક્સપોઝરનું જોખમ વધારે હોય છે. જેમ કે, સેક્સ વર્કર અથવા એવા લોકો જે એચઆઈવી દર્દીઓની સારવાર અથવા દેખરેખના કામ સાથે જોડાયેલા છે. WHO એ વૈશ્વિક એચઆઈવી નિવારણના પ્રયાસોને મજબૂત કરવા માટે દિશાનિર્દેશ જાહેર કર્યા અને આ દરમિયાન તેમને લૉન્ગ ટર્મ સુરક્ષા આપતી આ એન્ટીરેટ્રોવાઈરલ દવાને મંજૂરી આપી. લોનાકાપાવિરને મંજૂરી મળ્યાની જાહેરાત ૧૪ જુલાઈએ પૂર્વ આફ્રિકન દેશ રવાંડાની રાજધાની કિગાલીમાં આયોજિત ૧૩માં આંતરરાષ્ટ્રીય એઇડ્સ સોસાયટી સંમેલનમાં કરવામાં આવી હતી.

અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ લેનાકાપાવિરને પહેલાં જ મંજૂરી આપી દીધી હતી. HIV નિવારણ માટે આ ઈન્જેક્શન વર્ષમાં બે વાર પ્રી-એક્સપોઝર પ્રોફિલેક્સિસ (PrEP) સારવારની સ્થિતિમાં આપવામાં આવે છે. આ ઈન્જેક્શનને ૨૦૨૨માં HIVની સારવાર માટે મંજૂરી મળી હતી. આ ટ્રાયલ દરમિયાન HIV સંક્રમણથી બચવામાં અસરકારક સાબિત થઈ છે. અહેવાલો અનુસાર, WHOના ડિરેક્ટર જનરલ Tedros Adhanom Ghebreyesus એ કહ્યું કે, હજુ સુધી HIV ની રસી નથી બનાવી શક્યા. પરંતુ, આ નવી દવા જેને વર્ષમાં ફક્ત બે વાર લેવાની જરૂર છે, તે અત્યાર સુધીની સૌથી સારી નવી દવા છે.'

નોંધનીય છે કે, ફક્ત ૨૦૨૪માં આશરે ૧૩ લાખ લોકો એચઆઈવીથી સંક્રમિત થયા હતા. જેમાં મોટાભાગના લોકો સેક્સ વર્કર, પુરૂષો સાથે યૌન સંબંધ બાંધનારા પુરૂષ, ટ્રાન્સજેન્ડર, નશાકારક દવાનું ઈન્જેક્શન લગાવનારા લોકો, જેલમાં બંધ લોકો, બાળકો અને કિશોરો હતા.

### પહલગામ આતંકી હુમલામાં વધુ એક ખુલાસો

# આતંકવાદીઓએ નિર્દોષોની હત્યા કર્યા બાદ ઉજવણી કરી

### હુમલા પછી ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓએ ઉજવણીમાં હવામાં ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું

। (એજન્સી) જમ્મુ, તા.૧૬ ।

પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલાના એક સાક્ષીએ તપાસ એજન્સીઓને ચોંકાવનારા નિવેદનો આપ્યા છે જેમાં ૨૬ નિર્દોષ નાગરિકો માર્યા ગયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મુખ્ય સાક્ષીએ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ને જણાવ્યું હતું કે હુમલા પછી ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓ એ ઉજવણીમાં હવામાં ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જમ્મુ અને કાશ્મીર પોલીસ અને કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓની મદદથી, NIA એ આ સ્થાનિક વ્યક્તિને શોધી કાઢ્યો, જેને હવે સ્ટાર પ્રોટેક્ટેડ સાક્ષીનો દરજ્જો આપવામાં આવ્યો છે. હુમલાની થોડી મિનિટો પછી જ તે આતંકવાદીઓ સામ-સામે આવી ગયા હતા. એક અહેવાલમાં, તપાસ અધિકારીને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, સાક્ષીએ જણાવ્યું હતું કે આતંકવાદીઓએ તેને રોક્યો હતો અને કલમાનો પાઠ કરવાનું કહ્યું હતું. જ્યારે તેણે સ્થાનિક કાશ્મીરી ઉચ્ચારણમાં પાઠ કરવાનું શરૂ કર્યું, ત્યારે તેઓએ તેને છોડી દીધો અને તરત જ હવામાં ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું. સાક્ષીના નિવેદનના આધારે, ઘટનાસ્થળેથી ચાર ખાલી કારતૂસ મળી આવ્યા છે, જે તે ઉજવણીના ગોળીબાર સાથે સંબંધિત છે. આ ઉપરાંત, સાક્ષીએ એમ પણ જણાવ્યું કે તેણે સ્થાનિક આરોપીઓ પરવેઝ અહમદ જોથર અને બશીર અહમદને એક ટેકરી પાસે ઉભા જોયા જ્યાં તેઓ આતંકવાદીઓનો સામાન સંભાળી રહ્યા હતા. બાદમાં આતંકવાદીઓ તે જ સામાન લઈને ત્યાંથી ચાલ્યા ગયા. ગયા મહિને, NIA એ આતંકવાદીઓને આશ્રય આપવા અને ટેકો આપવાના આરોપ સર પરવેઝ અને બશીરની ધરપકડ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓ ૨૧ એપ્રિલના રોજ બપોરે ૩:૩૦ વાગ્યે પરવેઝના ઘરે આવ્યા હતા.

## તંત્રી લેખ...

# દેશમાં પાંચ વર્ષમાં ૬૫ વિમાનોના એન્જિન હવામાં ફેઈલ થયા

અમદાવાદમાં એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર તૂટી પડવાની દુર્ઘટના અંગે એએઆઈબીના પ્રાથમિક રિપોર્ટ પર ભારે વિવાદ સર્જાયો છે. એએઆઈબી પર પાઈલટ પર દોષારોપણ નાંખીને અમેરિકન વિમાન કંપની બોઈંગને બચાવવાના આક્ષેપ થઈ રહ્યા છે. આવા સમયે એક આરટીઆઈમાં ઘટસ્ફોટ થયો છે કે છેલ્લા પાંચ વર્ષમાં હવામાં જ ૬૫ વિમાનોના એન્જિન ફેઈલ થઈ ગયા હતા.નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (ડીજીસીએ)ના આંકડા મુજબ વર્ષ ૨૦૨૦થી ૨૦૨૫ વચ્ચે ઉડ્ડયન સમયે ૬૫ વખત એન્જિન ફેઈલ થઈ ગયા. આ સિવાય ૧૭ મહિનામાં ૧૧ મેડે કોલ નોંધાયા હતા. જોકે, આ આંકડામાં લંડન જતી એર ઈન્ડિયાની ફલાઈટ એઆઈ-૧૭૧, જે અમવાદાવાદમાં તૂટી પડી હતી અને ઈન્ડિગોની ડાયવર્ટ કરાયેલી ઘરેલુ ફલાઈટનો સમાવેશ કરાયો નથી. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)એ પાસેથી માહિતીના અધિકાર હેઠળ માગવામાં આવેલી વિગતો મુજબ ઈંધણમાં પાણી અથવા અન્ય ગંદકી આવી જવાથી, ટર્બાઈનમાં ખામી થવાથી, ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં ગડબડી, ઈંધણ પૂરવઠામાં અવરોધ જેવી બાબતોના કારણે હવામાં એન્જિન ફેઈલ થયા હોઈ શકે છે. જોકે, નિષ્ણાતોનું કહેવું છે કે દુનિયામાં ક્યાંય પણ એન્જિન ફેઈલ થવું અથવા મેડે કોલ સંપૂર્ણપણે સામાન્ય નથી, પરંતુ ભારતમાં તેને ચિંતાજનક બનાવી દેવાયું છે.આરટીઆઈ મુજબ ભારતમાં સંચાલિત પ્રત્યેક એરલાઈનનપ્રત્યેક એક મહિને એક વિમાનના એન્જિનમાં ખામી સર્જી છે. એરક્રાફ્ટ એક્સિડન્ટટ ઈન્વેસ્ટિગેશન બ્યુરોના રિપોર્ટ મુજબ બંને ફ્યુઅલ કંટ્રોલ સ્વિચ કટઓફ મોડમાં આવી જતા બંને એન્જિનને ઈંધણ મળવાનું બંધ થઈ ગયું હશે, જેને પગલે એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર તૂટી પડયું હશે.ડીજીસીએ ટેકઓફ સમયે અથવા હવામાં જ એન્જિન બંધ થઈ ગઈ હોય તેવી બધી જ ઘટનાઓનો ડેટા રાખે છે. આરટીઆઈમાં મેળવાયેલી વિગતો એએઆઈબીનો રિપોર્ટમાં એઆઈ બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનરમાં ફ્યુઅલ કંટ્રોલ સ્વિચમાં ખામી અંગેના સંકેતોને અનુરૂપ છે. ફેડરેશન ઓફ ઈન્ડિયન પાયલટ્સના પ્રમુખ કેપ્ટન સી. એસ. રંધાવાએ જણાવ્યું હતું કે, બધી જ ૬૫ ઘટનાઓમાં પાયલટ્સ વિમાનને એક જ એન્જિન પર વિમાનને સફળતાપૂર્વક નજીકના એરપોર્ટ પર લઈ જવામાં સક્ષમ બન્યા છે.

## કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે જાપાનમાં ઉદ્યોગ જોડાણને મજબૂત બનાવ્યું અને ટોક્યોમાં ઇન્ડિયા ટ્રેન્ડ ફેર ૨૦૨૫નું ઉદ્ઘાટન કર્યું



જાપાનની સત્તાવાર મુલાકાતના બીજા દિવસે, કેન્દ્રીય કાપડ મંત્રી શ્રી ગિરિરાજ સિંહે મુખ્ય જાપાની કંપનીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠકોની શ્રેણી યોજી અને ૧૫ જુલાઈ ૨૦૨૫ના રોજ ટોક્યોમાં ૧૯મા ઈન્ડિયા ટ્રેન્ડ ફેર ૨૦૨૫નું ઉદ્ઘાટન કર્યું હતું. આ મેળો ભારતીય કાપડ નિકાસકારો માટે જાપાની ખરીદદારો સાથે સીધા જોડાવા માટે સૌથી મોટા પ્લેટફોર્મ પૈકીનો એક છે અને તેનાથી દ્વિપક્ષીય કાપડ વેપાર વધુ ગાઢ થવાની અપેક્ષા છે.

મંત્રીએ ઝિપર્સ અને ફાસ્ટનિંગ ઉત્પાદનોના વિશ્વના સૌથી મોટા ઉત્પાદક YKK કોર્પોરેશનના નેતૃત્વ સાથે મુલાકાત કરી હતી. હરિયાણામાં પહેલેથી જ કાર્યરત YKK એ અન્ય રાજ્યોમાં વિસ્તરણ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. મંત્રીશ્રીએ તેમને PM MITRA પાર્ક્સમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું, જેને સારો પ્રતિસાદ મળ્યો હતો.

વર્કવેર અને ફંક્શનલ એપેરલ ક્ષેત્રે અગ્રણી કંપની વર્કમેન કંપનીના પ્રમુખ સાથેની એક મહત્વપૂર્ણ બેઠકમાં, મંત્રીએ ભારતના વધતા ઉત્પાદન ઈકોસિસ્ટમ પર પ્રકાશ પાડ્યો હતો. વર્કમેને PM MITRA ફ્રેમવર્ક હેઠળ ભારતમાં ઉત્પાદન સુવિધાઓ સ્થાપવામાં મજબૂત રસ દર્શાવ્યો હતો.

મંત્રીએ ડિજિટલ અને ઔદ્યોગિક પ્રિન્ટિંગમાં વૈશ્વિક ખેલાડી કોનિકા મિનોલ્ટા સાથે પણ ચર્ચા કરી હતી. તેમણે તેમને ભારતમાં કામગીરી વિસ્તૃત કરવા અને ESG અને ટકાઉપણું લક્ષ્યોમાં યોગદાન આપવા આમંત્રણ આપ્યું હતું. કંપનીએ ભારતમાં તેના વ્યવસાયને વધારવાની તકનું સ્વાગત કર્યું હતું.

વધુમાં, શ્રી ગિરિરાજ સિંહે ફાઈબર, ઔદ્યોગિક સામગ્રી અને વિશેષ કાપડમાં ૨૦ અબજ ડોલરના જૂથ, અસાહી કાસી કોર્પોરેશનના નેતૃત્વ સાથે મુલાકાત કરી હતી. કંપનીએ 'મેક ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ' પહેલ હેઠળ રોકાણ કરવામાં ઊંડો રસ દર્શાવ્યો હતો.

કેન્દ્રીય મંત્રીએ જાપાનના ટોક્યોમાં ૨૦ અબજ ડોલરના સમૂહ, Asahi KASEIની નેતૃત્વ ટીમ સાથે મુલાકાત કરી હતી.

આ દિવસ ટોક્યોમાં ભારતીય દૂતાવાસ ખાતે રોડ શો અને ઉદ્યોગ વાર્તાલાપ સાથે સમાપ્ત થયો, જેમાં કાપડ ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરીને ભારત-જાપાન ભાગીદારીની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૧૦૦થી વધુ ઉદ્યોગ નેતાઓએ ભાગ લીધો હતો. જેમાં રાજદૂત શ્રી સિબી જ્યોર્જ અને કાપડ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ગિરિરાજ સિંહે વૈશ્વિક કાપડ હબ તરીકે ભારતની શક્તિઓ પર પ્રકાશ પાડ્યો અને જાપાની કંપનીઓને ભારતની કાપડ વૃદ્ધિની વાર્તામાં ભાગીદાર બનવા આમંત્રણ આપ્યું હતું.

---

### શ્રાવણ એટલે શિવ શંકરને ભક્તિ કરી રીઝાવવાનો મહિનો અને એટલે જ શ્રાવણમાં વ્રત ઉપવાસનો મહિમા છે

# જાગને જાદવા.. એ પદ મુજબ શ્રાવણી ભક્તિ માટે જીવ નું જાગવું બહુ આવશ્યક છે





**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ઘણીવાર આપણે આ વિશે જ ચિંતનમાં વાત કરીએ છીએ, કે જાગવું પડશે! જાગવું પડશે! પરંતુ આપણી તરફ કોઈએ આંગળી ચીંધે કે આ આપની ભૂલ છે, અને આપણે સ્વીકારી પણ લીધી, કે હા બરાબર છે. પરંતુ ભૂલ સ્વીકારવી એ તો સારી વાત છે જ, પરંતુ ભૂલ ન થાય એની માટેનાં કોઈ નક્કર પગલાં પણ લેવાં પડશે.**

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. અષાઢનો ઉતરાર્ધ ચાલે છે, અને હવે શ્રાવણનાં પડઘમ વાગી રહ્યા છે. શ્રાવણ એટલે શિવ શંકરને ભક્તિ કરી રીઝાવવાનો મહિનો, અને એટલે જ શ્રાવણમાં વ્રત ઉપવાસનો મહિમા છે. વ્રત ઉપવાસથી સંયમ વધે છે, અને સંયમથી જાગૃતિ વધે છે, અને ચોમાસાની ઋતુમાં કામ ભાવ પર સંયમથી જ જાગરણ થઈ શકે!; આમ તો ઈશ્વરે બનાવેલી સૃષ્ટિમાં માનવી સિવાય બધાં જ જાગૃત છે! જેમ કે પ્રકૃતિ પણ સદા જાગૃત હોય છે, અને એટલે જ છોડમાં સમયે ફૂલ અને વૃક્ષમાં ફળ આવે છે, સૂર્ય ચંદ્ર કોઈ દિવસ રજા રાખતાં નથી, અને નિયત સમયે જ તેનો ઉદય અને અસ્ત હોય છે. એ જ રીતે ઋતુઓ પણ પોતાનું અસ્તિત્વ સમયે જ સિદ્ધ કરે છે, અને જે કંઈ ઋતુકાળમાં ફેરફાર થાય છે, તે બધાં આપણે કારણે, એટલે કે પ્રકૃતિનું સંરક્ષણ કરી શક્યા નહીં એ ભૂલને કારણે થાય છે. ઘણીવાર આપણે આ વિશે જ ચિંતનમાં વાત કરીએ છીએ, કે જાગવું પડશે! જાગવું પડશે! પરંતુ આપણી તરફ કોઈએ આંગળી ચીંધે કે આ આપની ભૂલ છે, અને આપણે સ્વીકારી પણ લીધી, કે હા બરાબર છે. પરંતુ ભૂલ સ્વીકારવી એ તો સારી વાત છે જ, પરંતુ ભૂલ ન થાય એની માટેનાં કોઈ નક્કર પગલાં પણ લેવાં પડશે. એટલે કે જાગૃતિ એક, કલાક, એક દિવસની કે એક મહિનો, શું એટલું પર્યાપ્ત છે?? આવો કોઈ પ્રશ્ન થાય તો જવાબ મળશે કે, ના હો જાગૃતિ તો ક્ષણેક્ષણની હોવી જોઈએ. તો જ આગળ ઉપર જીવનમાં ફરી ભૂલ ન થાય, બાકી તો રાહ પરથી ગુમરાહ થવાની પૂરેપૂરી શક્યતા છે. પણ આ શ્રાવણે થોડી જાગૃતિ વધે એટલે આપણું સાચું જાગરણ થાય એ માટે આદ્યકવિ નરસિંહ મહેતાને યાદ કરીએ! અને એમને તો જાગૃતિના કવિ તરીકેનું પણ ઉપનામ મળ્યું છે. તો આજે આપણે તેની સુપ્રસિદ્ધ રચના જાગને જાદવા વિશે થોડું ચિંતન કરીશું.

*આદિ કવિ નરસિંહ મહેતા*

જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા
તુજ વિના ધેનમાં કોણ જાશે ?
ત્રણસેં ને સાઠ ગોવાળ
ટોળે વળ્યા
વડો રે ગોવાળિયો કોણ થાશે ?
૫ જાગને

સ્થૂળ રીતે તો માતા જશોદા કૃષ્ણને જગાડવા માટે આ રીતે કહે છે. પરંતુ આત્મ તત્વને કંઈ રીતે જગાડવુ એ આ પદની મુખ્ય વાત છે.આમ તો ત્રણસો ને સાઠ એવું કહી અને નરસિંહ ક્ષણેક્ષણની જાગૃતિનું મૂલ્ય અહીં મૂકે છે. સૂર્ય વર્ષમાં ત્રણસો ને પાંસઠ દિવસ અને ચંદ્ર વર્ષમાં ત્રણસો ચોપ્પન દિવસ હોય છે. એટલે સરેરાશ ત્રણસોને સાઠ દિવસ લખી ને રોજની જાગૃતિ કે જાગરણની વાત કરી. દિવસને ગોવાળીયો કહ્યો એની પાછળ પણ તત્વ ચિંતન છે. ગોવાળ જેમ સવાર પડતા જ ગાયો લઈને ચરાવવા નીકળી જાય છે. તેમ આ દિવસ થતાં જ રોજ સૂર્યનો ઉદય થવો અસ્ત થવો, અને એની સાથે સાથે જીવની જૈવિક ક્રિયાઓ પણ શરૂ થાય છે. આ બધી જ ક્રિયાઓ યથાવત રીતે થતી જ રહેતી હોવા છતાં જીવનું જાગવું પણ એટલું જ જરૂરી છે.એટલે કે માત્ર પ્રકૃતિનું જાગવું પર્યાપ્ત નથી, આપણે પણ જાગવું પડે. કર્તવ્ય કર્મ ને નામે તો તું રોજ જાગે છે,પણ જીવ જે દિવસે જાગે એ દિવસ ને વડો ગોવાળિયો કહ્યો,એ કોણ થાશે!!

દહીંતણા દહીંથરા ઘી તણાં
ઢેબરાં
કઢિયેલ દૂધ તે કોણ પીશે ?
હરિ તારો હાથિયો, કાળી નાગ
નાથિયો
ભૂમિનો ભાર તે કોણ સહાશે ?
૫ જાગને

ઘરે દિવસ દરેકે દરેક ના સરખા નથી જતા એમાં કોઈ દિવસ એટલે કે સંજોગ ખાટા દહી જેવા પણ હોય, દહીં શબ્દ પ્રયોગ અહીં ભોગવાદી માટે વપરાયો છે, ઘી શબ્દ આપણે ત્યાં જ્ઞાન માટે વપરાય છે, કઢિયેલ દૂધ એટલે પરમ પ્રેમામૃત ની વાત છે. કોઈ કોઈ દિવસ જીવ ભોગમાં રચ્યો પચ્યો રહે છે, કોઈ કોઈ વાર જ્ઞાન ની વાતો કરે છે,પરંતુ જો જાગશે નહીં તો આ અઢી એલ દૂધ સ્વરૂપ પરમ પ્રેમામૃત કેમ ચાખશે!! હે હરિ મારા જીવની જેમ ભૂમિકા હોય એટલે કે ભોગી જ્ઞાની કે પ્રેમી એનો પણ મને અહમ્ ન રહે એની માટે હરીજો હાથ વગો હોય તો એ મારા આ કારને નથી અને મને સામાન્ય જીવ બનાવી જીવાડે,જેથી પતન નો ડર ન રહે એ માટે પણ જીવ જાગતો રહે એ જરૂરી છે.

જમુનાને તીરે ગૌધણ ચારંતા
મધુરીશી મોરલી કોણ વા'શે ?
ભણે મહેતો નરસૈંયો ગુણ તારા
ગાઈએ,
બૂડતાં બાહડી કોણ સહાશે ?
૫ જાગને

જમુના શબ્દ પ્રયોગ કરી અહીં કર્મનો સિદ્ધાંત તેમણે રાખ્યો છે. કારણ કે આપણે જમુનાને કર્મ સાથે સરખાવી છે. જીવનું જીવન કર્મની આસપાસ ફરતું હોય છે, એટલે કે જમનાને તીર, ગાયો રૂપી ઈન્દ્રિયોને ચારતા મધુરીશી મોરલી,એટલે કે કર્તવ્ય કર્મ ઉપરાંત કોઈ એકાદ એવું કર્મ જે જીવનને પ્રસન્ન કરી જાય, આનંદિત કરી જાય, મુરલીની મીઠી ધૂન સંભળાવી જાય! આવું બધું ગાયને તને ભૂલી જવાનો પ્રયત્ન કરે છે, કારણકે જીવનની આ જાગૃતિની એકાદ પળ પણ ન આવે તો તારા વગર આ જીવની બાહડી, અથવા તો હાથ કોણ સાહસે, એટલે કે કોણ પકડશે.

નરસિંહ તો ક્ષણેક્ષણની જાગૃતિનું મૂલ્ય જાણી ચૂકેલા હતાં, અને એટલે જ એક એક પદમાં જાગવાની તેણે વાત કરી છે. આ પદના પણ હજી કઈક તત્વચિંતક અર્થ કરી શકાય. પરંતુ આપણી પ્રાથમિક બુદ્ધિમાં આટલી સરળ વાત પણ ઉતરે તો સારું જ છે. જાગરણનો આ તબ્બકો ચાલી રહ્યો છે, અને એ કરવું બહુ જરૂરી છે. કારણ કે અંદર બહાર બંને પ્રકૃતિ અસંતુલિત થઈ ચૂકી છે. જાગીશું નહીં તો જીવન હાથમાંથી ગયું જ સમજો.

આમ તો નરસિંહ મારો એટલો પ્રિય છે, કે નામ આવે ત્યાં જ રોમ રોમ પુલકિત થઈ જાય. એની નજરથી જ કૃષ્ણને નિરખ્યો છે, તેણે જ કૃષ્ણને પ્રિય બનાવ્યાં, અને નાગર માંથી ગોપી પણ તેણે જ બનાવી, નાગર, અને ગોપી, કેટલું વિચિત્ર સંયોજન નાગર એટલે સુશિક્ષિત, નાગર એટલે બુદ્ધિવાન, નાગર એટલે નવીન વિચારધારા,નાગર એટલે સુસંસ્કૃત, અને વિકાસશીલ સમાજનો સ્તંભ. જયારે ગોપીનો સીધો સાદો અર્થ એટલે ગવાર, અથવા તો ગામડામાં રહેનારી એવો થાય. પરંતુ જે નાગર હતી એનું બધું જ જ્ઞાન, હતું તેમનું તેમ રહી ગયું, અને એ પરમ પ્રેમ નામના પદાર્થનો સ્પર્શ થતા જ, એ સુધબુધ ખોઈ બેઠી અને ગોપી બની ગઈ એવો અર્થ કરી શકાય. જ્ઞાનને નામે માત્ર ને માત્ર જાણકારીઓ જ આપણે પ્રાપ્ત કરી છે, તો એ જાણકારીને એક બાજુ મૂકી એટલે કે સિદ્ધી ને એક ઓર રાખી ગવાર થવાના પણ ફાયદા છે, અને જીવનમાં ગોપીનો ભાવ દરેકે દરેક મહેસૂસ કરે એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસમાં સ્નેહ વંદન અને જય સીયારામ.

---

### આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો અનેક વર્ષોની તપસ્યા કરીએ છીએ તેમ છતાં અમને પણ ચિંતા રહે છે

# અવાજ ઊંચો હશે તો અમુક લોકો સુધી જ પહોંચશે, વિચારો ઊંચા હશે તો અનેક લોકો સુધી પહોંચશે





**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**વાસનાનું વસ્ત્ર પડી ગયું હતું. શુકદેવજી દિગમ્બર છે.સોળ વર્ષની અવસ્થા છે. અવધૂતનો વેશ છે.કેડ ઉપર કંદોરો નહીં તો લંગોટી ક્યાંથી હોય? ઘુંટણ સુધી લાંબા હાથ છે.વિશાળ વક્ષ:સ્થળ છે.દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિર છે.**

ઘમંડ અને અભિમાન વિનાશ તરફ દોરી જાય છે.જે વ્યક્તિ નમ્ર હોય છે તે પ્રતિકૂળ પરિસ્થિતિઓ માં પણ સુરક્ષિત રહે છે.આપણે ક્યારેય કોઈને નાનું કે તુચ્છ ન માનવું જોઈએ. આપણે ક્યારેય એ વાતનો ગર્વ ન કરવો જોઈએ કે મારું અસ્તિત્વ કાયમ રહેશે.

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો અનેક વર્ષોની તપસ્યા કરીએ છીએતેમ છતાં અમને પણ ચિંતા રહે છે કે મુક્તિ મળશે કે નહીં અમને પણ મૃત્યુની બીક લાગે છે અંતકાળે એકદમ પ્રભુનું નામ હોઠ ઉપર આવું મુશ્કેલ છે તો માત્ર સાત દિવસમાં રાજાને મુક્તિ કેમ મળે? ઋષિઓ પણ આવું વિચારવા લાગ્યા. મરણ નજીકનો સમય અતિ નાજુક હોય છે. મહાજ્ઞાનીઓને પણ મરણ સમયે બીક લાગે છે.રામનું નામ જલદી હોઠે ચડતું નથી.કોઈ ઋષિ પરીક્ષિત રાજાને ઉપદેશ આપવા તૈયાર થયા નહીં.કોઈની બોલવાની હિંમત ચાલી નહીં. પરીક્ષિત વિચારવા લાગ્યો કે,આ ઋષિઓ સમર્થ છે તેમ છતાં મને ઉપદેશ આપવા તૈયાર નથી. જગતના જીવો ભલે મારો ત્યાગ કરે પણ હું મારા ભગવાનને શરણે જઈશ. ભગવાન નારાયણ કૃપા કરશે. ઈશ્વર વિના હવે મારું કોઈ નથી.પરીક્ષિતે ઈશ્વરનું શરણલીધું ભગવાનની સ્તુતિ કરી. દ્વારિકાનાથને યાદ કર્યા. કહે,હે પ્રભુ,મેં કંઈ સત્કર્મ કર્યું નથી. આ બ્રાહ્મણો મને ઉપદેશ આપવા તૈયાર નથી, કારણ હું અધર્મી છું, પણ મને શ્રદ્ધા છેકે જે પરમાત્મા એ બ્રહ્માસ્ત્રથી ગર્ભમાં મારું રક્ષણ કર્યું તે મારું રક્ષણ જરૂર કરશે. હું પાપી છું,દુષ્ટ છું,નિર્દય પણ ભગવાનનો છું.નાથ તમારો છું. બીજા કોઈનો નથી.

હે દ્વારિકાનાથ, હું આપને શરણે આવ્યો છું,આપે મારો જન્મ સુધાર્યો છે તો હવે મરણ સુધારો.

પરમાત્માએ શુકદેવજીને પ્રેરણા કરી કે ત્યાં પધારો.ચેલો લાયક છે પરીક્ષિતનો જન્મ સુધારવા દ્વારિકાનાથ પોતે આવેલા પરંતુ મુક્તિ આપવાનો અધિકાર શિવજીનો છે એટલે પરીક્ષિતનું મરણ સુધારવા ભગવાને શિવજી ને કહ્યું એટલે શિવજીના અવતાર શુકદેવજી ત્યાં પધારે છે.

વાસનાનું વસ્ત્ર પડી ગયું હતું. શુકદેવજી દિગમ્બર છે.સોળ વર્ષની અવસ્થા છે. અવધૂતનો વેશ છે.કેડ ઉપર કંદોરો નહીં તો લંગોટી ક્યાંથી હોય? ઘુંટણ સુધી લાંબા હાથ છે.વિશાળ વક્ષ:સ્થળ છે.દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિર છે.મોઢા ઉપરવાળની લટો વિખરાયેલી છે. વર્ણ શ્રીકૃષ્ણ જેવો શ્યામ છે, અતિ તેજસ્વી છે. શુકદેવજીની પાછળ બાળકો ધૂળ ઊડાડે છે. નાગો બાવો જાય,નાગો બાવો જાય! કહી બૂમો પાડે છે. પરંતુ શુકદેવજીને તેનું ભાન નથી. વૃત્તિ બ્રહ્માકાર છે. બ્રહ્મચિંતન કરતાં દેહનું ભાન ભૂલ્યા છે. પરમાત્મા ધ્યાનમાં જે દેહભાન ભૂલે છે તેના શરીરની કાળજી પરમાત્મા પોતે રાખે છે. પરમાત્મા કહે છે કે,આને દેહની જરૂર નથી પણ મને આ દેહની જરૂર છે. એમના આગમનથી ચારે તરફ પ્રકાશ ફેલાયો.મુનિઓ જાણી ગયા કે આ તો શંકરજીનો અવતાર શ્રી શુકદેવજી પધાર્યા છે.વ્યાસજી પણ તે સભામાં હતા તે પણ ઊભા થઈ વંદન કરે છે.

વ્યાસજી વિચારે છે કે, ભાગવતનું રહસ્ય શુકદેવજી જાણે તેવું હું જાણતો નથી. મારો દીકરો કથા કરશે અને હું સાંભળીશ.સુવર્ણના સિંહાસન ઉપર શુકદેવજી બિરા જ્યા પરીક્ષિતે આંખો ઊઘાડી મારો ઉદ્ધાર કરવા પ્રભુએ આમને મોકલ્યા છે. નહીંતર મારા જેવા વિલાસીને ત્યાં,પાપીને ત્યાં તેઓ આવે નહીં. પરીક્ષિતે શુકદેવજીના ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા પછી પ્રાર્થના કરી: હું અધર્મી છું, મારો ઉદ્ધાર કરો. જેનું મરણ નજીક આવેલું છે તેણે શું કરવું જોઈએ? મનુષ્ય માત્રનું કર્તવ્ય શું? તેણે કોનું શ્રવણ, કોનો જપ, કોનું સ્મરણ અને કોનું ભજન કરવું જોઈએ?

ગુરુદેવ શુકદેવજીનું હૃદય પીગળી ગયું.ચેલો લાયક અધિકારી શિષ્ય મળે તો ગુરુને થાય કે હું મારું સર્વસ્વ તેને આપી દઉં.ગુરુ બ્રહ્મ નિષ્ઠ હોય,નિષ્કામ હોય અને શિષ્ય પ્રભુદર્શન માટે આતુર હોય તો સાત દિવસ શું સાત મિનિટમાં પ્રભુના દર્શન કરાવે છે. બાકી ગુરુ લોભી હોય,ચેલો લૌકિક સુખની લાલચથી આવ્યો હોય તો બંને નરકમાં પડે છે.

શુકદેવજી કહે છે:રાજા,તું શું કરવા ગભરાય છે? સાત દિવસ તો બહુ થઈ કયા. હું તારી પાસે કાંઈ લેવા આવ્યો નથી,તને આપવા આવ્યો છું મને જે આનંદ મળ્યો છે, મને પરમાત્માનાં દર્શન થયાં છે તેનાં દર્શન તને કરાવવા હું આવ્યો છું. મને જે મળ્યું છે તે તને આપવા આવ્યો છું.રાજા,મારા પિતાજી તો ભૂખ લાગે ત્યારે દિવસમાં એક વખત બોર ખાતા, પણ શ્રીકૃષ્ણ કથામાં મને એવો આનંદ આવે છે કે મને બોર પણ યાદ આવતાં નથી.મારા પિતાજી વસ્ત્ર પહેરાવતાં.પણ પ્રભુચિંતન માં વસ્ત્ર કયાં ગયું તેની પણ મને ખબર નથી.સાત દિવસમાં તને શ્રીકૃષ્ણનાં દર્શન કરાવીશ.

શુકદેવજીને ભગવાન બાદરાયણિ કહ્યા છે. બાદરાયણિને બદલે શુક લખ્યો હોય તો ન ચાલત? ભાગવતમાં એક પણ શબ્દ વ્યર્થ નથી લખ્યો. શુકદેવજીનો વૈરાગ્ય બતાવવા આ શબ્દ વાપર્યો છે. શુકદેવજી બાદરાયણ-વ્યાસજી ના પુત્ર છે.વ્યાસજીનું તપ કેવું હતું? વૈરાગ્ય કેવો હતો?વ્યાસજી આખો દિવસ જપતપ કરતા અને દિવસમાંભૂખ લાગે ત્યારે ફક્ત બોર ઉપર જ રહેતા એટલે બોર ઉપરથી એમનું નામ પડયું બાદરાયણ.તેવા બાદ રાયણના આ પુત્ર છે. જેનામાં પુષ્કળ જ્ઞાન વૈરાગ્ય હોય તે બીજાને સુધારી શકે.શુકદેવજીમાં તે બંને ગુણહતા આજના સુધારકમાં ત્યાગ, સંયમ જોવામાં આવતા નથી.તે બીજાને શું સુધારવાનો હતો?મનુષ્ય પહેલાં પોતે પોતાને જ સુધારવા પ્રયત્ન કરે.

શુકદેવજીએ રાજાને હિંમતઆપી કે, રાજન, જે સમય ગયો છે તેની ફિકર કરીશ નહીં,ભવિષ્યનો પણ વિચાર કરીશ નહીં.ફક્ત વર્તમાન ને સુધારજે.રાજન્ સાત દિવસ બાકી છે. નારાયણનું સ્મરણ કર. તારું જીવન સુધરશે.લૌક્કિ રસ ભોગવનારને પ્રેમરસ મળતો નથી. ભક્તિ રસ મળતો નથી.જેણે કામને છોડયો છે એ જ રસિક છે. જગતના રસ કડવા છે.પ્રેમરસ જ મધુર છે. ઈન્દ્રિયોનો ગુલામ થયો તેને કાળ પકડે છે.

શુકદેવજી પરીક્ષિતને આશ્વાસન આપે છે કે,તારે હજી જીવવાના સાત દિવસ બાકી છે પછી ચિંતા શું છે? ભગવાનના નામમાં એવી શક્તિ છેકે એક પળમાં માણસનો મોક્ષ કરે તો અહીં તો હજી સાત દિવસ છે. તું ચિંતા છોડ.તારા પર તો પ્રભુની પરમ કૃપા છે.તને ગર્ભ વાસમાં પ્રભુએ દર્શન દીધાં હતાં અને હવે મૃત્યુની પળની પણ તને અગાઉથી ખબર પડી છે. પરમાત્મા તારું કલ્યાણ કરશે જ, અને તારા નિમિત્તે જગત માત્રના જીવો જે ભક્તિમય બનશે તેમનું કલ્યાણ થશે.પ્રાણી માત્રનું ગર્ભાવસ્થામાં પરમાત્મા રક્ષણ કરે છે. પછી જુવાનીમાં જીવએ ભૂલી જાય છે એટલે માર ખાય છે. માનવીને માર પડે છેત્યારે અકકલ આવે ને રડે છે.પણ જીવ જો પરમાત્મા માટે રડે તો એનો બેડો પાર થઈજાય.પરમાત્મા માટે રડવું પણ અપૂર્વ શાંતિ આપનારું છે.હે રાજા તું ધન્ય છે કે આજે પરમાત્માનું સ્મરણ થયું છે.અસ્તુ.

# ‘કામમાં મજા નથી આવતી, મને તો એમ હતું કે હું મંત્રી બનીશ’

**મારી હાજરી અને લોકસભામાં પૂછવામાં આવેલા પ્રશ્નો બધાથી વધારે છે, મેં લોકસભામાં વીજળી, ડિઝાસ્ટર જેવા મુદ્દા પણ ઉઠાવ્યા છે**



હિમાચલ પ્રદેશના મંડીના ભાજપ સાંસદ કંગના રણૌત ફરી એકવાર ચર્ચામાં છે. તેમણે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તેમને સાંસદ તરીકે કામ કરવાની મજા નથી આવી રહી. કંગનાએ પ્રામાણિક રીતે રાજકારણમાં ટકી રહેવાને મોંઘો શોખ ગણાવ્યો હતો. કંગનાએ ઈંટરવ્યૂમાં કહ્યું હતું કે ‘BJPએ જ્યારે મને ટિકિટ ઓફર કરી હતી, ત્યારે મને કહેવામાં આવ્યું કે તમને માત્ર ૬૦થી ૭૦ દિવસ જ સંસદમાં હાજર રહેવું પડશે, બાકીના દિવસો તમે તમારું કામ કરી શકો છો. હવે સમજાઈ રહ્યું છે કે સાંસદ બનવું કેટલું મુશ્કેલ કામ છે.’ કંગનાએ કહ્યું ‘જો તમે પ્રામાણિક છો તો પછી રાજકારણ એક મોંઘો શોખ છે. સેલેરીનો મોટો ભાગ કુક અને ડ્રાઈવરની સેલરી પર ખર્ચાઈ જાય છે. જ્યારે મારે મારા મતવિસ્તારના કોઈપણ ભાગમાં સ્ટાફ સાથે જવું પડે છે અને તેમની સાથે કારમાં પ્રવાસ કરવો પડે છે, ત્યારે લાખો રૂપિયા ખર્ચાય છે.’ મંત્રી બનવાના પ્રશ્ન પર કંગનાનું કહ્યું જેવો મારો પ્રોફાઈલ છે, જે રીતના વ્યવસાયથી હું આવું છું, હું એક ફિલ્મ નિર્માતા, નિર્દેશક અને લેખિકા છું. મારી પાસે દેશનો ચોથો સર્વોચ્ચ નાગરિક સન્માન, પદ્મશ્રી પણ છે. મે એક ખૂબ જ મુશ્કેલ સીટ પણ જીતી છે.

### ભારતમાં પણ ધૂમ કલેક્શન

# રૂ.૧૯૦૦ કરોડના ખર્ચે બનેલી ફિલ્મે ૩ દિવસમાં ૧૮૬૫ કરોડની કમાણી કરી

હાલમાં સેન્સરશિપ ખૂબ ચર્ચામાં છે. એક તરફ જ્યાં દિલજીત દોસાંઝની લેટેસ્ટ ફિલ્મ સીબીએફસી એટલે કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા કટનો સામનો કરી રહી છે, ત્યારે બીજી તરફ હોલિવૂડ ફિલ્મ સુપરમેન પર પણ રિલીઝ પહેલા સીબીએફસીની કાતર ચાલી હતી. જોકે, આ માટે તેને ટીકાનો સામનો પણ કરવો પડ્યો હતો. પરંતુ આ કટની બોક્સ ઓફિસ પર સિનેમા પ્રેમીઓના પ્રેમ પર કોઈ અસર નથી પડી રહી, કારણ કે સુપરમેન એક તરફ ભારતમાં ૨૫ કરોડનો આંકડો પાર કરી ચૂકી છે, તો બીજી તરફ વર્લ્ડવાઈડ તે ૧૮૬૫ કરોડ પાર કરી ચૂકી છે.બોક્સ ઓફિસ ટ્રેકર સેકનિલ્કના શરૂઆતના આંકડા પ્રમાણે ૧૧ જુલાઈના રોજ ભારતમાં રિલીઝ થયેલી સુપરમેન ફિલ્મે ગઈકાલે બોક્સ ઓફિસ પર ૨૪.૯૪ કરોડની કમાણી કરી છે. જ્યારે વર્લ્ડવાઈડ આ આંકડો ૧૮૬૫ કરોડ પર પહોંચી ગયો છે.



બીજી તરફ તે જ દિવસે રિલીઝ થયેલી ફિલ્મ માલિકે ૧૪.૦૯ કરોડની કમાણી કરી છે. જ્યારે આંખો કી ગુસ્તાખિયાં માત્ર ૧.૨૩ કરોડની કમાણી કરી શકી છે.તમને જણાવી દઈએ કે, જેમ્સ ગનની ફિલ્મ સુપરમેનને UA13 પ્લસ રેટિંગ મળી છે. જ્યારે સુપરમેન અને લોઈસ લેન વચ્ચેના ૩૩ સેકન્ડના કિસ સીનને ફિલ્મમાંથી હટાવી દેવામાં આવ્યો છે. તેના પર સોશિયલ મીડિયા પર ઘણો ગુસ્સો જોવા મળી રહ્યો છે. X અને ઈન્સ્ટાગ્રામ યુઝર્સે CBFCના ડબલ સ્ટેન્ડર્ડ પર પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું કે હિન્દી, તેલુગુ, તમિલ, મલયાલમ અને કન્નડ જેવી ફિલ્મો હિંસા, બોલ્ડ રોમાંસ અને મેચ્યોર થીમ્સ હોવા છતાં ભાગ્યે જ સમાન સ્તરની તપાસનો સામનો કરે છે. જેઓ નથી જાણતા તેમને જણાવી દઈએ કે, ૧૯૦૦ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી સુપરમેન ફિલ્મે માત્ર ૩ દિવસમાં બોક્સ ઓફિસ પર ૧૮૬૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

### પહેલા ટેટૂનો એક લુક શેર કર્યો

# હની સિંહે ટેટૂ ચીતરાવી માતા અને એઆર રહેમાનને અર્પણ કર્યુ



**હની સિંહના પહેલા ટેટૂમાં તેની માતાના હસ્તાક્ષર છે, જે ગર્ભમાં રહેલા બાળકની છબી સાથે જોડાયેલ છે**

રેપર યો યો હની સિંહે તાજેતરમાં પહેલી જ વાર શરીર પર ટેટુની શાહી લગાવી છે, અને તેના ટેટૂમાં તેની માતા અને સંગીતકાર એઆર રહેમાનને અર્પણ કર્યુ છેહની સિંહે એક જ રાત્રે બનાવેલા ત્રણ ટેટૂમાંથી, એક તેની માતા સાથે ખાસ જોડાણ ધરાવે છે, અને બીજું એઆર રહેમાન માટે છે.સોમવારે હની સિંહે ઈન્સ્ટાગ્રામ પર પોતાના પહેલા ટેટૂનો એક લુક શેર કર્યો, જે તેણે તેની માતાને શ્રદ્ધાંજલિ તરીકે કરાવ્યો હતો. “મારું પહેલું ટેટૂ કરાવ્યું !! મારી માતાના હસ્તાક્ષર, પૃથ્વી પરની સૌથી ધનિક મહિલા !! હું તને પ્રેમ કરું છું મમ્મી મારા લોહીથી પોકાર કરું છુંતેની માતા ભૂપિન્દર કૌરનું સન્માન કરતા, હની સિંહના પહેલા ટેટૂમાં તેની માતાના હસ્તાક્ષર છે, જે ગર્ભમાં રહેલા બાળકની છબી સાથે જોડાયેલ છે.રેપરે શાહી લગાવવાનો પડદા પાછળનો વિડિઓ શેર કર્યો. જોકે, હની સિંહે પોતાનો બીજો ટેટૂ ખૂબ જ વ્યક્તિગત કહીને તેની વિગતો જાહેર કરવાનો ઈનકાર કરી દીધો હતો.કામના મોરચે, આ વર્ષની શરૂઆતમાં, તેમની યો યો હની સિંહઃ ફેમસ નામની દસ્તાવેજી ફિલ્મે રાજસ્થાનના જયપુરમાં આઈઆઈએફએના ૨૫મા સંસ્કરણમાં શ્રેષ્ઠ દસ્તાવેજી-શ્રેણી/ફિલ્મ માટે આઈઆઈએફએ ડિજિટલ એવોર્ડ જીત્યા હતા.મોઝેઝ સિંહ દ્વારા દિગ્દર્શિત અને શીખ્યા એન્ટરટેઈનમેન્ટ દ્વારા નિર્મિત, આ દસ્તાવેજી ફિલ્મ હની સિંહ તરીકે જાણીતા ગાયક હિરદેશ સિંહના જીવનની એક દુર્લભ ઝલક રજૂ કરે છે.

# રણવીર સિંહની ફિલ્મ‘ડોન ૩’માંથી વિક્રાંત મેસી આઉટ

**રવિ-સરગુનની ‘તેરે હોજયેં હમ‘માંથી પ્રિયંકા ચહર ચૌધરી સાથે બ્રેકઅપ બાદ અંકિત ગુપ્તા પીછેહઠ કરશે ખરા?**





ફરહાન અખ્તર દ્વારા દિગ્દર્શિત ફિલ્મ ‘ડોન ૩’માં વિક્રાંત મેસી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો હતો. પરંતુ હવે સમાચાર આવી રહ્યા છે કે તેણે રણવીર સિંહની આ ફિલ્મ છોડી દીધી છે. આવી સ્થિતિમાં, ફિલ્મનું કાસ્ટિંગ ફરી એકવાર અટકી ગયું છે.ફરહાન અખ્તર દ્વારા દિગ્દર્શિત ફિલ્મ ‘ડોન ૩’ ની આખો દેશ રાહ જોઈ રહ્યો છે. આ ફિલ્મમાં રણવીર સિંહ ડોન તરીકે જોવા મળશે. તે જ સમયે, વિક્રાંત મેસી વિશે સમાચાર હતા કે તે સૌથી મોટા ખલનાયકની ભૂમિકામાં જોવા મળશે. પરંતુ હવે આ ફિલ્મ વિશે મોટા સમાચાર આવી રહ્યા છે. અહેવાલો અનુસાર, વિક્રાંતે પોતાને આ પ્રોજેક્ટમાંથી બહાર કાઢી લીધા છે. આનો અર્થ એ થયો કે તે હવે ફરહાન અખ્તરની ડોન ૩ નો ભાગ રહેશે નહીં. ફરહાન અખ્તરની ફિલ્મમાં વિક્રાંત એક સ્માર્ટ, ચાલાક સ્કેમરની ભૂમિકા ભજવવાનો હતો. આ ભૂમિકા માટે તેને મુશ્કેલ તાલીમ લેવી પડી હતી, જે તેણે કરવાની હતી. પરંતુ હવે અભિનેતાએ ફિલ્મ છોડી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિક્રાંતને તેના પાત્રમાં ઊંડાણનો અભાવ લાગ્યો હતો. અભિનેતાના મતે, આ પાત્ર એટલું ઊંડું નથી જેટલું તે વિચારે છે.‘ડોન ૩’ સાથે આ પહેલી વાર નથી જ્યારે કોઈ સ્ટારનું બહાર નીકળવું નિર્માતાઓ માટે પડકાર બની ગયું હોય. અગાઉ, કિયારા અડવાણીએ તેની ગર્ભાવસ્થાને કારણે ફિલ્મ છોડી દીધી હતી, ત્યારબાદ તેની જગ્યાએ કૃતિ સેનનને કાસ્ટ કરવામાં આવી હતી. હવે વિક્રાંતનું નામ દૂર થતાં, ફિલ્મની કાસ્ટિંગ ફરી એકવાર બદલાઈ શકે છે. વિક્રાંતની જગ્યાએ વિજય દેવરકોંડા અને આદિત્ય રોય કપૂર જેવા કલાકારો સાથે વાત કરવામાં આવી રહી છે. પરંતુ હાલમાં આ પાત્ર વિશે કંઈ અંતિમ નથી. ફિલ્મ ‘ડોન ૩’ નું શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૬ થી શરૂ થવા જઈ રહ્યું છે. ફરહાન અખ્તર અને રણવીરે ડોનના દર્શકોને વચન આપ્યું છે કે તેઓ તેમને નિરાશ નહીં કરે. આવી સ્થિતિમાં, અભિનેતાને આ ભૂમિકામાં જોવું રસપ્રદ રહેશે

### રાહુલ ફાઝિલપુરિયાએ ઘણા યાદગાર ગીતો આપ્યા છે

# લડકી બ્યુટીફુલ કર ગઈ ચુલ’ના ગાયક પર ફાયરીંગ

**રાહુલ ફાઝિલપુરિયા સોશિયલ મીડિયા પર પણ ખૂબ લોકપ્રિય છે જો કે, તે આ પ્લેટફોર્મ પર ખૂબ સક્રિય નથી**



હરિયાણવી ગાયક રાહુલ ફાઝિલપુરિયા ગુરુગ્રામ નજીક ગોળીબારમાં બચી ગયો. અજાણ્યા બંદૂકધારીઓએ ઘટનાસ્થળેથી ભાગી જતા પહેલા તેમની કાર પર ગોળીબાર કર્યો. રાહતની વાત એ છે કે ગાયક આ હુમલામાં માંડ માંડ બચી ગયો. હાલમાં, કેસની તપાસ ચાલી રહી છે. રાહુલ ફાઝિલપુરિયા એક જાણીતા હરિયાણવી ગાયક છે જેનું સાચું નામ રાહુલ યાદવ છે. તે ગુરુગ્રામ નજીક સ્થિત ફાઝિલપુર ગામનો રહેવાસી છે. તેથી તેનું સ્ટેજ નામ રાહુલ ફાઝિલપુરિયા છે.રાહુલ ફાઝિલપુરિયાએ ઘણા યાદગાર ગીતો આપ્યા છે. તેમનું મૂળ ગીત “લડકી બ્યુટીફુલ કર ગઈ ચુલ” એ તેમને સુપરસ્ટાર બનાવ્યા. આ ગીત એટલું લોકપ્રિય બન્યું કે પાછળથી તેનો ઉપયોગ કપૂર એન્ડ સન્સમાં કરવામાં આવ્યો, જેમાં આલિયા ભટ્ટ, સિદ્ધાર્થ મલ્હોત્રા અને ફવાદ ખાન હતા રાહુલના નામે ઘણા વધુ પાર્ટી નંબર્સ છે. તેમના લોકપ્રિય ગીતોમાં બાલમ કા સિસ્ટમ, રાવસાહેબ, ૨ મેની ગર્લ્સ, જીમી ચૂ અને ઘણા બધાનો સમાવેશ થાય છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફાઝિલપુરિયાની કુલ સંપત્તિ લગભગ ૨.૬ કરોડ રૂપિયા છે. રાહુલ ફાઝિલપુરિયા સોશિયલ મીડિયા પર પણ ખૂબ લોકપ્રિય છે. જો કે, તે આ પ્લેટફોર્મ પર ખૂબ સક્રિય નથી. કહેવાય છે કે તેમના ઈન્સ્ટાગ્રામ પર લગભગ ૧૨ લાખ ફોલોઅર્સ છે. એલ્વિશ યાદવ સાથેની તેમની એક રીલ ૩૨ લાખ વખત જોવામાં આવી હતી. રાહુલ ફાઝિલપુરિયા અને બિગ બોસ OTT 2 વિજેતા એલ્વિશ યાદવ નજીકના મિત્રો હોવાનું કહેવાય છે. વાસ્તવમાં, રાહુલ અને તેમના સંબંધો ત્યારે પ્રકાશમાં આવ્યા જ્યારે એલ્વિશ યાદવ સાપના ઝેરના વ્યવહાર સંબંધિત વિવાદમાં ફસાઈ ગયા.

### દેશભરના પસંદગીના PVR થિયેટરોમાં રિલીઝ થશે

# ફરહાનની ‘ભાગ મિખા ભાગ’ ફરી સિનેમાઘરોમાં ધૂમ મચાવશે



**આ ફિલ્મ ૪૦ કરોડના બજેટમાં બની હતી અને બોક્સ ઓફિસ પર ૧૫૦ કરોડનો બિઝનેસ કર્યો હતો**

ફરહાન અખ્તર અભિનીત સુપર-ડુપર હિટ ફિલ્મ ‘ભાગ મિખા ભાગ’ ફરી એકવાર સિનેમાઘરોમાં ધૂમ મચાવશે. હા, મહાન ખેલાડી મિલ્ખા સિંહના જીવન પર આધારિત આ પ્રતિષ્ઠિત સ્પોર્ટ્સ બાયોપિકની થિયેટરોમાં ફરીથી રિલીઝની જાહેરાત કરવામાં આવી છે.પ્રદર્શક પીવીઆર આઈનોક્સ એ ‘ભાગ મિલ્ખા ભાગ’ ની ફરીથી રિલીઝની જાહેરાત કરી અને કહ્યું કે આ બાયોપિક દેશભરના પસંદગીના PVR થિયેટરોમાં રિલીઝ થશે. આ સાથે, અમે તમને જણાવી દઈએ કે ફરહાન અખ્તર અને સોનમ કપૂર અભિનીત આ ફિલ્મ ૨૦૧૩ માં તેની મૂળ રિલીઝના એક દાયકા કરતાં વધુ સમય પછી ૧૮ જુલાઈના રોજ મોટા પડદા પર આવી રહી છે.નોંધનીય છે કે ફરહાન અખ્તરે ફિલ્મમાં મહાન ખેલાડી મિલ્ખા સિંહની ભૂમિકા ભજવવા માટે શારીરિક અને ભાવનાત્મક પરિવર્તન કરીને બધાને આશ્ચર્યચકિત કર્યા હતા. ફિલ્મની પુનઃપ્રદર્શન પર ખુશી વ્યક્ત કરતા ફરહાને એક નિવેદનમાં કહ્યું, “મિલ્ખા સિંહની ભૂમિકા ભજવવી એ એક સન્માન અને જવાબદારી બંને હતી. હું આભારી છું કે દર્શકોને આ ફિલ્મ ફરી એકવાર મોટા પડદા પર જોવાની તક મળશે, જ્યાં તેની લાગણીઓ અને જુસ્સો ખરેખર જીવંત થશે.”સોનમે કહ્યું, “આ માનવ ભાવનાની એક શક્તિશાળી વાર્તા છે. મને ખાસ કરીને “ઓ રંગરેઝ” ને મળી રહેલા પ્રેમનો ગર્વ છે. આ ફિલ્મ ફરીથી જોવી એ મિલ્ખા સિંહના વારસાને શ્રદ્ધાંજલિ અને અર્થપૂર્ણ સિનેમાની ઉજવણી હશે.”રાકેશ ઓમપ્રકાશ મહેરા દ્વારા દિગ્દર્શિત અને વાયાકોમ૧૮ સ્ટુડિયો અને ROMP પિક્ચર્સ દ્વારા નિર્મિત, આ ફિલ્મ એથ્લીટ મિલ્ખા સિંહની ભાગલાની ભયાનકતામાંથી બચવાથી લઈને ભારતના સૌથી પ્રખ્યાત રમતવીરોમાંના એક બનવા સુધીની સફર દર્શાવે છે. ભાગ મિલ્ખા ભાગ ‘ફ્લાઈંગ શીખ’ તરીકે ઓળખાય છે. ફરહાન અને સોનમ ઉપરાંત, આ ફિલ્મમાં દિવ્યા દત્તા અને પ્રકાશ રાજ પણ છે. આ ફિલ્મ ૪૦ કરોડના બજેટમાં બની હતી અને બોક્સ ઓફિસ પર ૧૫૦ કરોડનો બિઝનેસ કર્યો હતો.

# અભિનેત્રી શ્રીદેવીને ઈમ્પ્રેસ કરવા કિરણકુમાર સ્ટંટ સીન જાતે કરતા

**મારો શ્રીદેવી સાથે સલામ-દુઆનો સંબંધ રહ્યો છે, તે કોઈને પણ તેની નજીક જવા દેતી નહોતી : કિરણ કુમાર**



બોલીવુડ અભિનેતા કિરણ કુમારે શ્રીદેવી સાથે કામ કરવાના પોતાના અનુભવ વિશે વાત કરી. તેમણે કહ્યું કે શ્રીદેવી કોઈને પણ તેમની નજીક આવવા દેતી નહોતી. તે જ સમયે, અમિતજી એક તેજસ્વી અભિનેતા છે અને દરેક દ્રશ્યને વિગતવાર સમજે છે.કિરણ કુમારે કેટલીક ફિલ્મોમાં ખલનાયકની ભૂમિકા ભજવી હતી અને કેટલીક ફિલ્મોમાં તેઓ ચિંતિત પિતાની ભૂમિકામાં જોવા મળ્યા હતા. કિરણે ઉદ્યોગના લગભગ દરેક લોકપ્રિય અભિનેતા સાથે કામ કર્યુ છે. તાજેતરમાં, તેમણે એક ઈન્ટરવ્યુમાં શ્રીદેવી અને અમિતાભ બચ્ચન સાથે કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો. અભિનેતાએ કહ્યું કે તે ખૂબ જ ખુશ છે કે તેને ફિલ્મ ખુદા ગવાહમાં ખલનાયક પાશાની ભૂમિકા મળી. આ કારણે, તે સુપરસ્ટાર શ્રીદેવી અને અમિતાભ બચ્ચન સાથે કામ કરી શક્યો.કિરણ કુમારે શ્રીદેવી વિશે કહ્યું, “મારો શ્રીદેવી સાથે સલામ-દુઆનો સંબંધ રહ્યો છે. તે કોઈને પણ તેની નજીક જવા દેતી નહોતી. તેથી હું ફક્ત સેટ પર જ તેનું સ્વાગત કરતો. પરંતુ જ્યારે પણ તે પરફોર્મ કરતી ત્યારે હું તેની પ્રશંસા કરતો.કિરણ કુમારે ફિલ્મ ખુદા ગવાહના શૂટિંગ વિશે કહ્યું, “ક્લાઈમેક્સમાં, હું દોડી રહ્યો છું. અમિત જી અને શ્રીદેવી મારી બંને બાજુ ઘોડા પર સવારી કરી રહ્યા છે. તેઓ મને ઉપાડે છે અને પછી મને પર્વત પરથી નીચે ફેંકી દે છે. પાશા આ રીતે મૃત્યુ પામે છે.

પરંતુ જેમ જેમ તેઓ મને ઉપાડીને ઘોડાઓ પર સવારી કરવાનું ચાલુ રાખતા હતા, ઘોડાનો એક હાથ મારા પગમાં વાગ્યો જેના કારણે પગ ફૂલી ગયો.અભિનેતાએ આગળ કહ્યું કે, શૂટિંગ પછી, શ્રીદેવી ઘોડા પરથી નીચે ઉતરી અને પૂછ્યું, ‘કિરણ, તું ઠીક છે ને? તારો પગ દુખે છે.’ મેં કહ્યું, ‘હા, કોઈ વાંધો નથી. બધું ઠીક થઈ જશે.’ તેણીએ કહ્યું, ‘તારે સાવધાન રહેવું જોઈએ. આ શોટ માટે ડુપ્લિકેટ કેમ ન લીધું?’ મેં કહ્યું, ‘મેડમ, તમે મને આ શોટમાં ઉપાડ્યો.

# આણંદ મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી એસ.કે.ગરવાલે રોડ રસ્તાની કામગીરીનું નિરીક્ષણ કર્યું



। (માહિતી) આણંદ, તા.૧૬ ।

આણંદ મહાનગરપાલિકાના કમિશનર શ્રી ની સુચના અને માર્ગદર્શન હેઠળ આણંદ મનપા વિસ્તારમાં ભારે વરસાદને કારણે ખરાબ થયેલ રોડ રસ્તાના સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે.

મનપાના કમિશનર શ્રી ના માર્ગદર્શન હેઠળ નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી એસ.કે.ગરવાલ દ્વારા મનપા ના ઈજનેરશ્રી ને સાથે રાખી આણંદ શહેર માં વિવિધ રસ્તાઓ ઉપર ચાલુ કરેલ રોડ રસ્તા ના પેચવર્ક ની કામગીરી અતર્ગત અમૂલ ડેરી રોડ પર ચાલુ કરેલ કામનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમણે રસ્તા રીપેરીંગ ની કામગીરી આયોજન બદ્ધ રીતે કરવા અને નાગરિકોને રોડ રસ્તા દુરસ્તીની કામગીરી દરમિયાન કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે જોવા પણ જણાવ્યું હતું.

# ઓલપાડ તાલુકાના રસ્તાઓની સફાઈ અને મરામત કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવી

## વરસાદી પાણીના ભરાવાને અટકાવવા માર્ગ અને મકાન વિભાગે રસ્તાના સોલ્ડર ક્લિનિંગ તેમજ ખાડાને પેચવર્કનું કામ હાથ ધર્યુ

। (માહિતી) સુરત, તા.૧૬ ।



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સીધા આદેશ અનુસાર રાજય સહિત સુરત જિલ્લામાં યુધ્ધના ધોરણે રોડ રસ્તાને મરામત કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. વરસાદે વિરામ લીધા બાદ માર્ગ અને મકાન પેટા વિભાગ-૩ હસ્તકના ઓલપાડના તમામ રસ્તાઓના માર્ગ મરામત તથા રિસર્ફેસિંગની કામગીરી પુર્ણ કરવામાં આવી છે.નાગરિકોની સુરક્ષા તેમજ સુવિધા સુનિશ્ચિત કરવા માટે સમગ્ર જિલ્લામાં વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓને પુર્વવત કરવામાં આવી રહ્યા છે.

માર્ગ અને મકાન વિભાગ-૨ હેઠળના પેટા વિભાગ-૩ના નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી પી.સી.ખીમાણીએ જણાવ્યું હતું કે, પેટા વિભાગ-૩ હસ્તકના તમામ રસ્તાઓના પેચવર્કથી લઈને કલિનીંગની કામગીરી પુર્ણ કરવામાં આવી છે.ખાસ કરીને સુરત-ઓલપાડ-સાહોલ, ઓલપાડ-અસનાદ-મંદરોઈ, ઓલપાડ-સાયણ-કઠોર સુધીના રસ્તાઓના પેચવર્કની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. સુરત-ઓલપાડ-સાહોલ રોડ પર સાઈડ શોલ્ડર પરની માટીના નિકાલની કામગીરી તથા ડિવાઈડરના સફાઈની કામગીરી કરવામાં આવી હતી. ઓલપાડના રસ્તા પર વરસાદી પાણી ભરાવાની સમસ્યા રહેતી હતી.હવે જ્યારે વરસાદમાં થોડો વિરામ મળ્યો છે ત્યારે ટ્રેક્ટર અને જેસીબી દ્વારા સાઈડની માટી હટાવી 'સોલ્ડર ક્લિનિંગ'ની કામગીરી કરવામાં આવી છે. જેનાથી પાણીનો નિકાલ સરળતાથી થઈ શકશે અને રસ્તા પર પાણી ભરાશે નહિ. વધુમાં તેમણ ઉમેર્યું કે, રસ્તા પર માટી જમા થવાને કારણે થરમો પ્લસના પટ્ટાઓની સફાઈ કરવામાં આવી હતી. ઉપરાંત, ઓલપાડ-મંદરોઈ રોડના ફાટા પાસે ખાડો પડતાં ત્યાં તાત્કાલિક બ્લોક બેસાડી માર્ગને સમતળ બનાવવામાં આવ્યો છે. જેના પરિણામે વાહનચાલકો અને રાહદારીઓ માટે અવરજવર વધુ સરળ બની છે.

# કેન્દ્રીય વિદ્યાલય-હજીરા ખાતે વિજ્ઞાનના શિક્ષકો માટે 'ક્ષમતા આધારિત શિક્ષણ' વિષય પર પાંચ દિવસીય વર્કશોપ

। (માહિતી) સુરત, તા.૧૬ ।



કેન્દ્રીય વિદ્યાલય-હજીરા ખાતે વિજ્ઞાનના શિક્ષકો માટે 'ક્ષમતા આધારિત શિક્ષણ' વિષય પર પાંચ દિવસીય વર્કશોપનું આયોજન કરાયું છે. આ પ્રસંગે શાળાના આચાયશ્રી રાજેશ કુમારે જણાવ્યું હતું કે, ૧૮ જુલાઈ સુધી ચાલનારો આ વર્કશોપ ખાસ કરીને અમદાવાદ કેન્દ્રીય વિદ્યાલયોના TGT વિજ્ઞાન શિક્ષકો માટે યોજાઈ રહ્યો છે. જેનો હેતુ ક્ષમતા આધારિત શિક્ષણ તકનીકો દ્વારા તેમની વર્ગખંડ અભ્યાસ પદ્ધતિઓને મજબૂત બનાવવાનો છે. આ કાર્યક્રમ શ્રી અરવિંદો સોસાયટી દ્વારા અનુભવી શિક્ષકોના સહયોગથી વ્યવહારુ વ્યૂહરચનાઓ અમલી બનાવી શિક્ષણમાં ગુણાત્મક સુધારો લાવવા માટે યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે પ્રશિક્ષકો શ્રીમતી પીયુ ચૌધરી શોમ અને શ્રીમતી શુભાંગી મિગલાની સહિત સહભાગી શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ તાલુકા ની ૧૪-ગામડી જીલ્લા પંચાયતમાં આવતા ગામોમાં કુલ ૩૩૫ લાખ રૂપિયા ના ડામર રસ્તાઓ ના ખાત મુહૂર્ત કરવામાં આવ્યા"


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

આજ રોજ તારીખ ૧૬ જુલાઈ ૨૦૨૫ ના રોજ ૧૪-ગામડી જીલ્લા પંચાયત ના ગામોમાં આવતા રસ્તાઓ ના નવીનીકરણનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું, ખાતમુહૂર્ત માનનીય ધારાસભ્ય શ્રી મહેશભાઈ ભૂરીયા સાહેબ તથા જીલ્લા પંચાયત ના સભ્ય શ્રીમતી સુમનબેન ડામોર અને પૂર્વ પ્રમુખ શ્રી મુકેશભાઈ ડામોર ના હસ્તે કરવામાં આવ્યું આ સમગ્ર કાર્યકર્મ નું સંચાલન R & B વિભાગ ના અધિકારી શ્રી સંગાડા સાહેબ તથા શ્રી મુનિયા સાહેબ દ્વારા કરવામાં આવેલ હતું. કાર્યક્રમ માં તાલુકા સભ્યશ્રીઓ, સરપંચશ્રી ઓ, તથા તમામ ગામો ના આગેવાનો એ હાજરી આપી કાર્યક્રમ ને સફળ બનાવેલ હતો. આ યોજના હેઠળ બંબેલા, મહુડી, મઘાનિસર, ઘેસવા, રાયપુરા તથા ગામડી મુખ્ય ના રસ્તાઓ નો સમાવેશ કરેલ છે.

# સુરત સર્કલના અધિક્ષક ઈજનેરશ્રીએ તાપીના જિલ્લાના માર્ગ અને બ્રિજની સમીક્ષા કરી

। (માહિતી) તાપી, તા.૧૬ ।

સુરત સર્કલના માર્ગ અને મકાન (સ્ટેટ) વિભાગના અધિક્ષક ઈજનેર શ્રી એ. જી. વસાવાએ તાપી જિલ્લાના વિવિધ સ્થળોની મુલાકાત લઈ માર્ગો અને બ્રીજોની સમીક્ષા કરી હતી. આ મુલાકાતમાં તાપી જિલ્લાના કાર્યપાલક ઈજનેર શ્રી એમ.એન પટેલ પણ સહભાગી થયા હતા. શ્રી વસાવા અને સ્ટાફમિત્રોએ માર્ગોની સ્થળ ચકાસણી, મરામત અને સુરક્ષા બાબતે ખરાઈ કરવામાં આવી હતી. નોંધનીય છે કે તાપી જિલ્લામાં કુલ ૨૯ મેજર અને ૮૦ માઈનોર બ્રીજ રાજ્યના માર્ગ અને મકાન સ્ટેટ હસ્તકના છે. મુલાકાત દરમિયાન વધુ વિગતો આપતા અધિક્ષક ઈજનેરશ્રીએ જણાવ્યું હતુ કે મુખ્યમંત્રીશ્રીના સૂચનને પગલે તમામ માર્ગો અને પુલોની જાત તપાસણી હાલ ચાલુ છે. અમે ચોમાસા અગાઉ ૩૨ બ્રીજોને રીપેર કરી વાહન વ્યવહાર યોગ્ય બનાવેલ છે. અધિક્ષક ઈજનેર શ્રી વસાવાએ ધામણદેવી- સકા કેવડી રોડ પર આવેલા બ્રીજનું નિરીક્ષણ કરતા જણાવ્યું હતુ કે ૨૧૬ મીટર લંબાઈ ધરાવતો આ પુલ ૨૦૧૮ માં બાંધવામાં આવેલો છે. અન્ય બ્રીજ સહીત આ બ્રીજ સંપૂર્ણપણે સુરક્ષિત છે અને વાહન વ્યવહાર યોગ્ય જણાયો છે. માર્ગ અને મકાન (સ્ટેટ) જિલ્લાના તમામ રસ્તાઓ અને પુલની નિભાવણી, જાળવણી અને સલામતી બાબતે કટિબદ્ધ છે.

આ ઉપરાંત સમગ્ર ટીમે પાઠકવાડી, ઉમરવાવ- ચુનાવાડી-રાયગઢ તેમજ પદમડુંગરી સાઈટ રોડની સ્થળ તપાસણી કરી હતી. તમામ માર્ગ અને પુલને સિમેન્ટ કોક્રીટ, કોલ મિક્ષ મટીરીયલ અને કોક્રીટ બ્લોક જેવા મટીરીયલથી સમયાંતરે મરામત કરવામાં આવે છે કે કેમ તે અંગે ખાતરી કરી હતી. આ વિભાગ અંતર્ગત પેચ વર્ક પેવર પટ્ટાની મોટાભાગની કામગીરી ચોમાસા પહેલા જ પૂર્ણ કરવામાં આવેલ છે જેનાથી લોકોને ચોમાસાના સમયે તકલીફ ન પડે.

# વડોદરા ઝોન હેઠળની નગરપાલિકાઓમાં માર્ગ દુરસ્તીકરણની કામગીરી ૯૬ ટકા પૂર્ણ

। (માહિતી) વડોદરા, તા.૧૬ ।

રાજ્યમાં ચોમાસામાં વરસાદના કારણે રસ્તાઓને થયેલા નુકસાનનું દુરસ્તી કાર્ય રાત-દિવસ ચાલી રહ્યું છે, ત્યારે વડોદરા ઝોન હેઠળની ૨૫ નગરપાલિકાઓમાં ક્ષતિગ્રસ્ત માર્ગોને રિપેર કરવાની કામગીરી ૯૬ ટકા સુધી પૂર્ણ થઈ ગઈ છે. હવે માત્ર પાંચ કિલોમીટર લંબાઈની રસ્તાનું દુરસ્તીકરણનું કામ બાકી છે, જેને ત્વરાએ પૂર્ણ કરવા માટે માર્ગ અને મકાન વિભાગ સતત કાર્યરત છે. વડોદરા ઝોન હેઠળની ૨૫ નગર પાલિકાઓ હસ્તકના કુલ રસ્તાની લંબાઈ ૧,૫૩૦ કિલોમીટર છે, જે પૈકી ફિલ્ડ સર્વે અને નાગરિકો દ્વારા મળેલી ફરિયાદોને ધ્યાનમાં લેતા કુલ ૧૨૬.૫૮ કિલોમીટર રસ્તાઓ ચોમાસાના કારણે ક્ષતિગ્રસ્ત થયા હતા. જે પૈકી કુલ ૧૨૧.૫૮ લંબાઈના રસ્તાઓ રિપેર કરી દેવામાં આવ્યા છે. માર્ગ મરામત માટે હોટ મિક્સ, વેટ મિક્સ અને કોલ્ડ મિક્સ ડામર તેમજ પ્રાઈમ કોટ અને ટેક કોટ ઉપરાંત પેચિંગ મટિરિયલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રસ્તાઓને થયેલા નુકસાનનું દુરસ્તી કાર્ય યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે અને ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા આ કામગીરીના નિરીક્ષણ સહ સઘન સમીક્ષા કરવામાં આવી રહી છે. માર્ગ મરામતની કામગીરી સત્વરે થવાની સાથે નોંધપાત્ર અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત બને તેમજ નાગરિકોને પડતી નાની-નાની તકલીફોનો ત્વરિત ઉકેલ લાવી શકાય તેવા હેતુથી વડોદરાના પ્રાદેશિક કમિશ્નર (નગરપાલિકાઓ) શ્રી સુરભિ ગૌતમ દ્વારા આઠ અધિકારીઓને રોડ-રસ્તાની દેખરેખ રાખવા માટે નિયુક્તિ કરી છે.


તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દીવડા કોલોની બીઆરસી ભવન ખાતે દિવ્યાંગ એસેસમેન્ટ અલિમ્પો કેમ્પ તારીખઃ ૧૬/૭/૨૦૨૫ના રોજ રાખવામાં આવેલ હતો. આ કેમ્પમાં ૧૫૦ દિવ્યાંગોએ લાભ મેળવ્યો હતો. જેમાં રાહત લક્ષી સાધનોમાં કૃત્રિમ અવયવો જરૂરિયાત મંદોને આપવામાં આવેલ હતા..

# લકડી બંદર ડેક બ્રિજ પર ભારે અને મધ્યમ વાહનોની અવરજવર પર તાત્કાલિક પ્રતિબંધ અંગે જાહેરનામું

## સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી વાહનવ્યવહાર માટે વૈકલ્પિક માર્ગ સૂચિત

। (માહિતી) પોરબંદર, તા.૧૬ ।

ગુજરાત સરકાર દ્વારા રાજયમાં આવેલા તમામ બ્રિજોની સ્ટ્રકચરલ સ્ટેબિલિટી ખરાઈ કરવાનું જણાવેલ છે તેથી જ્યાં સુધી ચુના ભઠી વિસ્તારથી ઓલ વેધર પોર્ટને જોડતા લકડી બંદર વિસ્તારમાં આવેલ ડેક બ્રિજની સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી ન થાય ત્યાં સુધી ભારે વાહનો/મધ્યમ વાહન માટે સાવચેતીને ધ્યાને રાખી બ્રિજ બંધ કરવા તેમજ વૈકલ્પિક રૂટ ઉપરથી ભારે/મધ્યમ વાહનોની અવર-જવર કરવા માટે પોરબંદર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ છે.જાહેરનામાં અનુસાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે પોરબંદર ચુના ભઠી વિસ્તારથી ઓલ વેધર પોર્ટને જોડતા લકડી બંદર વિસ્તારમાં આવેલ ડેક બ્રિજની સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટીની કામગીરી પુર્ણ ન થાય ત્યાં સુધી ભારે/મધ્યમ વાહનોની અવર જવર કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. વૈકલ્પિક માર્ગ તરીકે લકડી બંદરમાં આવેલ ડેક બીજને ભારે/મધ્યમ વાહનોના પરિવહન માટે બંધ કરી ઝાવર વિસ્તાર સુભાષનગર વિસ્તાર અને બોખીરા વિસ્તાર તરફથી ડેક બ્રીજ પરથી પોરબંદર સિટી વિસ્તારમાં આવતા વાહનો માટે ડાયવર્ઝન રૂટ તરીકે ઝાવર વિસ્તાર, સુભાષનગર વિસ્તાર થી સતીઆઈ મંદીર, બોખીરા ચાર રસ્તા, જુબેલી બ્રિજ પર થઈ દરાણીયું ઉતરી નવા કુંભારવાડા મેઈન રોડ યુના ભઠ્ઠા ત્રણ રસ્તા થઈ લકડી બંદર તરફ તેમજ સિટી વિસ્તારમાં પ્રવેશ કરવાનો રહેશે, તે જ રીતે જવા માટે પણ આ જ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.અત્રે ઉલ્લેખનીય છે કે વાહન ચાલકે પોતાનું વાહન ગતિ મર્યાદામાં ચલાવવું અને અકસ્માતના બનાવો ન બને તેની ખાસ તકેદારી રાખવી, આ રોડ ઉપર ખુબ જ ટ્રાફિક રહેતું હોય જેથી વાહન ચાલકે પોતાનું વાહન ક્યાય પાર્ક કરવું નહિ, ભારે વાહન ચાલકે તેમના વાહનની સાઈઝથી વધારે અને ક્ષમતાથી વધારે માલ ન ભરવો, માલ ભરેલ વાહનમાં માલ ઉપર તાલપત્રી બાંધવી તેમજ કોઈપણ વાહન ચાલકે મ્યુઝિકલ હોર્નનો ઉપયોગ કરવો નહિ. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

# આજી ડેમ ચોકડી પાસે ક્ષતિગ્રસ્ત રસ્તાનું સમારકામ કરાયું



। (માહિતી) રાજકોટ, તા.૧૬ ।

રાજકોટ શહેરના વોર્ડ નંબર ૬માં આજી ડેમ ચોકડી પાસે સર્કલની આજુ-બાજુના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ભારે વરસાદથી પડેલા ખાડાઓ બુરી રસ્તો સમથળ કરાયો હતો. આ રસ્તાનું સમારકામ થતાં આસપાસના ગ્રામીણ વિસ્તારો તેમજ જસદણ, ભાવનગર તરફ જતા વાહન ચાલકોને વાહન ચલાવવામાં સરળતા રહેશે. રાજકોટ શહેર તેમજ જિલ્લામાં ભારે વરસાદના કારણે વિવિધ રસ્તાઓમાં થયેલા નુકસાનથી વાહન ચાલકોને તકલીફ ભોગવવી ન પડે તે માટે મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શનમાં જિલ્લા કલેકટરશ્રી તેમજ કમિશનરશ્રીએ વિવિધ માર્ગોનું નિરીક્ષણ કરી અધિકારીશ્રીઓને નિર્દેશ આપ્યા હતા. આ ઉપરાંત નાગરિકો ખરાબ રસ્તાઓ અંગે ગુજમાર્ગ એપ્લિકેશનમાં ફરિયાદ કરી રહ્યા છે, જેનું નિવારણ પણ એક્ટિવ મોડમાં કરાઈ રહ્યું છે. ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આજી ડેમ સર્કલમાં ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તા પર સીસી(સીમેન્ટ કોંક્રીટ) કરી પેવિંગ બ્લોક પાથરીને રસ્તાને સમથળ કરાયો હતો. આ રસ્તો સમથળ થતા ત્રંબા, અણીયારા, રાજ સમઢીયાળા, સરધાર સહિતના ગ્રામીણ વિસ્તારો તેમજ જસદણ અને ભાવનગર તરફ જતા વાહન ચાલકોને આવાગમનમાં સુગમતા રહેશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. ઘરના બાકી રહેલા કામ આટાપવા માટે તમારા જીવનસાથી સાથે વ્યવસ્થા કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ખાસ કરીને ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે સવારથીજ તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. પ્રેમની વેદના આજે તમને સૂવા નહીં દે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારા દ્વારા કોઈપણ પ્રકારે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ.

**સિંહ (મ,ટ) :**
સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. તમારા પરિવાર સાથે જડતાપૂર્વક વર્તન ન કરતા-તેનાથી શાંતિ જોખમાઈ શકે છે. પ્રેમની વેદના આજે તમને સૂવા નહીં દે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે. કામના સ્થાળે આજે બધું જ તમારી તરફેણમાં હોવાનું જણાય છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપ શે. લાંબા સમય બાદ તમારા મિત્રને મળવાનો વિચાર તમારા હૃદયની ગતિ એકાદ ગબડતા પથ્થર જેવી કરી મુકશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારે માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? તમારા માતા-પિતાની તબિયત ચિંતા તથા બેચેની જન્માવશે. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે. નિર્ણય લેવાના તમારા માર્ગમાં ગવર્વને આવવા ન દેતા-તમારી હાથ નીચેના લોકોનું શું કહેવું છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થઈ શકે છે. કુટુંબના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી. તમારે આવું ન કરવું જોઈએ.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે.

न्यूઝ બ્રિફ

## મોસ્કો પર હુમલા કરો, હથિયાર અમેરિકા આપશે : ટ્રમ્પની યુક્રેનને ઓફર

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તા પર આવતાની સાથે ૨૪ કલાકમાં રશિયા અને યુક્રેન યુદ્ધ બંધ કરાવી દઈશ તેવી શેખી મારી હતી, પરંતુ ટ્રમ્પે સત્તા સંભાળ્યાને છ મહિના થવા આવ્યા છતાં રશિયા અને યુક્રેન યુદ્ધ બંધ નથી થયું. રશિયન પ્રમુખ પુતિન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ગાંઠતા નથી. જેથી હવે ટ્રમ્પે યુદ્ધ બંધ નહીં થાય તો રશિયાને ૧૦૦ ટકા ટેરિફની સાથે સેકન્ડરી ટેરિફ નાંખવાની ધમકી આપી છે. બીજીબાજુ યુક્રેનને મોસ્કો પર હુમલા કરે તો અમેરિકાના હથિયારો પૂરા પાડવાની ઓફર કરી છે. ટ્રમ્પની ધમકી વચ્ચે રશિયાએ અમેરિકા પર પલટવાર કરતા કહ્યું કે, અમે પ્રતિબંધોથી ડરતા નથી. અમે મજબૂતીથી સામનો કરીશું. રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિન ૫૦ દિવસમાં યુક્રેન સાથે શાંતિ સમજૂતી ના કરે અને યુદ્ધ ચાલુ રાખશે તો રશિયા ઉપર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ધમકી આપી છે. ઓવલ ઓફીસમાં નાટોના મહામંત્રી માર્ક રૂટે સાથે મંત્રણા દરમિયાન પ્રમુખ ટ્રમ્પે આ ચેતવણી આપી હતી. આ જ સમયે યુક્રેન અને રશિયા માટેના ડોનાલ્ડ ટ્રમ્પના વિશેષ રાજદૂત યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી અને રશિયન પ્રમુખ પુતિનને મળ્યા હતા. પ્રમુખ ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધનો વહેલામાં વહેલી તકે અંત લાવવા ઈચ્છા દર્શાવી હતી અને રશિયાને ૧૦૦ ટકા ટેરિફની ધમકી આપી હતી. સાથે ટ્રમ્પે રશિયાને સેકન્ડરી ટેરિફની પણ ધમકી આપી હતી. એટલે કે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદનારા દેશો પર વધારાનો ટેરિફ નાંખવામાં આવશે.ભારત અને ચીન સહિતના દેશો રશિયા પાસેથી નીચી કિંમતે ક્રૂડ ખરીદે છે.



વારાણસીમાં ચોમાસા દરમિયાન ગંગા નદીના પાણીમાં સતત વધારો થવાને કારણે ડૂબી ગયેલો નમો ઘાટ.

### ભારતના સમૃદ્ધ સ્ટ્રીટ ફૂડ કલ્ચરને ટાર્ગેટ કરવા માગતું નથી

## સમોસા, જલેબી માટે વોર્નિંગ લેબલનો આદેશ આપ્યો નથી: આરોગ્ય મંત્રાલય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સમોસા, જલેબી અને લાડુ જેવા ખાદ્ય પદાર્થો પર વોર્નિંગ લેબલ લગાવવા માટે સરકારે આદેશ આપ્યો હોવાના અહેવાલોને ફગાવી દઈને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે મંગળવારે તેને ભ્રામક, ખોટા અને પાયાવિહોણા ગણાવ્યાં હતાં.

મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે વિવિધ ખાદ્ય પદાર્થોમાં ચરબી અને વધારાની ખાંડ અંગેના આરોગ્ય મેસેજમાં તેને માત્ર એડવાઈઝરી આપી છે. તે વિક્રેતાઓ માટે તેમની પ્રોડક્ટ્સ પર વોર્નિંગ લગાવવાનો આદેશ નથી. તે ભારતના સમૃદ્ધ સ્ટ્રીટ ફૂડ કલ્ચરને ટાર્ગેટ કરવા માગતું નથી. આ સામાન્ય સલાહ તમામ ખાદ્ય પદાર્થોમાં રહેલી ચરબી અને વધારાની ખાંડ વિશે લોકોને જાગૃત કરવાની છે અને તે ખાસ કરીને કોઈ ચોક્કસ ખાદ્ય પદાર્થ માટે નથી. આ એડવાઈઝરીમાં ફળો, શાકભાજી અને ઓછી ચરબીવાળા વિકલ્પો જેવા સ્વસ્થ ખોરાકને પ્રોત્સાહન આપતા અન્ય સંદેશાઓનો ઉલ્લેખ કરાયો છે. મંત્રાલયે અલગથી એક એડવાઈઝરી જારી કરી છે, તે વિવિધ ખાદ્ય પદાર્થોમાં રહેલી ચરબી અને વધુ પડતી ખાંડના હાનિકારક વપરાશ અંગે જાગૃતિ લાવવા માટે કાર્યસ્થળો પર બોર્ડ પ્રદર્શિત કરવાની સલાહ આપે છે.

### સુપ્રીમ કોર્ટની ચેતવણી

## જાતિ આધારિત રાજકારણ કરતા પક્ષો દેશ માટે ખતરનાક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલિમીન (AIMIM)ની રાજકીય પક્ષ તરીકે થયેલી નોંધણી રદ કરવા માટે થયેલી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. જો કે આ સાથે કોર્ટે નોંધ્યું હતું કે, જાતિ આધારિત રાજકારણ પર નિર્ભર રહેતા પક્ષો દેશ માટે તેટલા જ ખતરનાક છે.

જસ્ટિસ સૂર્ય કાંત અને જોયમાલ્યા બાગચીની બેન્ચે નોંધ્યું હતું કે, AIMIMના બંધારણ મુજબ તેનો હેતુ સમાજના દરેક પછાત વર્ગ માટે કામ કરવાનો છે અને તેમાં લઘુમતીનો પણ સમાવેશ થાય છે. બંધારણે લઘુમતિને કેટલાક અધિકારો આપેલા છે અને AIMIMના ઘોષણાપત્ર અથવા બંધારણમાં પણ બંધારણે આપેલા અધિકારોનું જતન કરવાનો ધ્યેય છે.

આમ, AIMIMનો હેતુ પણ બંધારણે સ્વીકારેલા ધ્યેયને અનુરૂપ છે. અરજદાર તરફથી એડવોકેટ વિષ્ણુ જૈને દલીલો કરી હતી. દિલ્હી હાઈકોર્ટ સમક્ષ અગાઉ તેમણે AIMIMની રાજકીય પક્ષ તરીકેની માન્યતા રદ કરવા અરજી કરી હતી, જેને કોર્ટે ફગાવી દીધી હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યું હતું કે, કેટલાક રાજકીય પક્ષો ધાર્મિક લાગણીઓ ઉશ્કેરવાનું કે જાતિ આધારિત રાજકારણ રમવાનું ચૂકતા નથી અને આ દેશ માટે ખતરનાક છે.

## બોમ્બે સ્ટોક એક્સચેન્જને બોમ્બથી ઉડાડવાની ધમકી બોગસ નીકળી




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

દેશના આર્થિક નર્વ સેન્ટર તરીકે ઓળખાતા બોમ્બે સ્ટોક એક્સચેન્જ(બીએસઈ)ને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળી છે. જોકે, પરિસરની સઘન તપાસ કરવામાં આવ્યા પછી, આ ધમકી બોગસ સાબિત થઈ છે. આ મામલે પોલીસે ફરિયાદ નોંધીને ધમકી આપનાર આરોપીની શોધખોળ શરુ કરી છે. મુંબઈ પોલીસના એક અધિકારીએ મંગળવારે જણાવ્યું કે રવિવારે બીએસઈના એક કર્મચારીને ઈમેઈલ આઈડીથી એક મેસેજ મળ્યો, જેમાં દક્ષિણ ભારતના એક નેતાનું નામ હતું. ઈમેઈલમાં દાવો કરવામાં આવ્યો હતો કે બીએસઈ ભવનમાં ચાર આરડીએક્સ યુક્ત આઈઈડી લગાવવામાં આવ્યા છે. ઈ-મેઈલ દ્વારા સોમવારે બપોરે લગભગ ૩-૦૦ કલાકની આસપાસ વિસ્ફોટ કરવાની ચેતવણી આપવામાં આવી હતી. બીએસઈના કર્મીએ સ્ટોક એક્સચેન્જના અધિકારીઓને ધમકીભર્યા મેઈલ અંગે જાણ કરીને અને ત્યાર પછી તેમણે મુંબઈ પોલીસનો સંપર્ક કર્યો હતો. જોકે, મુંબઈ પોલીસ અને બોમ્બ ડિફ્યુઝ સ્કવોડની એક ટુકડીએ બીએસઈ ભવન પહોંચીને તપાસ કરી, પરંતુ કોઈ પણ પ્રકારની શંકાસ્પદ ચીજવસ્તુ મળી ન હતી. અમૃતસરના પ્રખ્યાત શ્રી દરબાર સાહિબ(સુવર્ણ મંદિર)ને ચોવીસ કલાકમાં બીજી વાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. બીજી વાર પણ ઈમેઈલ દ્વારા ધમકી આપીને દાવો કરવામાં આવ્યો છે કે પાઈપોમાં આરડીએક્સ ભરી દીધો છે, ત્યાર પછી શ્રી દરબાર સાહિબની અંદર મોટો વિસ્ફોટ થશે. જેના કારણે અમૃતસર પોલીસ એલર્ટ મોડ પર છે. બોમ્બની ધમકીને પગલે શ્રી દરબાર સાહિબમાં આવતા-જતા લોકોની તપાસ કરવામાં આવી રહી છે.દિલ્હીના દ્વારકા સ્થિત સેન્ટ થોમસ સ્કૂલ અને દિલ્હી યુનિવર્સિટીની સેન્ટ સ્ટીફન કોલેજને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળી છે. બોમ્બની ધમકીની સૂચના મળતા જ દિલ્હી પોલીસ અને ડોગ સ્કવોડની ટુકડી તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. આ સાથે ફાયર બ્રિગેડ અને સ્પેશ્યલ સ્ટાફની ટુકડી પણ પહોંચી હતી.

## કારમાં પુરાઈ ગયેલાં ભાઈ-બહેનનું ગુંગળાઈ જતાં મોત

। (એજન્સી) ભાવનગર, તા.૧૬ ।

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના પાવઠી ગામમાં એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. મંગળવારે, જુલાઈ ૧૫ના રોજ સાંજે આશરે ૬ વાગ્યે ઘરની બહાર પાર્ક કરેલી એક ફોરવ્હીલ કારમાં રમતાં રમતાં બે નાના ભાઈ-બહેન કારની અંદર પુરાઈ ગયા હતા, જેના કારણે ગૂંગળાઈ જવાથી તેમનું કરુણ મૃત્યુ થયું હતું. આ ઘટનાથી સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.મળતી માહિતી મુજબ, દીપકભાઈ સોઢાતરના ૬ વર્ષની પુત્રી તન્વી અને ૪ વર્ષના પુત્ર હિત ઘરની બહાર પાર્ક કરેલી કારમાં રમી રહ્યા હતા. રમતાં રમતાં બંને બાળકો કારની અંદર ગયા અને અચાનક કારની લોક સિસ્ટમ સક્રિય થઈ ગઈ. કારના દરવાજા અંદરથી લોક થઈ જતાં બંને માસૂમ બાળકો અંદર ફસાઈ ગયા.

### બાંગ્લાદેશને ભારતની અપીલ

## ‘સત્યજીત રેનું પૈતૃક મકાન ન તોડશો, અમે મ્યુઝિયમ બનાવવા મદદ કરીશું’

### આ ઈમારત પ્રસિદ્ધ બાળ સાહિત્યકાર અને પ્રકાશક ઉપેન્દ્રકિશોર રે નું પૈતૃક ઘર છે, જે બાંગ્લાદેશના મૈમનસિંહ શહેરમાં સ્થિત છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

બાંગ્લાદેશમાં બંગાળની સન્માનિત સાહિત્યિક અને સાંસ્કૃતિક હસ્તીઓની ત્રણ પેઢી સાથે જોડાયેલા એક ઘરને ધ્વસ્ત કરવામાં આવી રહ્યું છે. જેના પર ભારત સરકારે ભારે ચિંતા વ્યક્ત કરી છે. આ ઈમારત પ્રસિદ્ધ બાળ સાહિત્યકાર અને પ્રકાશક ઉપેન્દ્રકિશોર રે નું પૈતૃક ઘર છે, જે બાંગ્લાદેશના મૈમનસિંહ શહેરમાં સ્થિત છે. ઉપેન્દ્રકિશોર, કવિ સુકુમાર રે ના પિતા અને મહાન ફિલ્મ નિર્માતા સત્યજીત રે ના દાદા હતા. આ સંપત્તિ વર્તમાનમાં બાંગ્લાદેશ સરકારની માલિકીની છે.

ભારતે મંગળવારે બાંગ્લાદેશને આ ઈમારત ધ્વસ્ત કરવાના નિર્ણય પર પુનર્વિચાર કરવાની અપીલ કરી છે. ભારતીય વિદેશ મંત્રાલય એ બાંગ્લાદેશ સરકારને કહ્યું કે, આ ઘર બંગાળી સાંસ્કૃતિક પુનર્જાગરણ સાથે જોડાયેલું ઐતિહાસિક સ્થળ છે. આ ઈમારતનું જીર્ણોદ્ધાર કરવામાં આવી શકે છે અને તેને સહિયારા વારસાની ઉજવણી કરતા સાહિત્યિક સંગ્રહાલયમાં રૂપાંતરિત કરી શકાય છે.વિદેશ મંત્રાલયે બાંગ્લાદેશની સરકારને એ પણ કહ્યું કે, જો તેમના તરફથી આ ઈમારતના જીર્ણોદ્ધાર પર વિચાર કરવામાં આવી રહ્યો છે, તો ભારત સરકાર મદદ કરવા માટે તૈયાર છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, આવી સ્મૃતિથી ભરેલી જગ્યાને તોડી પાડવું એ હૃદયદ્રાવક છે. તેમણે બાંગ્લાદેશ અને ભારત સરકારને આ ઐતિહાસિક સ્થળના સંરક્ષણ માટે પગલું ભરવાનું આહ્વાન કર્યુ અને રે પરિવારને બંગાળની સાંસ્કૃતિક વિરાસતનો પથપ્રદર્શક જણાવ્યું.

જણાવી દઈએ કે, સત્યજીત રે ને વિશ્વ સિનેમાના મોટા ફિલ્મકારોમાંથી એક માનવામાં આવે છે. તેઓ ફિલ્મ ડિરેક્ટર હોવાની સાથોસાથ લેખક, સંગીતકાર અને ચિત્રકાર પણ હતા. બાંગ્લાદેશમાં સત્યજીત રેનું પૈતૃક ઘર લગભગ ૧૦૦ વર્ષ પહેલાં તેમના દાદા ઉપેન્દ્રકિશોર રે એ બનાવ્યું હતું. વર્ષ ૧૯૪૭માં ભારતના ભાગલા બાદ આ સંપત્તિ તત્કાલિન પૂર્વ પાકિસ્તાનના આધિન થઈ ગયું હતું. પૂર્વ પાકિસ્તાન ત્યારે પાકિસ્તાનનો ભાગ હતો. ભારત સાથે ૧૯૭૧ના યુદ્ધમાં પાકિસ્તાનની હાર બાદ પૂર્વ પાકિસ્તાન બાંગ્લાદેશના રૂપે નવો દેશ બન્યો.

### નવી એર ડિફેન્સ સિસ્ટમ બનાવી

## ઈરાનની હાઈપરસોનિક મિસાઈલોનો તોડ ઈઝરાયલે શોધી કાઢ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ઈઝરાયલે તેની નવી હાયપરસોનિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ, એરો ૪ (Arrow 4) વિકસાવવાની જાહેરાત કરી છે. આ સિસ્ટમ કોઈપણ હાયપરસોનિક મિસાઈલને રોકવા તેમજ નષ્ટ કરવામાં સક્ષમ છે. ઈઝરાયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ (IAI) ના CEO બોઆઝ લેવીએ જણાવ્યું કે, ‘Arrow 4 ટૂંક સમયમાં કાર્યરત થઈ જશે અને ઈઝરાયલના એર ડિફેન્સનો ભાગ બનશે. આ સિસ્ટમ ખાસ કરીને આજે સૌથી મોટા ખતરા સમાન હાયપરસોનિક મિસાઈલોનો સામનો કરવા માટે બનાવવામાં આવી છે.’હાયપરસોનિક મિસાઈલો, જેમ કે ચીનની DF-ZF અને રશિયાની અવાંગાર્ડ, ધ્વનિની ગતિ કરતાં પાંચ ગણી (મેક ૫) થી પણ વધુ ઝડપે ગતિ કરે છે. આ મિસાઈલો હવામાં દિશા બદલી શકે છે અને નીચી ઉડાન ભરે છે, જેના કારણે પરંપરાગત મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ માટે તેમને ટ્રેક કરવી મુશ્કેલ બની જાય છે. પરંપરાગત બેલિસ્ટિક મિસાઈલો એક સીધા માર્ગે ગતિ કરે છે, પરંતુ હાયપરસોનિક મિસાઈલોનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. ચીન, રશિયા, ઈરાન અને ઉત્તર કોરિયા જેવા દેશોની વધતી ટેકનોલોજીને કારણે આ ખતરો વધુ ગંભીર બન્યો છે.અગાઉની સિસ્ટમ્સ જેવી કે અમેરિકાની પેટ્રિઅટ PAC-3, થાડ અને રશિયાની જી-૪૦૦, હાયપરસોનિક મિસાઈલોને ટ્રેક કરવા અને નષ્ટ કરવામાં સક્ષમ નથી. તેમની ધીમી પ્રતિક્રિયા અને જૂના સોફ્ટવેર આનું મુખ્ય કારણ છે. હાયપરસોનિક મિસાઈલો એટલી ઝડપી હોય છે કે તે માત્ર અમુક સેકન્ડમાં જ હુમલાનો જવાબ આપી શકે છે. તેમજ તેનાથી રડાર અને ઈન્ટરસેપ્ટર્સ નિષ્ફળ જાય છે.ઈઝરાયલની Arrow 4 એ તેમની Arrow મિસાઈલ ડિફેન્સ સિરીઝનું લેટેસ્ટ વર્ઝન છે. આ સિસ્ટમ હાલની છ્રુિ ર અને Arrow 3 પ્રણાલીઓને પૂરક બનશે અને ભવિષ્યમાં તેમનું સ્થાન પણ લઈ શકે છે.Arrow 4 ખાસ કરીને હાઈપરસોનિક મિસાઈલોને નિષ્ક્રિય કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે, જે ખૂબ જ ઊંચી ઝડપે (મેક ૫, એટલે કે ૬૧૭૪ કિમી/કલાકથી વધુ) ઓછી ઊંચાઈ પર દિશા બદલીને હુમલો કરે છે. આ મિસાઈલોની ગતિ અને અનિયમિત દિશાને કારણે પરંપરાગત મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ દ્વારા તેમને શોધી કાઢવી મુશ્કેલ છે.જો પહેલો હુમલો નિષ્ફળ જાય તો તરત જ બીજો હુમલો કરવાની ક્ષમતા ધરાવે છે. તેમજ મિસાઈલને ઉડાન દરમિયાન માર્ગદર્શન આપી શકે છે. આ ઉપરાંત રડારમાં ૩ કિમી/સેકન્ડની ઝડપે ઉડતી મિસાઈલોને પણ ટ્રેક કરી શકે છે.IAI (Israel Aerospace Industries) અનુસાર, Arrow 4 ઈઝરાયલના નાગરિકોને આધુનિક યુદ્ધના નવા પડકારોથી બચાવવા માટે અત્યંત જરૂરી છે.

# વિશેષ

### અમદાવાદ સર્કલના અધિક્ષક ઈજનેરશ્રી હિતેશ સોલિયાના માર્ગદર્શન હેઠળ કામગીરી હાથ ધરાઈ

# ભારે વરસાદને કારણે પેટલાદ-ખંભાત રાજ્ય માર્ગ પરના ખરાબ થયેલ રસ્તાઓ સમારકામ કરીને મોટરેબલ કરાયા

। (માહિતી) આણંદ ।

આણંદ જિલ્લા કલેકટર શ્રી પ્રવીણ ચૌધરીની સુચના અને માર્ગદર્શન હેઠળ આણંદ જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તાર તથા નેશનલ હાઈવે અને દાંડી માર્ગ ઉપર ભારે વરસાદને કારણે ખરાબ થયેલ રસ્તાઓ ઉપર પડેલ ખાડાઓ તાત્કાલિક ધોરણે પુરવા, રોડ રસ્તાનું સમારકામ કરવું, તમામ રસ્તાઓ મોટરેબલ બનાવવા અંગે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓને સુચના આપવામાં આવી હતી.

આ ઉપરાંત માર્ગ અને મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લાના રોડ-રસ્તાઓનું સમારકામ હાથ ધરવામાં આવી રહ્યું છે.

જે અન્વયે અમદાવાદ સર્કલના અધિક્ષક ઈજનેરશ્રી હિતેશભાઈ સોલિયાએ જણાવ્યું હતું કે, આણંદ ડિવીઝન અંતર્ગત ૯૫૦ કિમીના રોડ નેટવર્ક પૈકી ૬૫ કિમી જેટલો રસ્તા વરસાદને કારણે ડેમેજ થયો હતો. વરસાદ બંધ થતા જ યુધ્ધના ધોરણે રસ્તાઓ ઉપર ખાડા પડ્યા હોય તેવા રસ્તાઓનું દૂરસ્તી કામ, પેચ વર્ક, હોટ મિક્સ વર્ક હાથ ધરવામાં આવ્યું છે. જેના કારણે રસ્તાઓ પૂર્વવત થયા છે.નાગરિકોને વાહન વ્યવહારમાં કાંઈ મુશ્કેલી ન પડે તે માટે માર્ગ અને મકાન કટિબધ્ધ છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આણંદ જિલ્લાના માર્ગ અને મકાન(રાજ્ય) વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી હિતેશ ગઢવીએ પણ આણંદ ડિવીઝન અંતર્ગત કરાઈ રહેલ કામગીરી અંતર્ગત જણાવ્યું હતું કે, જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ જુદી જુદી ટીમો બનાવી રોડ-રસ્તાના સમારકામની કામગીરી વરસાદ બંધ થતા તાકીદના ધોરણે હાથ ધરવામાં આવી છે. જે અનવ્યે પેટલાદ-ખંભાત રાજ્ય માર્ગ પરના ૯ કિમી જેટલા રોડ પર દૂરસ્તી કામ, પેચ વર્ક, હોટ મિક્સ વર્ક હાથ ધરવામાં આવ્યું છે. જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી ના માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયત હસ્તકના માર્ગો કે જે ભારે વરસાદને કારણે ખરાબ થયેલ છે તેનું પણ આ જ રીતે કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે, તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું

પેટલાદ-ખંભાત રાજ્ય માર્ગ સમારકામ વેળાએ સિટી ઈજનેરશ્રી જીગર પટેલ તથા માર્ગ અને મકાનના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.







# ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં 'વંદે માતરમ' ગીતના ૧૫૦ વર્ષ પૂર્ણ થતા સાર્ધ શતાબ્દીની ઉજવણી કરવામાં આવી

## ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં લોકો જોડાયા




અમદાવાદ, તા.૧૬

દેશનાં ગૌરવ ગીત 'વંદે માતરમ'નાં ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે રાજ્યનાં વિવિધ શહેરોમાં 'વંદે માતરમ' સપ્તાહ યાત્રા ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કશ્યપ સભાગૃહ ખાતે 'વંદે માતરમ'ની રચના વિશે શોધયાત્રાની અસરકારક રજૂઆત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વિદ્યાલક્ષી વિવિધ કામગીરીની દસ્તાવેજી માહિતી આપવામાં આવી હતી. રાષ્ટ્રઋષિ શ્રી બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે આ ગૌરવ ગીત 'વંદે માતરમ'ની રચના વર્ષ ૧૮૭૫માં કરી હતી. વંદે માતરમ્ માત્ર એક ગીત નથી, તે રાષ્ટ્રને એક તારમાં પરોવનાર સંદેશ છે. આ ગીતના ઈતિહાસ તેમજ મહત્વ વિશે સંશોધક શ્રી મિલિંદ સબનીસની ટીમ દ્વારા ઓડિયો-વિઝ્યુઅલ પ્રદર્શન થકી અભિવ્યક્તિ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કુલપતિશ્રી પ્રો. ડૉ. સુશ્રી અમીબહેન ઉપાધ્યાય, પુણેથી સંશોધક શ્રી મિલિંદ સબનીસ, રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાનના પ્રમુખ શ્રી હર્ષદ યાજ્ઞિક, મહામંત્રી સુશ્રી ઋત્વિબહેન પટેલ, ગુજરાત યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગના ડૉ. શ્રી હિતેશભાઈ પટેલ, શ્રી પ્રા. ચિરાયુ પંડિત તેમજ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વિદ્યાપરિવારના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### ૧૭ થી ૨૩ જુલાઈ સુધી અમદાવાદ-ગેરતપૂર સેક્સનમાં સ્થિત રેલવે ક્રોસિંગ નં ૩૦૫ (વીંઝોલ રેલવે ફાટક) બંધ રહેશે

અમદાવાદ, તા.૧૬

પશ્ચિમ રેલવેના અમદાવાદ-ગેરતપુર સેક્શનમાં સ્થિત રેલ્વે ક્રોસિંગ નં. ૩૦૫ (કિ.મી. ૪૮૬/૩૦-૩૨) વટવા-વીંઝોલ રેલવે ક્રોસિંગ સમારકામ અને જાળવણી કાર્ય માટે ૧૭ જુલાઈ ૨૦૨૫ ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યાથી ૨૩ જુલાઈ ૨૦૨૫ ના રોજ સાંજે ૨૦:૦૦ વાગ્યા સુધી (૭ દિવસ માટે) બંધ રહેશે.

રોડ વપરાશકર્તાઓ આ સમયગાળા દરમિયાન કેડિલા બ્રિજ અને જીઆઈડીસી રોડ ઓવર બ્રિજ (આરઓબી) (વટવા સ્ટેશનની ઉત્તર બાજુ) થી મુસાફરી કરી શકશે.

### સ્ટોલ માટે ગઠિયાએ ૮ લાખ લઇ ઠગાઈ આચરી

અમદાવાદ, તા.૧૬

ચાંદખેડામાં ફાસ્ટ ફૂડનો ધંધો કરનાર સાથે ગઠિયાએ રૂ. ૮ લાખની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાઇ છે. ગત ઓગસ્ટમાં ગઠિયો વેપારીની દુકાને ગયો હતો. તેણે આંબલી બોપલ ખાતેના બસેરા પાર્ટી પ્લોટ અને નાના ચિલોડા ખાતે ચાચર ચોકમાં નવરાત્રિના ગરબાનું આયોજન કર્યુ હોવાની વાત કરી હતી. બાદમાં ફૂડ સ્ટોલ માટેની ઓફર કરીને ૧૩.૫૦ લાખ ડિપોઝિટ માગી હતી. જોકે આરોપીએ નાના ચિલોડા ખાતેના ચાચર ચોકમાં વેપારીને સ્ટોલ ન આપીને આઠ લાખ ખંખેરી બહાના બતાવ્યા હતા. જેથી આ મામલે ચાંદખેડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. રાણીપમાં રહેતા સતીષભાઇ સિરોહી ચાંદખેડામાં ફાસ્ટ ફૂડની દુકાન ધરાવે છે. તેમના એક મિત્રના ત્યાં વિશાલ શુક્લા નોકરી કરતો હતો હોવાથી સતીષભાઇ સાથે પરિચય થયો હતો. બાદમાં વિશાલે નોકરી છોડીને ઈવેન્ટનું કામ શરૂ કર્યું હતું. ગત ઓગસ્ટમાં વિશાલ ભોગ બનનાર સતીષભાઇની દુકાને ગયો હતો. જ્યાં તેણે નવરાત્રિમાં ઈવેન્ટના ઓર્ડર લીધા હોવાનું કહીને પાર્ટનરશીપ ની ઓફર મૂકી હતી. આંબલી બોપલ ખાતે બસેરા પાર્ટી પ્લોટ અને નાના ચિલોડા ખાતે ચાચર ચોકમાં ખાણીપીણી અને પાણીના સ્ટોલ રાખ્યા હોવાની સતીષભાઇને જાણ કરી હતી.

# વલસાડ અને વડનગર એક્સપ્રેસનો આંબલિયાસન સ્ટેશન પર સ્ટોપેજનો શુભારંભ



અમદાવાદ, તા.૧૬

તારીખ ૧૬.૦૭.૨૦૨૫ ના રોજ માનનીય સાંસદ (લોકસભા) મહેસાણા શ્રી હરિભાઈ પટેલ, માનનીય સાંસદ (રાજ્યસભા) શ્રી મયંક નાયક અને માનનીય ધારાસભ્ય મહેસાણા શ્રી મુકેશ પટેલ દ્વારા ટ્રેન સંખ્યા ૨૦૯૫૯/૨૦૯૬૦ વલસાડ-વડનગર સુપરફાસ્ટ એક્સપ્રેસનું આંબલિયાસન સ્ટેશન પર સ્ટોપેજ નો શુભારંભ કરવામાં આવ્યો.

આ પ્રસંગે માનનીય સાંસદ શ્રી હરિભાઈ પટેલે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે આ ટ્રેનના સ્ટોપેજથી આંબલિયાસન અને આસપાસના સ્થાનિક નાગરિકોને લાભ મળશે. આંબલિયાસન થી અમદાવાદ, સુરત, મહેસાણા અને વડનગર તરફ નોકરીપેશા અને નાના વેપાર કરતા લોકોને સરળતાથી અને સસ્તા દરે મુસાફરી કરવાનું સાધન મળશે.

આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક અમદાવાદના શ્રી સુધીર કુમાર શર્મા, વરિષ્ઠ રેલવે અધિકારીઓ અને આંબલિયાસનના મહાનુભાવો હાજર રહ્યા હતા. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છેઃ

ટ્રેન સંખ્યા ૨૦૯૫૯ વલસાડ-વડનગર સુપરફાસ્ટ એક્સપ્રેસ આંબલિયાસન સ્ટેશન પર ૧૧.૪૭ કલાકે આગમન અને ૧૧.૪૯ કલાકે પ્રસ્થાન કરશે. એ જ રીતે ટ્રેન સંખ્યા ૨૦૯૬૦ વડનગર-વલસાડ સુપરફાસ્ટ એક્સપ્રેસ આંબલિયાસન સ્ટેશન પર ૧૭.૪૮ કલાકે આગમન અને ૧૭.૫૦ કલાકે પ્રસ્થાન કરશે.

ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# આણંદમાં મેચ દરમિયાન ૨૩ વર્ષીય મુસ્લિમ યુવકની મોબ લિંચિંગમાં આરોપીઓમાંથી એકની જામીન અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

આણંદ, તા.૧૬

ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બનેલી બેન્ચે અરજી ફગાવી દીધી હતી, જેમાં નોંધ્યું હતું કે સહ-આરોપી દ્વારા કરવામાં આવેલી આવી જ વિનંતી અગાઉ પણ ફગાવી દેવામાં આવી હતી, જેના કારણે બેન્ચે આ તબક્કે અરજદારની અરજી પર વિચાર કરવાનો ઈનકાર કર્યો હતો. જામીન અરજદારે અગાઉ ગુજરાત હાઈકોર્ટમાં રાહત માંગી હતી, જેણે ગુનાની ગંભીરતા અને આરોપી કિરણ ઉર્ફે હોલો મફતભાઈ પરમારની ચોક્કસ ભૂમિકાને કારણે જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. હાઈકોર્ટના જણાવ્યા મુજબ, આરોપીઓએ સલમાન વોહરાને ગળું પકડીને ભાગી જવાથી બચાવવા માટે તેના પર નિર્દયતાથી હુમલો કર્યો હતો, જેનાથી અન્ય લોકો જીવલેણ ઈજાઓ પહોંચાડી શક્યા હતા.

હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે આરોપીઓના કૃત્યો એક સામાન્ય ઈરાદા દર્શાવે છે, અને જણાવ્યું હતું કે "અરજદાર-આરોપી તરફથી ઉપરોક્ત ખુલ્લેઆમ કૃત્ય સામાન્ય ઈરાદા સિવાય બીજું કંઈ નથી," કારણ કે તેઓ "ઘાતક શસ્ત્રોથી સજ્જ હતા અને પીડિતાને ઈજા પહોંચાડી હતી." કોર્ટે વધુમાં નોંધ્યું હતું કે "મૃતકના મૃતદેહ પર અંધાધૂંધ માર મારવામાં આવ્યો હોવાને ધ્યાનમાં લેતા, પ્રથમ દ્રષ્ટિએ, અરજદારની સંડોવણી મળી આવે છે અને મૃતદેહ પર સંબંધિત ઈજા પણ મળી આવે છે." આ ઘટના જૂન ૨૦૨૪ માં બની હતી, જ્યારે ૨૩ વર્ષીય મુસ્લિમ વ્યક્તિ સલમાન વોહરા બે મિત્રો સાથે ચિખોદરા ગામમાં ક્રિકેટ ટુર્નામેન્ટમાં હાજરી આપવા ગયો હતો.

અહેવાલો અનુસાર, વોહરાના મિત્રો અને સ્થાનિક પુરુષોના જૂથ વચ્ચે ઝઘડો થયો હતો અને જ્યારે વોહરાએ પરિસ્થિતિને હળવી કરવાના પ્રયાસમાં દરમિયાનગીરી કરી ત્યારે તેના પર લાકડીઓ અને ક્રિકેટ બેટથી હુમલો કરવામાં આવ્યો અને છરીના ઘા કરવામાં આવ્યા, જેના પરિણામે તેનું મૃત્યુ થયું.

મુસ્લિમ ખેલાડીઓએ ટુર્નામેન્ટમાં સારું પ્રદર્શન કર્યું હોવાથી ટોળાએ "જય શ્રી રામ" જેવા હિન્દુત્વના નારા લગાવીને મુસ્લિમ ખેલાડીઓને હેરાન કર્યા હતા.

આ ઘટનાના વીડિયો ફૂટેજ, જે પાછળથી સોશિયલ મીડિયા પર સામે આવ્યા હતા, તેમાં હુમલાખોરોને પ્રોત્સાહન આપતી ભીડ જોવા મળી હતી, જેના કારણે આ ઘટના સામે વ્યાપક રોષ ફેલાયો હતો.

તપાસ બાદ, ગુજરાત પોલીસે અનેક વ્યક્તિઓની ધરપકડ કરી અને તેમના પર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા), ૨૦૧ (પુરાવા ગાયબ કરવા), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ (ગેરકાયદેસર રીતે ભેગા થવા અને રમખાણો સંબંધિત), ૩૨૩ અને ૩૨૪ (સ્વેચ્છાએ ઈજા પહોંચાડવી), ૫૦૪ (શાંતિનો ભંગ કરવા માટે ઈરાદાપૂર્વક અપમાન), અને ૫૦૬(૨) (ગુનાહિત ધાકધમકી), તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ સહિત અનેક કલમો હેઠળ આરોપ મૂક્યા.

આ કેસમાં મેહુલ ઉર્ફે ઘેટો દિનેશભાઈ પરમાર, કિરણ ઉર્ફે હોલો મફતભાઈ પરમાર અને મહેન્દ્ર ઉર્ફે ફુલીયો રમેશભાઈ વાઘેલા તરીકે ઓળખાતા સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા અન્ય આરોપીઓમાં અક્ષય ઉર્ફે અકો નરસિંહભાઈ પરમાર, રતિલાલ રાયસિંગભાઈ પરમાર, વિજય ઉર્ફે પકોરાણી મંગળભાઈ પરમાર (બધા ચિખોદરાથી) અને કેતન મહેન્દ્રભાઈ પટેલ વાઘાસીનો સમાવેશ થાય છે.

ગુજરાત હાઈકોર્ટે જામીન અરજી ફગાવી દીધા પછી, અરજદારે સુપ્રીમ કોર્ટમાં રાહત મેળવવા માટે અરજી કરી, જેણે પણ અરજી ફગાવી દીધી.

ગુજરાતના આણંદ જિલ્લાના પોલસન કમ્પાઉન્ડનો રહેવાસી સલમાન, કપડાનો વ્યવસાય કરતો હતો, નવા પરિણીત હતો અને તેના દુઃખદ મૃત્યુ સમયે તેની પત્ની એક મહિનાની ગર્ભવતી હતી અને તેના પહેલા બાળકનો જન્મ થયો હતો.

# રેલવે બોર્ડે ગુજરાતમાં સરાડીયા-વાંસજાળિયા નવી લાઇનના અંતિમ સ્થાન સર્વેને મંજૂરી આપી



અમદાવાદ, તા.૧૬

ગુજરાતને રેલ મંત્રાલયે મોટી ભેટ આપી છે. રેલવે બોર્ડે પશ્ચિમ રેલવે ઝોન હેઠળ ગુજરાત રાજ્યમાં સરાડીયા-વાંસજાળિયા નવી લાઇન માટે ફાઈનલ લોકેશન સર્વે (FLS) ને મંજૂરી આપી છે. ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, સરાડીયા-વાંસજાળિયા વચ્ચેની લાઈન ૪૫ કિમી લાંબી છે. આ લાઈન શરુ થવાથી ગુજરાતના સૌરાષ્ટ્રના દૂરના વિસ્તારોમાં ઔદ્યોગિક, સામાજિક અને આર્થિક વિકાસ થશે. આ વિસ્તાર ભારતીય રેલવેના મુખ્ય પ્રવાહ સાથે જોડાશે, જેનાથી અહીંના લોકોને રેલવે દ્વારા દેશના અન્ય વિસ્તારોમાં મુસાફરી કરવાની સુવિધા મળશે. સોમનાથ-દ્વારકા-ઓખા-પોરબંદરને જોડતો એક વધારાનો અને ટૂંકો માર્ગ ઉપલબ્ધ થશે. આ લાઈન ગિરનાર, સોમનાથ અને દ્વારકા જેવા તીર્થસ્થળો માટે વધારાનો માર્ગ પૂરો પાડશે. આ લાઈન ભારતીય રેલવેના સિદ્ધાંતોને અનુરૂપ સમાવિષ્ટ વિકાસને પ્રોત્સાહન આપશે.

સરાડીયા ગામ ગુજરાતના જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં આવેલું છે. વાંસજાળિયા રેલવે સ્ટેશન ગુજરાત રાજ્યના જામનગર જિલ્લામાં આવેલું એક રેલવે સ્ટેશન છે. તે પોરબંદરથી ૩૪ કિમી દૂર છે. પેસેન્જર અને એક્સપ્રેસ ટ્રેનો અહીં રોકાય છે.

### રેલવે બોર્ડે ગુજરાતમાં સરાડીયા-વાંસજાળિયા નવી લાઇનના અંતિમ સ્થાન સર્વેને મંજૂરી આપી

અમદાવાદ, તા.૧૬

ગુજરાતને રેલ મંત્રાલયે મોટી ભેટ આપી છે. રેલવે બોર્ડે પશ્ચિમ રેલવે ઝોન હેઠળ ગુજરાત રાજ્યમાં સરાડીયા-વાંસજાળિયા નવી લાઈન માટે ફાઈનલ લોકેશન સર્વે (FLS) ને મંજૂરી આપી છે.

સરાડીયા-વાંસજાળિયા વચ્ચેની લાઈન ૪૫ કિમી લાંબી છે. આ લાઈન શરુ થવાથી ગુજરાતના સૌરાષ્ટ્રના દૂરના વિસ્તારોમાં ઔદ્યોગિક, સામાજિક અને આર્થિક વિકાસ થશે. આ વિસ્તાર ભારતીય રેલવેના મુખ્ય પ્રવાહ સાથે જોડાશે, જેનાથી અહીંના લોકોને રેલવે દ્વારા દેશના અન્ય વિસ્તારોમાં મુસાફરી કરવાની સુવિધા મળશે. સોમનાથ-દ્વારકા-ઓખા-પોરબંદરને જોડતો એક વધારાનો અને ટૂંકો માર્ગ ઉપલબ્ધ થશે. આ લાઈન ગિરનાર, સોમનાથ અને દ્વારકા જેવા તીર્થસ્થળો માટે વધારાનો માર્ગ પૂરો પાડશે. આ લાઈન ભારતીય રેલવેના સિદ્ધાંતોને અનુરૂપ સમાવિષ્ટ વિકાસને પ્રોત્સાહન આપશે.

સરાડીયા ગામ ગુજરાતના જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં આવેલું છે. વાંસજાળિયા રેલવે સ્ટેશન ગુજરાત રાજ્યના જામનગર જિલ્લામાં આવેલું એક રેલવે સ્ટેશન છે. તે પોરબંદરથી ૩૪ કિમી દૂર છે. પેસેન્જર અને એક્સપ્રેસ ટ્રેનો અહીં રોકાય છે.

# સુરતમાં યુવકના બ્લેક મેઈલિંગથી કંટાળી ૧૯ વર્ષની યુવતીનો આપઘાત

## બીજી તરફ આ મુદ્દે પાટીદાર અગ્રણીએ મુખ્યમંત્રીને લેટર લખ્યો છે. સોશિયલ મીડિયામાં આ પત્ર વાઇરલ થયો હતો


(એજન્સી) સુરત, તા.૧૬

સુરતમાં યુવકના બ્લેક મેઈલિંગથી કંટાળીને વાવડીયા પરિવારની ૧૯ વર્ષીય પાટીદાર યુવતીએ ૧૩ જુલાઈના રોજ ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ૬ મહિનાથી દીકરીને હેરાન કરતા યુવકના પિતાને પણ જાણ કરી હતી. બે દિવસથી ખૂબ જ ડિપ્રેશનમાં હતી. બીજી તરફ આ મુદ્દે પાટીદાર અગ્રણીએ મુખ્યમંત્રીને લેટર લખ્યો છે. સોશિયલ મીડિયામાં આ પત્ર વાઈરલ થયો હતો, આને લીધે આ મુદ્દે ગરમાટો ફેલાયો છે.કતારગામ વિસ્તારમાં નાની વેડ ખાતે વિધિ પેલેસમાં ૧૯ વર્ષીય નેનુ રણજીતભાઈ વાવડીયા તેના પરિવાર સાથે રહેતી હતી. પિતા રણજીતભાઈ હીરાના કારખાનામાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેની દીકરી નેનુ પ્રાઈવેટ ટ્યુશન ક્લાસમાં નોકરી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી હતી.૧૩ જુલાઈના રવિવારની સાંજે નેનુ વાવડીયાએ ઘરના પંખા સાથે ફાંસો ખાઈ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાની જાણ પરિવારજનોને થતાં તાત્કાલિક દોડી આવ્યા હતા અને ફાંસો ખાધેલી હાલતમાંથી દીકરીને નીચે ઉતારી સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તપાસીને યુવતીને મૃત જાહેર કરી હતી. યુવતીના પિતાએ જણાવ્યું હતું કે, મારી દીકરીએ છ મહિના પહેલાં જ તેને હેરાન કરતા યુવક વિશે જણાવ્યું હતું. એ યુવકના પિતાને પણ મેં જાણ કરી હતી, ત્યારે પણ તેમણે મારી સાથે ઉદ્ધતાઈથી વાત કરી હતી. મારી દીકરી ક્લાસમાં છોકરાઓને ભણાવવા જતી હતી ત્યારે રસ્તામાં પણ તેને હેરાન કરવામાં આવતી હતી. એટલે મેં તેને ભણાવવાનું પણ બંધ કરીને ઘરે રહેવા માટે પણ જણાવ્યું હતું. આ મુદ્દે પાટીદાર ગણિત વિજય માંગુકિયાએ મુખ્યમંત્રીને ઉદ્દેશીને એક પત્રક લખ્યો છે, તેમાં યુવતીને બ્લેકમેલિંગ કરતા યુવક સામે આખરી કાર્યવાહીની માંગણી કરી છે. આ પત્ર સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

# ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ (PAC)એ ધોલેરા ઇન્ડસ્ટ્રિયલ સ્માર્ટ સિટીના વિવિધ પ્રોજેક્ટ્સની મુલાકાત લીધી

અમદાવાદ, તા.૧૬

ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ (PAC) એ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં ધોલેરા જીઁઈ ઈન્ડસ્ટ્રિયલ સ્માર્ટ સિટીના વિવિધ પ્રોજેક્ટ્સની મુલાકાત લીધી હતી. આ તકે ગુજરાત વિધાનસભાના ધારાસભ્યો અને સમિતિના સભ્યો શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, શ્રી નરેશભાઈ પટેલ, શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા, શ્રી સી. કે. રાઉલજી, શ્રી પ્રવિણભાઈ માળી, શ્રી અરવિંદભાઈ રાણા, શ્રી ડૉ. હસમુખભાઈ પટેલ અને શ્રી અમૂલભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા અને ધોલેરા-SIRના પ્રકલ્પો અંગે આનંદ વ્યક્ત કર્યો હતો. જાહેર હિસાબ સમિતિએ કાદીપુર ખાતે આવેલા ૫૦ MLD



વોટર એન્ડ વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ધોલેરામાં નિર્માણાધીન ટાટા સેમિકન્ડક્ટર પ્લાન્ટ સહિત એક્ટિવેશન સેન્ટર તેમજ અન્ય પ્રોજેક્ટ્સની રૂબરૂ મુલાકાત લઈ પ્લાન્ટ્સ અંગેની વિસ્તૃત માહિતી મેળવી હતી. આ મુલાકાત દરમિયાન સમિતિના અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જોયેલું સપનું આજે સાકાર થઈ રહ્યું છે, ત્યારે ખૂબ ખુશી થાય છે. અહીં થઈ રહેલાં વિકાસ કાર્યોને જોઈને વિશેષ આનંદ થાય છે તેમ જણાવી તેમણે ઉમેર્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વિશ્વનું સેમિકન્ડક્ટર હબ બનાવવાની નેમ લીધી છે. તેમના માર્ગદર્શનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં આ માટેની મજબૂત ઈકોસિસ્ટમ વિકસાવીને ગુજરાતને ભારતનું સેમિકન્ડક્ટર હબ બનાવવાની મુહિમ ઉપાડી છે, ત્યારે દેશનું સૌથી પહેલું સેમિકન્ડક્ટર યુનિટ ધોલેરામાં નિર્માણ પામી રહ્યું છે એ આપણા સૌ માટે આનંદ અને ગૌરવની બાબત છે. વધુમાં, તેમણે જણાવ્યું કે અમદાવાદ- ભાવનગર વચ્ચે ધોલેરા ખાતે વિશ્વનું સૌથી મોટું સ્માર્ટ સિટી નિર્માણ પામી રહ્યું છે. ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ, રોડ અને ભૂગર્ભ સુવિધાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ, ૩૦૦ મેગાવોટ સોલાર પાર્ક, WTP, STP, ABCD બિલ્ડિંગ, ICT ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે માળખાકીય સુવિધાઓનું નિર્માણ, ૨૦૦ બેડની મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ, ધોરણ ૧૨ સુધીની સ્કૂલ, ફાયર સ્ટેશન, રેસિડેન્શિયલ એન્ડ કોમર્શિયલ કોમ્પ્લેક્સ, રોકાણકારો માટે એકોમોડેશન, ટેન્ટ સિટી, કાફેટેરીયા, CETP, એક્સપ્રેસવેનું કામ પ્રગતિમાં છે.